

વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
ફેબ્રુઆરી - ૨૦૧૯
અંક : ૪૮૯



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


A NAVNEET product
SOME THINGS DRAW YOUR ATTENTION. MAKE SURE THESE THINGS ARE DRAWN.
The world is full of things that intrigue.
Capture them your way on Youva Drawing Book.
Each and every page of this book offers you the perfect surface to express yourself.
So what are you drawing today?
YOUVA
ART of being COOL
www.youvaworld.com

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# જ્ઞાન, માહિતી અને વિચારસમૃદ્ધિથી સભર તાજાં પુસ્તકો

### કુમારપાળ દેસાઈ લિખિત

**પરમનો સ્પર્શ** 250

કેટલીક આધ્યાત્મિક પ્રતિભાઓના જીવંત સંપર્કને પરિણામે આત્મસાત કરેલા અનુભવો અને ચિંતનનો અનેરો સંગમ આ પુસ્તકમાં છે. જીવનપ્રેરક વાતો ઉપરાંત ચેતનાના ઊર્ધ્વારોહણ માટેની ભરપૂર સામગ્રી આ પુસ્તકમાંથી મળે છે.

### રોહિત શાહ લિખિત

**(1) મિચ્છા મિ દુક્કડમ્ (જૈન ધર્મ વિષયક લેખો), (2) Kids અપગ્રેડ (બાળ-ઘતર માટે પૅરન્ટ્સને ગાઈડન્સ આપતા લેખો), (3) થોટ્સએપ (સાંપ્રત ચિંતનના લેખો), (4) ફેક-બૂક (રાજકારણ વિષયક લેખો), (5) ઍન્ટિ-વાયરસ (ધર્મના ક્ષેત્રે પ્રદૂષણના વાયરસથી અલર્ટ રહેવાનું ગાઈડન્સ આપતા લેખો)** દરેકના 50

વિવિધ વિષયો પર નિર્દંભ-નીડર ચિંતનની યાત્રા કરાવતાં આ પાંચ પુસ્તકો સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં છે.

### સ્વામી સચ્ચિદાનંદ લિખિત

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70

અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

### દર્શના ધોળકિયા લિખિત

**શ્વાસમાં વાગે શંખ** 225

ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

### કાંતિલાલ કાલાણી લિખિત

**યથાર્થતાની ઉપાસના** 100

યથાર્થની સમજણ દ્વારા તેની ઉપાસનાનો માર્ગ બતાવતું વાસ્તવલક્ષી પુસ્તક

### મૃદુલા મારફતિયા લિખિત

**છાંદોગ્ય ઉપનિષદ** 350

હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

### જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત

**ગુજરાતી કથાગીતો** 130

ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

### ડૉ. આશિષ ચોકસી લિખિત

**જીવન અને પોઝિટિવિટી** 60

નકારાત્મક ચિંતન જીવનને ડહોળી નાખે છે, હકારાત્મક ચિંતન જીવનની ગમે તેવી ગંભીર સમસ્યાનું પણ સમાધાન આપે છે. વિવિધ ઉદાહરણો સહિત વ્યક્તિત્વ-વિકાસનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

### ગોવિંદ શાહ લિખિત

**20 પ્રેરણાત્મક પ્રસંગો** 60

જીવનને સાચી દિશા બતાવે અને મૂંઝવણના તિમિરમાં માર્ગદર્શનનાં અજવાળાં બિછાવે તેવા આ જીવનપ્રેરક પ્રસંગો માત્ર વાંચવા જેવા જ નહિ, સમજવા જેવા પણ છે.

### પ્રતાપ ત્રિવેદી લિખિત

**ગાંધીજીની ગરિમા** 80

આ પુસ્તિકામાં ગાંધીજીના અઢાર પાવન પ્રસંગોનું સંવાદીકરણ (નાટ્ય-રૂપાંતર) છે.

### યશવંત મહેતા લિખિત

**ચીનની શ્રેષ્ઠ બાળવાર્તાઓ** 150

ભારતના પાડોશી દેશ ચીનની સંસ્કૃતિ, ધર્મપરંપરાઓ અને ત્યાંનાં કેટલાંક રીત-રિવાજો સહિતની સમગ્ર જીવનશૈલીનાં પ્રતિબિંબ ઝીલતી આ પુસ્તકની 23 બાળવાર્તાઓ સાવ અનોખી છે. આ વાર્તાઓ અનુવાદો રૂપે નહિ, પુનઃકથનો રૂપે રજૂ થઈ હોવાથી વધુ રસમય અને આસ્વાદ્ય બની છે.

### સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી

**'ગૂર્જર બાળકાવ્ય વૈભવ' શ્રેણી પુ. 10 દરેકના** 180

અત્યાર સુધીમાં પ્રકાશિત લગભગ 5000 જેટલાં વિવિધ રસ-રજૂઆતનાં બાળકાવ્યોમાંથી પસંદ કરેલાં 700 જેટલાં બાળકાવ્યોનાં આઠ પુસ્તકો ઉપરાંત જોડકણાં અને ઉખાણાંનાં એક-એક એમ કુલ દસ પુસ્તકોની આ શ્રેણી ગુજરાતી ભાષા વિસરતી જતી નવી પેઢી માટે અણમોલ ખજાનો બની રહેશે.

### ડૉ. આશિષ ચોકસી લિખિત

**પિતા : આત્મવિશ્વાસનો એવરેસ્ટ** 80

સંતાનના ઘડતર અને વિકાસમાં માતાનું જેટલું યોગદાન છે, એથી જરાય ઓછું યોગદાન પિતાનું નથી હોતું – આ વાત વિવિધ દૃષ્ટાંતો અને માર્મિક ચિંતન દ્વારા લેખકે સમજાવી છે.

### Writen by Dr. Ramesh Kapadia

**Who Needs Bypass Surgery ?** 100

હૃદયરોગ આજની ગંભીર સમસ્યા છે. ક્યારેક દર્દીને બાયપાસ કરાવવા માટે મજબૂર બનવું પડે છે. આવા સંજોગોમાં બાયપાસ કરાવવાની જરૂર ખરેખર કેવા પેશન્ટને હોય છે તેની પ્રશ્નોત્તરી સહિત રસપ્રદ માહિતી આપતું પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- કચ્છમાં દુષ્કાળની વિકટ સમસ્યા
  ચાર હજારથી વધુ અબોલ જીવોનું સ્થળાંતર ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સ્વપ્નદૃષ્ટા, યુગપુરુષ – શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ની વસમી વિદાય ........ ૯
- અતૂટ શ્રદ્ધા ........ ૧૦

**YOUTH CLUB**

- **Wonderful questions to read and answer** ........ ૧૧

**લેખ વિભાગ**

**કચ્છ**

- ગામડું ક્યાં છે? ........ **હીરાલાલ વી. ઊનડોઠવાલા** .... ૧૨
- ભુજમાં શિલ્પકલાયુક્ત – દેડકાવાવ ........ **ડૉ. મિહિર એમ. વોરા** .... ૧૩

**વિચારમંચ**

- આજના સમયમાં સર્જક અને સમાજનું પરસ્પર કર્તવ્ય શું? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૫

**માનવતા**

- સ્મૃતિ મંજૂષામાં સચવાયું... એક અણમોલ મોતી ........ **ડૉ. અલ્કા સુનિલ શાહ** .... ૧૭

**જીવનમંત્ર**

- જીવનની પ્રાથમિકતાઓ – **Priorities of Life** ........ **જાદવજી કાનજી વોરા** .... ૧૮
- પતંગ અને દોરી ........ **નીતિન એચ. સંઘવી** .... ૨૦
- આત્મહત્યા – શા માટે? ........ **મગનલાલ મોતીચંદ સંઘવી** .... ૨૧

**વ્યક્તિ વિશેષ**

- મુંબઈના સંનિષ્ઠ પત્રકાર : 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રી
  – સૈયદ અબ્દુલ્લા બ્રેલવી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૨
- સ્વ. પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર વિશે
  કેટલીક અવિસ્મરણીય હકીકતો ........ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૨૪

**આરોગ્ય**

- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર-૪ : લક્ષણો ...... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૨૬
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- **Know your Kidney** – કિડની વિશે જાણો ........ **ડૉ. જય વસાવડા** .... ૨૭

**વાર્તા**

- સૂકી પીપળને ફૂટી કૂંપણ... ........ **બલવીરસિંહ જાડેજા** .... ૨૮

**સફળતા**

- દરેક માણસ એની જીભની પાછળ છુપાયેલો હોય છે
  – જો એને સમજવો હોય તો એને બોલવા દો! ........ **ભોલાભાઈ ગોલીબાર** .... ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *Uparānt*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ધારાવાહિક નવલકથા

● છોરાંવછોઇ – (૨૮)
★ નાનબાઈને રતનની યાદ ★ રતન નાનબાઈને મળી
★ જ્યોતિકા નાનબાઈ માસીને મળી .......................... **હંસરાજ સાંખલા**.... ૩૩

## એક નજર

● ભારત : ઈતિહાસના સીમાસ્તંભ – ૧ (૨૦૦૬ સુધી) **રજૂઆત : દિનેશ આર. મહેતા**..... ૩૬

## લોક કથા

● "એ... હું નથી લેતો...!" .......................... **જયંતિ ધોકાઇ**.... ૩૯

## હાસ્ય લેખ

● પીપૂડી મૂકો.......................... **ડૉ. સુધીર ચી. મોદી**.... ૪૦

## વૈવિધ્ય

● આંજો કાગર .......................... ૪૧
● અન્ય સંસ્થાઓના સમાચાર .......................... ૪૨
● અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૪ ..... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**.... ૪૪
● હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ :
એ..એ..એ... કાપ્યો છે... .......................... **ભાવના એ. ઝવેરી**.... ૪૫
● જોક્સ જંકશન.......................... ૪૭

## મનોરમ્ય

● ઉત્તરાયણ (કાવ્ય) : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** ● વસંત કે નિયાંપો : **કચ્છી કવિ 'તેજ'**. ૪૮
● **Cuckoo is Waiting : Upadhyay Bhuvanchandra Maharaj 'Chinmay'**............... ૪૮
● કચ્છી હાઈકુ : **શ્રીમતી અરુણા અરુણ ઠક્કર** .......................... ૪૮
● સંબંધ, અમસ્તુ જ : **બીના પીયૂષ ભણસાળી** ● દીકરી... : **અજિત પરમાર**.......................... ૪૯
● કચ્છ જી કમાલ : **કમલાબેન અશ્વિન ચંદન 'કપીલા'** .......................... ૪૯

## નિયમિત વિભાગો

● બાલુડેં જયું ગાલિયું.......................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૫૦
● જ્ઞાન-ગમ્મત.......................... **સંકલન : શ્રીમતી કિરણબેન પી. ઠક્કર**.... ૫૧
● *Nano Nine* શબ્દ રમત-૧૪૯ .......................... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૩
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૬).......................... **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૫
● જાણવા જેવું.......................... **સંકલન : રજનીકાંત પારેખ**...... ૫૬
● માહિતી : કચ્છથી મુંબઈ / મુંબઈથી કચ્છ જતી રેલવેનું સમયપત્રક.......................... ૫૮
● વલોવતન .......................... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૫૯
● સમાજ દર્પણ .......................... ૬૧
● સંસ્થા સમાચાર .......................... ૬૨
● ઊડતી નજરે .......................... ૬૮

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# કચ્છમાં દુષ્કાળની વિકટ સમસ્યા

## ચાર હજારથી વધુ અબોલ જીવોનું સ્થળાંતર – સૌરાષ્ટ્ર વિસ્તારમાં આશ્રય

કચ્છમાં આ વર્ષે વરસાદ નથી તેથી ત્યાં દુષ્કાળની પરિસ્થિતિ છે. ત્યાંના પશુપાલકો પાસે આ પ્રકારની વિકટ સ્થિતિમાં પોતાના અબોલ જીવોનું જતન કરવા કાયમી કોઈ વ્યવસ્થા હાલે નથી. અછતની સ્થિતિનો સામનો કરવા તેઓએ ગુજરાત - સૌરાષ્ટ્રમાં આશરો લીધો છે. પોતાના માલસામાન ઢોરને લઈને રાજકોટના ન્યારા, રતનપર જેવા વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી સ્થળાંતર કર્યું છે. લગભગ ચાર હજારથી વધુ અબોલ પશુઓનો નિભાવ કરવા હાલે તેઓને ત્યાં સ્થિર થવું પડ્યું છે. **ઉપર આભ અને નીચે ધરની જેવી સ્થિતિમાં ભગવાન ઉપર ભરોસો રાખીને સૌરાષ્ટ્રના વિસ્તારમાં આશરો લીધો છે.** હકીકતમાં કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ આ વર્ષે અછતની સ્થિતિ છે. વિકાસના ફુલગુલાબી ચિત્ર વચ્ચે વાસ્તવિક સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. ગૌશાળા અને પાંજરાપોળમાં છેલ્લા કેટલાક મહિનાથી ઠંડીમાં અબોલ પશુઓ પૂરતા ઘાસચારા વિના ભૂખ્યા રહે છે. કેટલાક ગામડાંઓમાં પાણીની કાયમી તકલીફ હોવાથી પૂરતું પાણી મળતું નથી. ભૂખ અને તરસથી પીડાતા આ જીવોને લીલોચારો - સૂકો ઘાસચારો મળતો નથી. કચ્છમાં ગૌશાળા અને પાંજરાપોળોમાં ઘાસચારાના અભાવે પશુઓને રાખવા અને તેની માવજત કરવી તેવી સ્થિતિ ન હોવાના કારણે ત્યાંથી સ્વાભાવિકપણે પશુપાલકોએ પોતાના પશુઓ સાથે નાછુટકે સ્થળાંતર કર્યું છે.

રાજકોટ વિસ્તારમાં ન્યારા અને રતનપરમાં આશરો લઈ રહેલા કચ્છના પશુપાલકોની આર્થિક સ્થિતિ દયાજનક છે. અબોલ જીવોને જીવાડવા માટેનો ખર્ચ જ તેવા પશુપાલકોને પરવડે તેમ નથી. રાજ્ય સરકારે જાહેર કરેલી સબસીડીનો લાભ પણ તેમના સુધી પહોંચતો નથી. સરકાર તરફથી પશુઓ માટે કેમ્પ શરૂ કરવામાં આવે તો તેમાં આવા અબોલ જીવોને આશ્રય આપી શકાય. સવાલ એ છે, આ પ્રકારના કેમ્પ ક્યારે શરૂ થશે? તેવો પ્રશ્ન ઊભો થાય છે. **અછતગ્રસ્ત દુષ્કાળવાળા વિસ્તારમાં ઘાસચારો રાહતદરે આપવાની વાતો ઘણી થાય છે પરંતુ તેનું વિતરણ ક્યારે, ક્યાં અને કેવી રીતે થશે તે કહેવું મુશ્કેલ છે.** આ પ્રકારની જાહેરાતોથી પશુપાલક વર્ગ પણ નારાજ છે. આવી સ્થિતિમાં જીવદયા પ્રેમી લોકો અથવા તો મહાજન વર્ગ આગળ આવીને ગૌશાળા - પાંજરાપોળને શક્ય રીતે નિભાવવા પ્રયાસ કરતા હોય છે. ઉલ્લેખનીય છે કે, જ્યાં ગૌશાળા હોય છે ત્યાં ગાયના દૂધની આવક હોય છે તેમજ વિકલાંગ કહી શકાય તેવા અબોલ જીવોની સંખ્યા અલ્પ હોય છે. જ્યારે પાંજરાપોળમાં તે સંપૂર્ણપણે નિરાધાર, વૃદ્ધ ગાય-બળદ સહિતના પશુઓનો નિભાવ કરવાનો હોય છે. જે દુષ્કાળના સમયમાં તદ્દન મુશ્કેલકર્તા હોય છે. સામાન્ય રીતે અબોલ જીવોનો નિભાવ ખર્ચ પાંજરાપોળ દીઠ રૂપિયા દોઢ લાખ જેટલો દૈનિક થતો હોય છે. અછતના સમયે દક્ષિણ ગુજરાતમાંથી સૂકુ ઘાસ લાવવું પડે છે અને તે માટે સારી એવી માત્રામાં ટ્રાન્સપોર્ટ ખર્ચ ભોગવવો પડતો હોય છે. આ રીતે જોઈએ તો પશુઓને સાચવવાનું કપરું કામ કાયમી ધોરણે સરકારની મદદ વિના પાંજરાપોળ જેવી સંસ્થાઓ માત્ર લોક સહયોગથી કરતી હોય છે. **જીવદયા પ્રેમી લોકો - સંસ્થાઓ આ માટે ધન્યવાદને પાત્ર છે. કચ્છના અબોલ જીવોને બચાવી લેવા ઉદાર હાથે સૌએ શક્ય સહાય કરવાનું જરૂરી છે.** આ સિવાય ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ વિકટ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા સરકારી સ્તરે યોગ્ય કાર્યવાહી કરે એ પણ એટલું જ જરૂરી છે. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**ફેબ્રુઆરી માસ**

૧ જમનાદાસ બજાજ પુણ્યતિથિ
૨ તટરક્ષક દિન
૧૨ સર્વોદય દિન, ઉત્પાદકતા દિન
૧૪ વેલેન્ટાઇન ડે
૧૮ રામકૃષ્ણ પરમહંસ જન્મદિન
૨૧ માતૃભાષા દિન
૨૨ કસ્તુરબા ગાંધી પુણ્યતિથિ
૨૪ સેન્ટ્રલ એક્સાઇઝ દિન
૨૮ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન
૨૯ મોરારજી દેસાઇ જન્મદિન

## વિશ્વ : અગત્યના દિન

**ફેબ્રુઆરી માસ**

૪ વિશ્વ કેન્સર દિન
૧૪ વેલેન્ટાઇન ડે

### કચ્છને વર્લ્ડ હેરિટેજ કેમ જાહેર ન કરી શકાય?

*દક્ષિણ આફ્રિકામાં જ્યાંથી પ્રથમ માનવના અવશેષો મળ્યાં એ સ્થળ હવે વર્લ્ડ હેરિટેજ છે અને હજારો પ્રવાસીઓ એ ગુફા જોવા આવે છે. કચ્છ જિલ્લામાં જે રીતે અવશેષો મળી આવે છે એ બધા ભાગને વર્લ્ડ હેરિટેજ જાહેર કરવા માટે અરજી કરવી જોઈએ. કચ્છની ધરતીમાંથી પ્રથમવાર ભચાઉ-ભુજ વચ્ચે આવેલા દૂધઈ પાસેથી ૧.૧ કરોડ વર્ષ જૂના વાનર અવશેષ મળી આવ્યા છે. કચ્છની ધરતીમાં તો હજુ અનેક રહસ્યો ધરબાયેલા પડ્યા છે. પરંતુ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ પૂરતું સંશોધન જ નથી કર્યું. પુરાતત્ત્વ સંશોધન માટે અતિ મહત્ત્વની આ સંસ્થા પાસે પૂરતો સ્ટાફ નથી અને જે સ્ટાફ છે તે સ્મારકોની દેખરેખ રાખવામાં વ્યસ્ત છે. ધોળાવીરામાં ઘણા રહસ્યો દબાયા હોવા છતાં તેનું ખનન નથી થતું. એ રીતે ધોળાવીરાની જેટલી સાઈટ મળી આવી છે તેની પણ કાળજી લેવાતી નથી. વૈશ્વિક સ્તરે જો કચ્છનું ખમીર દર્શાવવું હોય તો કચ્છની ધરાને હેરિટેજ જાહેર કરવા માટે પ્રયાસો કરવા જોઈએ.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● મંગળવાર, તા. ૨૬-૨-૨૦૧૯<br>સવારે ૧૦.૪૫થી સાંજના ૭.૦૦ | અચલ પટેલ બાયોફાર્મ અને કનિકા ઓર્ગેનિક ફાર્મ્સ (ખેડા જિલ્લો) | મહિલા ઉત્કર્ષ સમિતિ | સ્વાસ્થ્ય માટે જાગૃત બહેનો માટે ઓર્ગેનિક (સજીવ) ફાર્મ્સની મુલાકાત કમ પિકનિક |
| ● શુક્રવાર, તા. ૧૫-૩-૨૦૧૯થી<br>શનિવાર, તા. ૧૬-૩-૨૦૧૯<br>સવારે ૦૮.૦૦ (૧૫-૩-૧૯)<br>રાત્રે ૧૨.૦૦ (૧૬-૩-૧૯) | સ્ટેચ્યુ ઑફ યુનિટી અને દહેજ - ઘોઘા ફેરી બોટની સફર | વયસ્ક સમિતિ | બે દિવસના પ્રવાસનું આયોજન. |
| ● દર મહિનાના બીજા રવિવારે<br>સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સ્વપ્નદૃષ્ટા, યુગપુરુષ

# શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ની વસમી વિદાય



**સ્વ. શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)**

*વ્યક્તિ પૃથ્વી પર જન્મ લે છે ત્યારે કેટલાક લક્ષણો તેની પાસે હોય છે. કેટલીક વ્યક્તિઓ આ પૃથ્વી પરથી વિદાય લે ત્યારે આ લક્ષણોને લાક્ષણિકતાઓમાં પલટાવી જાય છે. તેથી વ્યક્તિની કાયમી વિદાય પછી પણ તેની લાક્ષણિકતાઓ સૌના સ્મૃતિપટ પર અંકિત રહે છે. વ્યક્તિ લક્ષણ લઈને આવે પણ જે વ્યક્તિ 'લક્ષણ'ને 'લાક્ષણિકતા'માં પરિવર્તિત કરી જાય તે 'વ્યક્તિ વિશેષ' કહેવાય. જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે. કોઈ અમર નથી રહેતું. પરંતુ ઓચિંતુ મૃત્યુ થાય ત્યારે તે દુઃખદ ઘટના બને છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી, સ્વપ્નદૃષ્ટા તથા યુગપુરુષ શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા) આપણી વચ્ચેથી આમ અચાનક વિદાય લેશે તે સ્વપ્ને પણ ખ્યાલ ન હોય. ગુરુવાર, તા. ૧૦-૧-૨૦૧૯ના રોજ અમદાવાદમાં તેમના દુઃખદ અવસાનના સમાચાર પ્રસરતા સમગ્ર સમાજ પરિવારજનોએ એક તીવ્ર આઘાત અનુભવ્યો.*

*શ્રી હીરજી પાસુભાઈ શાહ પોતાની સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર સમાજના હૃદય સ્થાને આરૂઢ થઈ સમાજને પ્રવૃત્તિમય અને સંગઠિત રાખનાર તેમજ સમાજ બાંધવોના હૃદયમાં સમાજ સેવાની જ્યોત પ્રજ્જવલિત કરનાર એક નિમિત્ત હતા. તે માટે સમગ્ર સમાજ આપશ્રી પ્રત્યે ઋણાનુભાવ વ્યક્ત કરે છે. સમાજસેવાના બીજ આપનામાં જન્મથી જ રોપાયા હતા. અમદાવાદમાં સ્થાયી થતાંની સાથે જ આપે સામાજિક કાર્યોમાં જીવ પરોવી દીધો હતો. એ સમયે ચાલતા શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન મિત્ર મંડળથી શરૂ થયેલી આપની સેવાકીય સફર વિવિધ મુકામો પાર કરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ સુધી વિસ્તૃત થઈ હતી. વર્ષ ૧૯૮૫-૮૬માં શ્રી કચ્છી જૈન સમાજને શ્રી કચ્છી જૈન સેવા સમાજનું વર્તમાન સ્વરૂપ સાંપડ્યું ત્યાં સુધી આપે સતત ત્રણ વર્ષ સુધી એના પ્રમુખ તરીકે અજોડ સેવાઓ પ્રદાન કરી હતી. સમાજની પાયાની ઈંટ સમાન આપ આજીવન ભેખધારી લોકસેવક રહ્યાં. સૌ માટે સેવાક્ષેત્રની પ્રેરણામૂર્તિ બની રહ્યા હતા. વર્ષ ૧૯૮૫માં "સેવા ભવન"ની સ્થાપના, એ આપની જ દૃષ્ટિ! વર્તમાન પાલડી ખાતેની શ્રી કચ્છી જૈન ભવનના નિર્માણમાં પણ આપ જ પાયાના પથ્થર સમાન હતા. સમાજની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં આપ સદાય અગ્રેસર રહ્યા હતા.*

*સમાજના પરિવારજનોના ઘેર-ઘેર મુલાકાત લઈને તેમને શક્ય તમામ રીતે મદદકર્તા બનતા હતા. આથી આપની ઓળખ 'ચાલતા ફરતા એક આદર્શ સમાજ' તરીકે અને તેના 'કાયમી પ્રમુખ' તરીકે થઈ હતી.* ૮૯

વર્ષની જૈફ વયે અને શારીરિક મર્યાદાઓ વચ્ચે પણ આપે સમાજમાં પ્રતિદિન નિયમિત રીતે ઉપસ્થિત રહીને સમાજસેવાની જ્યોત છેલ્લી ઘડી સુધી અખંડ રાખી હતી, જે યુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે. આ રીતે આપ 'સમાજના મહામાનવ — સમાજરત્ન' હતા.

સમાજસેવાની સાથે સાથે અન્ય સમાજોના સામાજિક કાર્યમાં, કચ્છના પ્રશ્નોમાં આપ અગ્રસ્થાને હતા. નિરાધાર તથા જરૂરતમંદ વ્યક્તિઓ પ્રત્યે તેમજ જીવદયા - અહિંસા ક્ષેત્રમાં આપ તેના આશ્રય સ્થાન સમા રહ્યા હતા. 'મનુષ્ય હંમેશાં કર્મ દ્વારા જ મહાન બને છે... સંપત્તિ એ સાધન છે, સાધ્ય નથી...' સત્ય, પ્રેમ અને કરુણા એ જ તમારું જીવન હતું. આપના સંપૂર્ણ સેવાકીય કાર્યો અને ઉપલબ્ધિઓને અહીં સંપૂર્ણ રીતે સ્થાન આપી શકાય તેમ નથી. સમાજને દરેક પ્રસંગે આપની ખોટ સાલશે. આપનું નિઃસ્વાર્થ પરોપકારી જીવન, ધાર્મિક ભાવના, દરેક પ્રત્યેની અનહદ લાગણી, માયાળુ સ્વભાવ કોઈથી કદી ભૂલાશે નહીં. સમાજજનો માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરે છે.

ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તથા પરિવારજનોને આપની વિદાયના કારણે આઘાતને જીરવવાની શક્તિ બક્ષે એવી પ્રાર્થના...

સમાજસેવા અને પરમાર્થ માટેના સત્કાર્યોથી આપે આપનું જીવન સફળ બનાવ્યું છે.

શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ને વંદના... સમસ્ત સમાજની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**'મંગલ મંદિર' પરિવાર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**આલેખન : દિનેશ આર. મહેતા.**

## અતૂટ શ્રદ્ધા

— ભરત મકવાણા

જ્યારે શ્રદ્ધાનું જલસિંચન થાય છે
ત્યારે જ પરિશ્રમનું વૃક્ષ સારાં ફળ આપે છે.

★

જો ઈશ્વર તમને મુશ્કેલીની ટોચ પરથી ધક્કો મારે તો વિશ્વાસ રાખજો તેના પર.
કાં તો એ તમને પડતા ઝીલી લેશે કાં તો એ તમને ઉડતા શીખવી દેશે.

★

કઠોર પરિશ્રમ અને અતૂટ શ્રદ્ધા ઈશ્વર સાથે સેતુ સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

★

જિંદગીને સાર્થક રીતે જીવવી હોય તો શ્રદ્ધાનો કોઈ વિકલ્પ નથી.

★

*મને શ્રદ્ધા ભલેને હોય કે ઈશ્વર બધાનો છે*
*દુઆ એવી કરું છું જાણે મારો એકલાનો છે.*
— મરીઝ

★

*શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંજિલ ઉપર મને,*
*રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.*
— ગની દહીંવાળા

# YOUTH CLUB

## Wonderful Questions to Read and Answer

1. How many Malayalees have become the President of India?
2. How many States share the border with Kerala?
3. How many teaspoons make a table spoon?
4. How many Vedas are there in Hindu Mythology?
5. How many times did Mahatma Gandhi visit Kerala?
6. How many Contries have larger area than India?
7. What is the pH value of Water?
8. How many planets are there in the Solar System?
9. How many districts in Kerala have Coastlines?
10. How many Millimetres make a Centimetre?
11. How many players are there in a Football team?
12. How many inches make a feet?
13. How many legislative Assemblies have been elected so far in Kerala?
14. How many district panchayats are there in Kerala?
15. One time vehicle tax is valid for how many years?
16. How many feathers are there in a shuttle cock?
17. How many languages are printed in an Indian currency?
18. How many Chapters are there in Mahabharatha?
19. Which Commonwealth Games was hosted in India in 2010?
20. How many overs per team are there in T-20 Cricket?
21. How many years did Mahatma Gandhi spend in South Africa?
22. What is the position of Kerala in terms of area?
23. How many Chromosomes are there in the human body?
24. How many Spokes are there in an Ashoka Chakra?
25. What is the qualifying age for becoming a MLA?

***Don't panic. The question numbers are the answers..***

## શબ્દનો મહિમા

*એક અવિચારી શબ્દ સંઘર્ષ નોતરી શકે છે.*
*એક નિર્દય શબ્દ કોઈને હાનિ કરી શકે છે.*
*એક પ્રોત્સાહક શબ્દ કોઈનો દિવસ સુધારી શકે છે.*
*એક પ્રેરણામય શબ્દ આપી શકે અપાર શાંતિ!*

*એક ક્રૂર શબ્દ કોઈનું જીવન હરી શકે છે.*
*એક માયાળુ શબ્દ કોઈનું હૈયું ઠારી શકે છે.*
*એક સમયસરનો શબ્દ કોઈનું દુઃખ હરી શકે છે.*

કચ્છ

# ગામડું ક્યાં છે?

હીરાલાલ વી. ઊનડોઠવાલા

## ગાંધીજી કહેતા કે જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંસ્કાર, તંદુરસ્તી માણવી હોય તો ગામડાં ન તોડો

ઉપરોક્ત બાબતોમાં ઊંડા ઉતરીએ તો ખરેખર ગામડાંની આબાદીને ઉત્તેજન આપી વિકસાવવા જરૂરી છે. જેથી કરી ગામડાંની દિનચર્યા, રહેણીકરણી, જિંદગી જીવવાનો અહેસાસ થાય છે. શહેરોમાં બીમારીઓ, પ્રદૂષણ, પ્રજા, પૈસો, માનસિક તાણ વધતા જિંદગી ચિંતાજનક - કંટાળાજનક બની જાય છે. ગામડાંની જિંદગી એટલે પરોઢિયે બહેનો વહેલી ઉઠી વાંકીને વાસીંદુ કાઢે, પનઘટે ઉઘાડા પગે પાણી સીંચવા - ભરવા જાય, ઘમ્મર ઘંટીથી આટો દળે, વલોણું વલોવે, ખુલ્લા પગે ખેતરોમાં કામ કરે અને સૂરજનો તાપ લે એટલે બીમારીઓ નહિંવત્ અને જીવન તાજગીમય હતું. સવારના પહોરે ચા નહિંવત્ હતી અને શેઢકડું દૂધ, છાશ, માખણ, દહીં, બાજરાના રોટલા આરોગતા. બપોરના ઘર આંગણાના ટમેટાં, મરચાં, કોથમીર, મીઠો લીંબડો, ભીંડા, સરગવો, ગલકા, તુરિયા, ચીભડા, ડાંગર, ભાજીનો શાક, બાજરાના રોટલા, છાશ, કેરી, ગુંજા, બીજોરા, લીંબુ, મરચા જેવા અથાણાથી પેટ ભરતા. સાંજે વાળુમાં અથાણા વગેરે ખોરાક લેતા. દરેકના ઘર આંગણે ગાય-ભેંસો હોય એટલે દૂધ-ઘી-છાશની રેલમછેલ જ હતી.


કચ્છી નવું વર્ષ એટલે અષાઢી બીજ. તે દિવસે સ્કૂલોમાં રજા હોય. ખેડૂતોને બળદોના શિંગડા રંગી, ગુલાબથી છાંટણી કરી તેલ લગાવતા અને કપાસિયા ગોળ ખવડાવતા. **શેરીઓમાં ગોળ-ધાણા વહેંચણી કરતા. દરેક ઘરમાં તે દિવસે લાપસીના આંધણ થતા.** વરસાદ પડે એટલે જુવાર-બાજરી, મગ, અડદ, તલ, ગુવારની પેરણી થતી. ગામલોકો નદી, કૂવા, તળાવ અને ડેમ ઉપર કેટલું પાણી આવ્યું તે જોવા જતાં. છોકરાઓ તળાવની ચીકણી માટીથી રમકડાં બનાવતા. વીસેક દિવસ બાદ ડુંગરો, ખેતરો ઘાસથી છવાઈ જતા. જાણે નીલી ચાદર ઓઢી હોય, નાના મોટા ઝરણાં-વોકળા વહેતા હોય.

ચોમાસાની કચ્છની વનસ્પતિ ચનકચભડી, ચીભડા, ફળફોટા, ખીરોલા, ગનાં, ચોળા-મગની લીલી ફરી જે ગ્રુપમાં જઈ જંગલોમાં ચૂંટવા નીકળી પડે. શિયાળામાં બોરની મજા માણે. લીયાર, ગુંદા, કોઠિંબા પણ ખરા જ. ચોમાસુ પાક એટલે જુવાર - બાજરી, મગ, અડદ, ચોખા, તલ, ગુવાર વગેરેનો પાક વીણતા. દશેરા - દિવાળી ઉપર પાક તૈયાર થતાં અને ખળાવાડમાં ગાડાથી લઈ આવી અને બળદોથી હાલરી ફેરવી દાણા કાઢતા. છેલ્લે ગામના લોહાર, સુથાર, હજામ, મોચી, ગોવાળ જેવા **વર્ષની મજૂરી પેઠે માલ લઇ જતા કારણકે તે વખતે પૈસાનો વ્યવહાર ઓછો હતો. સૌ એક સંપથી રહેતા અને રખ-રખાણીથી હાકલ પડે કે કામ કરી આપતા. તે વખતે ખેતરમાં આખો દિવસ મજૂરી રૂા. ૨થી ૪ હતી.** ગોવારની લણણી નાંખ (ઝાકળ)માં થાય અને વહેલી પરોઢે ૪-૫ વાગે ખેતરે પહોંચી જવું પડતું અને ૧૦/૧૧ વાગ્યા પછી રજા મળતી. બાર વાગે માથા ઉપરથી વિમાન પસાર થાય એટલે ભતાર (જમવા) ઝાડ નીચે બેસી જાય તેવો નિયમ. દારૂ - જુગાર - પાન - ગુટકા નહિંવત્ પણ બીડી અને તપકીર (ભજર)નાં વ્યસન હતા. ગામમાં લાઈબ્રેરી હોય ત્યાં **'મુંબઈ સમાચાર' અને 'કચ્છમિત્ર' આવતા અને વંચાતા. તથા રમકડું, ગાંડીવ, બાળજીવન, નવજાત, ચક્રમ, ચાંદામામા, કુમાર, ઝગમગ, બીજ, સ્ત્રી જેવા અનેક સામયિકો વંચાતા.** રાત્રે કામ પરવારી મજૂરવર્ગ હાટડીએ આવતા. એક એક આનાનો સિંગતેલ, ઘાસતેલ, લસણ, ડુંગળી, લાલમરચા, બીડીપાન, તમાકુ, બાજર મુખ્ય ખરીદી કરી રાતનું વાળું બનાવતા. દિવાળી, ધનતેરસ, કાળીચૌદસ, નવરાત્રિ, દશેરા, ગોકળ અષ્ટમી ધામધૂમથી ઉજવાતા. દર શનિવારે હનુમાન જતા. દેરાસરમાં દર્શન કરવા જતા, શંકર મંદિરે જતા. **સવાર-સાંજ આરતીના ઘંટારવથી ગામ ગુંજતુ થઈ જાય અને ટાઈમની ખબર પડે. ઘડિયાળો ન હતી.** બસ રૂટો જવલ્લે જ હતા. ટપાલી ભાલા - ઘુઘરીવાળી લાઠીથી સજ્જ થઈ ટપાલ લઈ આવી વહેંચણી થતી અને ગામલોકો ટપાલની રાહ જોઈ રહેતા. મેળાઓના કચ્છી લોકો ભારે શોખીન. જખ્ખ બૌંતેરાનો, શીતળાનો, સોદેવ પીરનો, રવેચીનો — એવા ઘણાં મેળાઓ ઉનાળામાં ભરાય. જ્યાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)**

કચ્છ

# ભુજમાં શિલ્પકલાયુક્ત – દેડકાવાવ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આ વખતે કચ્છમાં દુષ્કાળનો કપરો માર છે ત્યારે આ લેખ એક ધ્યાન દોરે છે. આમાં જેનો સંદર્ભ લેવાનો છે તે લેખક પોતે જળ સંશોધન સંસ્થામાં ઈજનેર તરીકે કાર્યરત છે. એટલે એક સચોટ માહિતી છે. મેં તો માત્ર માહિતી આપી છે, જેનો સ્વીકાર કરીને આ બાબતે વિચારજો તેવી અપીલ છે.

ભુજ શહેરની સાંઇઠ વર્ષ પહેલાં પાણી અંગેની વ્યવસ્થા કેવી હતી? ઘરમાં પાણીનો કુવો હોય તેને એક ફૂટ ખોદીને ઊંડો ઉતારતા. આ કાર્ય વૈશાખ મહિનામાં થતું હતું. વરસાદ બાદ પાણી કૂવામાં ચડી આવે એટલે વર્ષભર લોકો કૂવામાંથી પાણી સિંચીને ભરતા હતા. ઉનાળામાં ધૂળિયા રસ્તા ઉપર ઠંડક રહે એ માટે રસ્તાની સફાઈ બાદ તેના ઉપર પાણી છાંટવામાં આવતું હતું. કહેવાનો અર્થ એ થયો કે એ સમયે લોકો પાણી બાબતે પગભર હતા.... અને આજે...?

ભુજ શહેરની સ્થાપના થઇ એ પછી અનેક કૂવા, તળાવ, વોકળા જીવંત હતા અને તેની પાછળ ઇતિહાસ ધરબાયેલો પડેલો હોવાથી તેના ખાસ નામ પણ હતા. ભુજમાં કોન્ક્રિટ જંગલ ઊભું થતું ગયું તેમ આવા નામો ભૂલાતા ગયા. પહેલાના સમયમાં મંદિર, મસ્જિદ, ઘરો અને ફળિયામાં કૂવા હતા. ભુજ શહેરના કોટ વિસ્તારની વાત લઇએ તો અત્યારે અંદાજે ૧૬૦થી ૨૦૦ જેટલા કૂવા છે કે જેની સફાઈ કરવામાં આવે તો નર્મદાના નીર ઉપર આધાર રાખવો પડે નહીં. આજે આપણે ત્રણ કે ચાર દિવસે પાણી મળે એવી ગુલામી વેઠવા માટે તૈયાર છીએ પણ પાણી બાબતે પગભર થવા તૈયાર નથી.

ભુજ શહેરમાં અનેક સુવિખ્યાત શિલ્પી વાવ છે. તેમાં દેડકાવાવ અદ્‌ભુત છે. આ વાવમાં મોટી સંખ્યામાં દેડકા અને કાચબા રહેતા હોવાથી પાણી એકદમ નિર્મળ અને સ્વચ્છ રહેતું હતું. **પાણી એટલું ચોખ્ખું રહેતું, કે વાવના તળિયે પડેલો ચલણી સિક્કો પણ સ્પષ્ટ જોઈ શકાય!** આ વાવ પાસે પશુઓને પાણી પીવા માટે અવેડાની વ્યવસ્થા હતી અને માણસોને પાણી પીવા માટે 'જેઠાબાપા'એ પાણીની પરબ બંધાવી આપી હતી.

આ વાવનું પાણી પીવાથી ક્ષયના રોગમાં રાહત થતી હતી. આવી આ અદ્‌ભુત વાવની હાલત આજે સાવ બદતર થઈ ગઇ છે. વર્ષોથી આ વાવને સાફ કરવામાં આવેલી નથી. પાણી દુર્ગંધ મારે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની મૂર્તિ પાસે આવી ગંદકી?

સાંઘી કંપનીએ વડીલોના વિશ્રામ માટે નજરબાગની જગ્યાએ સાંઘી દાદા-દાદી પાર્કનું આયોજન કર્યું. વડીલો ચોખ્ખી હવા માટે આ પાર્કમાં આવે છે પણ વાવના પાણીની દુર્ગંધથી શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. આજે આ વાવ પાસે કોઈ આરામ કે વિશ્રામ લેવાની ઈચ્છા કરતું નથી. ભુજના નૂતન સ્વામિનારાયણ મંદિર દ્વારા આ વાવ પાસે તેનું નામ દર્શાવતું બોર્ડ લગાવવામાં આવ્યું છે. પ્રભુની પ્રસાદી તરીકે આ વાવને સ્વીકારવામાં આવેલી છે. આ વાવને સ્વચ્છ બનાવવી એ મંદિર માટે બહુ કોઈ મોટી વાત નથી. જો કે આ વાવને સાફ કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવી હતી પણ પછી એ વાતનું સૂરસૂરિયું થઈ ગયું. નગરપાલિકાએ આ વાવને સાફ કરવાની જવાબદારી તો ઉપાડી પણ પછી જવાબદારી પૂર્ણ કરી નથી. વાવના તળિયામાંથી ૧થી ૨ ફૂટ જેટલો કાદવ કાઢવાનો બાકી છે. જો આ કાદવ સાફ થઈ જાય તો આ વાવ હમીરસરની પાસે હોવાથી તેમાં પાણી ચડી આવે અને આસપાસના વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા થઈ શકે!

આપણે આપણા ઘર, આંગણાને સ્વચ્છ રાખવામાં કોઈ કચાશ રાખતા નથી અને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાને પણ અસ્વચ્છ રાખવામાં કોઈ કચાશ રાખતા નથી. અફસોસ તો એ વાતનો થાય છે કે, જાહેર જળાશયો પાસે કચરાપેટી અને "અહીં ગંદકી કરવી નહીં" જેવા બોર્ડ મારેલા હોય તો પણ લોકો ગંદકી કરતા ખચકાતા નથી. દર વર્ષે હમીરસર તળાવ પાસે કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. તેમાં અલગ અલગ ફ્લોટ ઉપર અનેક કાર્યક્રમ ગોઠવવામાં આવે છે અને શ્રેષ્ઠ કાર્યક્રમને પુરસ્કાર આપવામાં આવે છે. આજે લોકોમાં માણસાઈ મરી ગઈ છે. એક યંત્રવત્ જીવન સિવાય તેના જીવનમાં બીજા કશાનું મહત્ત્વ નથી અને જો હોય તો તે શું દેડકા વાવ કે હમીરસર જેવા જળાશયોને ગંદા થવા દે...?!

ભુજ શહેરમાં પાણીનું વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય?

એ માટે આપણો દૃષ્ટિકોણ શું હોઈ શકે? પરંપરાગત જળાસ્રોતોના રક્ષણ અને વ્યવસ્થાપન અંગેની પોલિસી શું હોઈ શકે? આ બાબતે કહી શકાય કે, ભુજનો ઇતિહાસ ૪૫૦ વર્ષ જૂનો છે. આજે ભુજ શહેરની વસતિ આશરે ૨,૬૦,૦૦૦ની છે. ભુજ શહેરમાં આવેલા હમીરસર તળાવની રચના જે તે સમયે રાજવીઓએ એવી રીતે કરેલી હતી કે ભુજ શહેરની વસતિ ભવિષ્યમાં વધે તો પણ પાણીની અછત ન રહે! હમીરસરનો કુલ આવક્ષેત્ર ૪૦ ચો.કિ.મી. છે જેના માટે ૨૯થી ૩૦ ઇંચ વરસાદની જરૂર પડે. પણ એ સમયના ઇજનેરી કૌશલ્ય દ્વારા ફક્ત ૬થી ૭ ઇંચ વરસાદમાં જ હમીરસર તળાવ છલકાઈ જાય એવી રીતે આવક્ષેત્રની રચના કરવામાં આવેલી છે. હમીરસરના આવક્ષેત્રમાં અનેક તળાવો આવેલા છે જે ઊંડા છે અને હમીરસર તરફ આવતાં આવા તળાવો છીછરા છે જે ઝડપથી વરસાદી પાણીને જમીનમાં રિચાર્જ કરે છે. ભુજ શહેરની પાણીની જરૂરિયાતની વાત કરીએ તો પ્રતિદિન ૧૪૦ લીટર / માનવ છે. ભુજ શહેરની હાલની વસતિ પ્રમાણે એક દિવસની જરૂરિયાત ૨૪.૩૦ એમ.એલ.ડી. થાય. આ જરૂરિયાતમાંથી ૧૭.૫૦ એમ.એલ.ડી. પાણી ભુજ શહેરને કૂવા અને બોરવેલ દ્વારા મળે છે. લગભગ ૮૦% જેટલી જરૂરિયાત તો ભૂગર્ભસ્રોતો દ્વારા જ મળી રહે છે. જે દર્શાવે છે કે, હજુ પણ વધારે યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવામાં આવે તો બાકીની ૨૦% જરૂરિયાતને પણ આવા જ સ્રોતો દ્વારા પૂરી કરી શકાય. આજે આપણે આપણા પરંપરાગત દીર્ઘદૃષ્ટિથી આયોજિત કરાયેલા સ્રોતો તરફ આંખ આડા કાન કરીએ છીએ. શહેરના કેટલાય કૂવાઓ અને તળાવો આજે નામશેષ થઈ ગયા છે. ભૂગર્ભજળને ઉલેચવાની પ્રક્રિયામાં વધારો થયો છે અને તેનું વ્યવસ્થાપન કરવાની પ્રક્રિયામાં ઘટાડો થયો છે. **જ્ઞાન અને સંવેદનાની લાગણી નવી પેઢીમાં ઘટી રહી છે, જેને જાગૃત કરવાની જરૂર છે.** આજની પાણીની પરિસ્થિતિને થાળે પાડવા માટે તળાવોને ફરી પુનર્જિવિત કરવા જોઈએ. વિકેન્દ્રિત પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વરસાદી પાણીના સંગ્રહની પ્રવૃત્તિને વેગ મળવો જોઈએ. આ ઉપરાંત જે વપરાયેલું પાણી છે તેને જોઈએ.

છેલ્લા કેટલાક સમયથી હમીરસરવી જે આવક્ષેત્ર ૪૦ ચો.કિ.મી. હતું તે ફક્ત ૬ ચો.કિ.મી. થઈ ગયું હતું. વિવિધ સંસ્થાઓ અને નગરપાલિકાના સહયોગથી આ આવક્ષેત્ર આજે ૨૨ ચો.કિ.મી. જેટલું સ્પષ્ટ જોઈ શકાય છે. તળાવોના આવા આવક્ષેત્રોનું ડીમાર્કેશન કરવું જરૂરી છે. જેથી પરંપરાગત જળસ્રોતોનું મહત્ત્વ જળવાઈ રહે. જોકે આજે શહેરની અંદર આવી આવક્ષેત્રની લગભગ ૩૦ કિ.મી.ની ચેનલોનો ઉપયોગ 'ડમ્પિંગ યાર્ડ' તરીકે થાય છે તે બંધ થવું જરૂરી છે. હમીરસરની આવ વિવિધ વિસ્તારોમાંથી આવે છે અને આ વિસ્તારો વિવિધ સરકારી ખાતા હસ્તક છે. આ બધી આવક્ષેત્રના વિકાસ માટે એકસૂત્રતા જરૂરી છે. આ માટે એક ઓથોરીટી બનાવવી પણ એટલી જ અગત્યની છે. આવક્ષેત્રના વિકાસ બાબતે વિવિધ સરકારી ખાતાઓમાં કોમ્યુનિકેશન ગેપ છે. આ ગેપને દૂર કરવા માટે એક સંસ્થાકીય માળખું બનવું જરૂરી છે. એક વિસ્તારની કામગીરીને બીજા વિસ્તાર સાથે સંકલિત કરવાથી ભુજ શહેર જળ અને જળસ્રોત વિકાસના સંદર્ભમાં સ્વાવલંબન મેળવી શકે એ બાબતમાં શંકાને કોઈ સ્થાન નથી.

*સંદર્ભ : વિનીત કુંભારાણાના વિવિધ કચ્છ વિશેના લેખો આધારિત સર્વે*

## ગામડું ક્યાં છે?

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

બળદગાડા, ઘોડા, ઊંટની દોડ થતી અને બખ્ખ (કુસ્તી) થતી. વિજેતાઓને ઇનામો અપાતા. બળદોને ગોળ ખવડાવતા. **રાત્રે ભજનો થતા. ખુલ્લા મેદાનમાં હાર્મોનિયમ, તબલા, તંબુરો, કુંજી, કરતાલથી આખી રાત અને સવારના પ્રભાતિયાથી પૂરા થતા.**

ગામડાંનું લગ્નજીવન પણ માણવા - જાણવા જેવું હતું. લગ્ન ઘરે તમામ સગાવહાલા ૭-૮ દિવસ ભેગા થતાં અને જમણવાર, ફુલીકો, વરઘોડો, કંઠીપૂજન, ગીત-ગાયન-ચોરી-ફટાણા વગેરેમાં ભાગ લેતા. લબલબતો શીરો, ભજિયા, અથાણું ખાસ અને ચુરમો, મોહનથાળ, સાટ-ગગન, દૂધપાક, ઢોકળા, દાળ-ભાત-છાશ પાપડ મુખ્ય હતા. જાનમાં બળદગાડા જોડાતા અને સારી રેસવાળા ગાડામાં (ગોટ વરરાજા), કસલીવાળી અને બે-ત્રણ બહેનો બેસતી. રંગબેરંગી માફાથી ગાડા અને બળદોને શણગારે. પછી ગામ છોડે એટલે બળદગાડાની ટારાટારી (રેસ) થાય અને વિજેતાને સાફો બાંધે. બળદોને ઘી-ગોળ-કપાસિયા ખાવા આપે. વરરાજા તિલક કલગીવાળો સાફો, ૫૬" ડગલો (શેરવાજા), ખોબામાં નાળિયેર, ખભે તલવાર, પગે મોજડીથી ધુબાકાથી છાતી કાઢી એક દિનનો બાદશાહ બની આનંદ - મજા માણે. બહેનો ગળું ફાટી જાય ત્યાં સુધી ગીત-ફટાણા ગાઈ આનંદથી મજા - મશ્કરી માણે.

**ગ્રામજીવનની જીવન ઝલક માણવી હોય તો 'મધર ઇન્ડિયા' પિક્ચર જોશો તો આનંદથી ઝુમી ઉઠશો.** ગામઠી રમતો, તાળાકુંજી, ઓલિયો-તોલીઓ, ગિલ્લીદંડા (અટાઅટી), ભરાંઠડી, ઢેરૂડી (ગોટીઓ), પતંગ, ભમરડા વગેરે કચ્છની સંસ્કૃતિ, લોકજીવન હેત, હૈયુ ને હુંભ તથા શૂરા, સંતો, મહંતો, લડવૈયા, આહૂતિ આપનાર સતીઓ, દાતા-દિલેર, મર્દાનગીનો જોટો દુનિયામાં મળશે નહીં.

*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

વિચાર મંચ

# આજના સમયમાં સર્જક અને સમાજનું પરસ્પર કર્તવ્ય શું?



ડૉ. યાસીન દલાલ

દરેક દેશમાં સર્જક અને ચિત્રકાર અથવા શિલ્પી અથવા ફિલ્મકાર રહેતા હોય છે. સાહિત્યકાર મોટેભાગે સમાજ સાથે જોડાયેલો રહે અથવા અળગો પણ રહે. આપણા દેશમાં અને ખાસ તો ગુજરાતીમાં સર્જકો જીવાતા જીવનથી અળગા રહેવાનું પસંદ કરે છે. ગુજરાતમાં ૨૦૦૨માં ભીષણ રમખાણો થયા એ વિશે ભાગ્યે જ કોઈ સાહિત્યકારે કલમ ચલાવી છે. જો કે નરોત્તમ પલાણે **'હુ હુ' નામની નવલકથા** લખી હતી પણ એ સિવાય ભાગ્યે જ કોઈએ જીવાતા જીવન ઉપર કલમ ચલાવી છે. **શ્રી ભગવતીકુમાર શર્મા**એ પણ જીવાતા જીવન ઉપર ક્યારેક લખ્યું છે.

સર્જક સંવેદનશીલ હોય છે એનો મોટામાં મોટો દાખલો **અંગ્રેજી કવિ કીટ્સ**નો છે. એને કેટલાક કડક વિવેચકોએ એટલો બધો ઉતારી પાડ્યો કે ૨૬ વરસની યુવાનવયે એનું અવસાન થયું. આપણા **ઊર્મિ કવિ કલાપી**નું પણ ૨૬ વરસની ઉંમરે અવસાન થઈ ગયું. એમનું અવસાન પણ રહસ્યમય છે. જાણીતા ફિલ્મસર્જક અને 'પ્યાસા' જેવી અમર કૃતિ બનાવનાર **ગુરુદત્તે** પણ ૩૯ વરસની ઉંમરે આપઘાત કરી લીધો. ગુરુદત્ત પ્રકૃતિથી અત્યંત સંવેદનશીલ હતાં. વિદેશની વાત કરીએ તો નોબેલ પ્રાઈઝ વિનર **અર્નેસ્ટ હેમિંગ્વે**એ પણ આપઘાત કર્યો હતો. એ કહેતા કે દુનિયામાં વેદના અને ત્રાસ સિવાય કશું જ નથી. કોઈ બાળક મરી જાય તો પણ કહેતા કે એ બાળક નસીબદાર ગણાય કે આ ક્રૂર દુનિયાને જોવામાંથી બચી ગયો. આવા અનેક લેખકોના દાખલા ઈતિહાસમાં મળી આવે કે જેઓ ખૂબ કીર્તિ અને ખૂબ ધન કમાવા છતાં નિરાશ હતાં. દુનિયાની મહાન ફિલ્મો પણ આવી જ નિરાશા વ્યક્ત કરે છે. **'મધર ઈન્ડિયા'** હોય કે **'દો બીઘા જમીન'** હોય કે પછી **'બાયસિકલ થીપુ'** હોય બધામાં વેદના અને નિરાશા એ કોમન મિનિમમ અવયવ હોય છે. આપણે ત્યાં ગાંધી યુગમાં ગરીબો પ્રત્યે સહાનુભૂતિની કવિતાઓ રચાઈ હતી. **ઉમાશંકરે** કહ્યું હતું કે 'ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે. ખંડેરની ભસ્મકણી ન લાદશે.'

અંગ્રેજીમાં **'વુધરીંગ હાઈટ્સ'** નામની નવલકથા લખનાર **એમિલી બ્રોન્ટી** માત્ર ૨૬ વરસની ઉંમરે ગુજરી ગઈ. બ્રોન્ટી કુલ ત્રણ બહેનોમાંની એક હતી. એમનો ભાઈ એ લોકોને ખૂબ ત્રાસ આપતો હતો. જાણીતા ફિલ્મ અભિનેતા **દિલીપકુમાર**ને આ વાર્તા ખૂબ ગમી ગઈ. એના ઉપરથી નિર્માતા કારદારે **'દિલ દિયા દર્દ લીયા'** નામની ફિલ્મ બનાવી. જો કે આ પહેલા પણ દિલીપકુમારના અભિનયવાળી **'હલચલ'** અને **'આરઝુ'**માં આ જ વાર્તા હતી. મૂળ વાર્તાનો હીરો હિથ ક્લીપ છે જે એક દત્તક લીધેલો પુત્ર છે. એના કુટુંબમાં એને બહુ ત્રાસ વેઠવો પડે છે. એ ઘરેથી ભાગી જાય છે અને નક્કી કરે છે કે બહારથી પૈસો કમાવીને હું લાવીશ અને બદલો લઈશ. એમ જ થાય છે અને એ બદલો લે છે. આ ફિલ્મમાં દિલીપકુમારે ઉત્તમ અભિનય કર્યો છે પણ ભારતીય પ્રેક્ષકો નાયક બદલો લે, એ વાતને સ્વીકારી શક્યા નહીં.

બ્રિટીશ લેખિકા **વર્જીનીયા વુલ્ફ** પણ નિરાશાથી પીડાતા હતા અને એમણે પણ આપઘાત કર્યો હતો. જર્મન વાર્તાકાર **ફ્રાંસ કાફ્કા** ૪૦ વરસની ઉંમરે મરી ગયા. એમનો વ્યવસાય વીમા એજન્ટનો હતો. બાકીના સમયમાં તેઓ લખતા હતા પણ હયાતીમાં એમણે એકપણ લખાણ છપાવ્યું નહીં. તેઓ ઈચ્છતા કે તેઓ મરી જાય પછી એમની બધી કૃતિઓ બાળી નાખવામાં આવે પણ એક અંગત મિત્રે તેમની આ ઈચ્છા પૂરી ન કરી અને એમના લેખો છપાયા અને તેઓ બહુ મશહૂર થયા.

અત્યારે ગુજરાતી ભાષામાં કેટલાક વિવેચકો અત્યંત કડક છે. તેઓ સર્જકની વેદનાને સમજી શકતા નથી અને સુથારની જેમ હાથમાં આવેલી કૃતિને છોલી નાંખે છે. પરિણામે પેલો લેખક હતાશ થઈ જાય છે. ખરેખર તો લેખકે આવી હતાશામાંથી બહાર નીકળી જવું જોઈએ. સાચી વાત એ છે કે લેખક કૃતિ લખે એ પછી એની માલિકી સમાજની થઈ જાય છે. કોઈ સમાજ કૃતિના વખાણ કરે કે કોઈ સમજ્યા વિના એની ટીકા પણ કરે. લેખકે આવો માલિકીભાવ રાખ્યા વિના તટસ્થ બનવું જોઈએ. ઈતિહાસમાં એવા પણ દાખલા છે કે કોઈ લેખક જીવતો હોય તો એને સતત અન્યાય જ થાય. **રવિન્દ્રનાથ ટાગોર** આવા જ એક લેખક હતા. યુવાન વયે સંખ્યાબંધ કૃતિઓ સામયિકોને મોકલી એ બધાએ એને નકારી કાઢી. અંતે એમણે એક તુક્કો લગાવ્યો. એમણે એમ જાહેર કર્યું કે આ બધી કૃતિઓ એક મૃત લેખકની છે. તરત જ ધડાધડ એ બધી કૃતિઓ છપાઈ ગઈ. આ પછી એમણે જાહેર કર્યું કે એ લેખક મરી ગયો નથી પણ જીવતો છે અને એ હું જ છું. આ જ વાત ગુરુદત્તના 'પ્યાસા'માં સારી રીતે કહેવાઈ છે. **વિજયની કૃતિઓ કોઈ અખબારમાં લેવાતી નથી.** અંતે શિયાળાની કડકડતી ઠંડીમાં એક પુલ પાસેથી એ પસાર

થાય છે અને ઠંડીમાં ધ્રુજતા ભિખારીને પોતાનો કોટ આપી દે છે. ટ્રેન અકસ્માતમાં એ ભિખારી મરી જાય છે અને ખિસ્સામાંથી મળેલી ડાયરીનાં આધારે લોકો એમ માને છે કે વિજય નામનો કવિ માર્યો ગયો. તરત જ એ રાતોરાત પ્રખ્યાત થઈ જાય છે અને એને શ્રદ્ધાંજલિ આપવા એક સભા યોજાય છે જેમાં એ ગીત ગાય છે **'દુનિયા અગર મિલ ભી જાયે તો ક્યા હૈ...'**

સર્જકની કોઈ પણ અસંવેદનશીલ સમાજ કેવી હાલત કરે છે એનું સુંદર વર્ણન જર્મન પુસ્તક **'એનિમી ઓફ ધી પીપલ'**માં જોવા મળે છે. આ એક ડૉક્ટરની વાત છે જે સાબિત કરે છે કે ગામનાં ઝરણામાં જે પાણી મળે છે તે રોગ મટાડતું નથી પણ રોગ વધારે છે. ગામના મેયર આ ડૉક્ટરના સગાભાઈ છે. એને આ વાત ગમતી નથી. ઝરણા ઉપર તો ગામની આવકનો આધાર છે. એટલે મેયર કાવત્રા કરીને ડૉક્ટર વિરુધ્ધ પ્રચાર કરે છે. ડૉક્ટર એક જાહેરસભા બોલાવે છે એમાં મેયરના માણસો ઘૂસી જાય છે. ડૉક્ટર બોલે છે ત્યારે એનો હુરિયો બોલાવાય છે અને 'આ તો આપણો દુશ્મન છે' એમ કહીને પથ્થર ફેંકવામાં આવે છે. ડૉક્ટર નિરાશ થઈને ગામ છોડી દે છે. આ જ વાર્તા ઉપરથી **સત્યજીત રાયે 'ગણશત્રુ'** નામની ફિલ્મ પણ બનાવેલી.

આપણા દેશમાં સર્જકો પ્રત્યે કેવો વર્તાવ થાય છે એ જાણવા જેવું છે. દિલ્હીમાં **ગાલીબ**ની કબર હતી ત્યાં અત્યારે કોલસાની વખાર થઈ છે. નડિયાદમાં **મણિલાલ નભુભાઈ**નું ઘર હતું ત્યાં ટ્યુશન ક્લાસ ચાલે છે. **ધૂમકેતુ**એ આ જ વિષય ઉપર એક વાર્તા પણ લખી છે. મણિલાલ નભુભાઈની આત્મકથા એમના અવસાનના થોડા વરસ પછી **ધીરુભાઈ ઠાકરે** બહાર પાડેલી. ખરેખર **મણિલાલ**ની ડાયરી હતી. ગુજરાતીમાં **ગાંધીજીની આત્મકથા** પ્રખ્યાત છે અને એ અનેક ભાષાઓમાં અનુવાદિત પણ થઈ છે.

દરેક સાહિત્યકાર, દરેક સર્જક પોતાન સમાજ, પોતાના રાજ્યોનો એક અંગભૂત હિસ્સો હોય છે. એનો સમાજ સાથેનો સંબંધ બે સ્તરે ચાલે છે. એક તો વ્યક્તિગત ધોરણે અને બીજો એક સાહિત્યકાર તરીકેનો. ફૈઝે કહ્યું છે તેમ, એણે આ બંને જવાબદારી બરાબર નિભાવવાની હોય છે. સાહિત્યકાર તરીકેની એની ફરજ વિશેષ ગંભીર છે. અલબત્ત, આ બંને ફરજો એકબીજાથી જુદી નથી, તેમ વિરોધી નથી, પણ પૂરક છે.

વિશ્વના ઘણા લેખકોએ વિશ્વની ચિંતા કરવાનું તો દૂર રહ્યું, પણ એના અસ્તિત્વને સમૂળગું નકારી કાઢ્યું છે અને પોતાના અલગ જ વિશ્વમાં રમવાનું પસંદ કર્યું છે. બીજી તરફ સંખ્યાબંધ સર્જકોએ સમાજના નાના મોટા પરિવર્તનોમાં સક્રિય ભાગ લીધો છે. **આંદ્રે માલરો**એ ચીનના યુદ્ધમાં ભાગ લીધેલો અને બાંગ્લાદેશના આઝાદી યુદ્ધ વખતે પણ હાથમાં બંદુક પકડવાની ઈચ્છા દર્શાવેલી. આ સાહિત્યકારની તદ્દન સામા છેડાની પ્રક્રિયા છે. કેટલાક સર્જકો સમાજના વિઘટનમાં જ રસ લે છે, અરાજકતાવાદ કે નક્સલવાદ જેવા અંતિમવાદી પરિબળોને ટેકો જાહેર કરે છે. બીજી તરફ લેખકોનું એક જૂથ એમ માનતું આવ્યું છે કે સર્જકે માત્ર **'સત્યમ્ શિવમ્ અને સુંદરમ્'**નું જ ચિત્રણ કરવું જોઈએ અને એનો સમાજ પ્રત્યેનો અભિપ્રાય સૌંદર્યલક્ષી હોવો જોઈએ.

સાહિત્યકાર પોતાની રચનાઓમાં સમાજનું માત્ર વર્ણન કરતો નથી પણ એનું અર્થઘટન પણ કરે છે. આ અર્થમાં એ સમાજની સાથે સંકળાઈ જ જાય છે. સમાજથી અલગ વ્યક્તિ એનું અર્થઘટન કરી શકે નહીં, કરવાનો એનો અધિકાર પણ નથી એની અનુભૂતિમાં ક્યારેક ભાવના પણ મળે છે. **ચાર્લ્સ ડિકન્સ**ની કૃતિઓમાં આવી ભાવના પ્રધાનતા જોવા મળશે. **હેરિયર બીચર સ્ટોવે**ની કૃતિ **'અંકલ ટોમ્સ કેબીન'**એ અમેરિકામાં હબસી તરફી આંદોલનને કેટલી મદદ કરેલી એ સુખ્યાત છે. સર્જક પોતાની અનુભૂતિની પ્રક્રિયામાં ઘટનાઓનું વિશ્લેષણ પણ કરે છે, અને એ પક્ષે આંકડાઓ સત્ય ઘટનાઓની પણ મદદ લે છે. વિશ્વના ચેતન અને અચેતન પદાર્થોનું એ સંયોજન કરી બતાવે છે. સર્જક પોતાના વ્યક્તિત્વના વર્તુળમાં ઘેરાયેલો રહેતો હોય છે. પણ કેટલાક સર્જકો એમાંથી બહાર નીકળીને સામાજિક વર્તુળ અથવા સમગ્ર માનવીય વર્તુળમાં પ્રવેશ કરે છે. સર્જકની ફરજ જેટલી ઊંચી, તેટલું એનું વર્તુળ પણ ઊંચું. દરેક વર્તુળ એના માનસમાં તરંગો પેદા કરે છે અને એમાંથી સુખ-દુ:ખ, રતિ-વિરક્તિ, રાગ-વૈરાગ્ય જેવા ભાવો જન્મે છે. એના અહેસાસનું વર્તુળ એક નવા પરિમાણ ઉપર એને લઈ જાય છે. વાસ્તવિક્તા અને સચ્ચાઈનું પ્રગટીકરણ કરે એ સર્જક સમાજ પાસેથી માન્યતા મેળવી શકે છે.

આપણે ત્યાં છેલ્લા પાંચ-સાત વર્ષથી સાહિત્યકારની ફરજ અને ઉત્તરદાયિત્વ વિશે કેટલીક ચર્ચા ચાલે છે. કટોકટી અને એ પછીની ઘટનાઓ દરમિયાન આ પ્રશ્ન ખૂબ ગંભીર બનેલો. એ અરસામાં લેખકોના એક મોટા જુથે રાજકારણમાં ચંચુપાત કરીને પોતાના અભિપ્રાયો દર્શાવેલા અને સાહિત્ય પરિષદોએ ઠરાવો કરેલા. બીજી તરફ કેટલાક 'પ્રતિબદ્ધ' સર્જકોએ એસ્ટાબ્લિશમેન્ટ તરફી વલણ લીધું અને કેટલાકોએ સમૂળગી પોતાની જાતને વેચી પણ નાખી. આમ છતાં, એક વાત નક્કી છે. અનુભૂતિ અને અભિવ્યક્તિ સમકાલીન ઘટનાઓ તરફી આંખમિંચામણ ન કરી શકે. વિશ્વમાં પણ આ જ મત સ્વીકારાયો છે. એમ ન હોત તો **સોલ્ઝેનિત્સીન** જેવા સર્જકોને આટલી કીર્તિ ન મળી હોત.

**આજે સર્જક પાસે મોટા પડકારો ઊભા છે. એનો સમાજ વિઘટનના આરે છે અને વિશ્વશાંતિ ઉપર મોટો ભય તોળાઈ રહ્યો છે.** આપણા દેશની વાત કરીએ તો લોકોના જુદા જુદા વર્ગો વચ્ચે સંઘર્ષ તીવ્ર ગતિથી વધી રહ્યો છે. આ સ્થિતિમાં સર્જક શું શાહમૃગી નીતિ અપનાવીને બેઠો રહેશે? કે એ સમાજને પોતાની સાથે લાગતી વળગતી ચીજ તરીકે સ્વીકારશે અને પોતાના સર્જનમાં એનું પ્રતિબિંબ વિધાયક રીતે ઝીલશે?

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

માનવતા

# સ્મૃતિ મંજૂષામાં સચવાયું એક અણમોલ મોતી

ડૉ. અલ્કા સુનિલ શાહ

જીવનમાં કેટલાક પ્રસંગોની છાપ હૃદય પર કાયમ માટે અંકિત થઈ જાય છે. વર્ષોના વર્ષ વીતતા રહે તો પણ એ ઘટના જાણે હજુ હમણાં જ બની હોય તેમ આંખો સમક્ષ તાદશ બની જાય છે.

કચ્છ ભુજ મારું જન્મસ્થળ. જ્યાં પહેલો શ્વાસ લીધો. પા-પા પગલીઓ ભરીને ઘરને ગજવ્યું. એ મારું ઘર... જ્યાંથી શાળાએ જવા પ્રથમ પગલું ભર્યું અને બહારની દુનિયા સાથેનો સંગ શરૂ થયો એ મારી પ્રાથમિક શાળા **ઇન્દ્રાબાઇ કન્યા વિદ્યાલય**. માધ્યમિક શિક્ષણ લીધું એ ભુજની જાણીતી **માતૃછાયા સ્કૂલ**. તો વળી વર્ષો જૂની ભુજની એ **ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ** જ્યાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવ્યું. આમ, જીવનના મહત્ત્વના એક એક સોપાન ચઢતી ગઈ. આ બધું જ સ્મૃતિમાં એટલું અકબંધ રહ્યું છે કે વાત ન પૂછો. એ પછી સ્નાતક કક્ષાનો અભ્યાસ કરી આયુર્વેદાચાર્યની ડિગ્રી લઈ, ફરી મારી જન્મભૂમિને જ મારી કર્મભૂમિ પણ બનાવીને **જૈન મેડિકલ હોસ્પિટલ**માં કામ કરવાનું શરૂ કર્યું. સમયના સથવારે યુવાવસ્થામાં મનપસંદ જીવનસાથી સાથે સહજીવન શરૂ કરી વડોદરા આવી.

બચપણની સોનેરી યાદોને યુવાનીના સુંદર મજાના એ દિવસોના સ્મરણો કદીય ભૂલી નથી શકાતા. ફરી ફરીને વાગોળવા ગમે એવા એ દિવસો હતા. બધું જ જાણે ખૂબ મનગમતું હતું. ત્યાં અચાનક જ એક દિવસ એક વિનાશક ઘટના બની અને બધું જ નામશેષ બની ગયું.

**૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો એ દિવસ.** એ સવારની ગોઝારી ઘટના આજે પણ યાદ આવતાં રૂંવાડા ખડા થઈ જાય છે. ધરા ધ્રૂજી, ને ક્ષણવારમાં તો જાણે પ્રલય સર્જાઈ ગયો. કડડભૂસ થઈને તૂટતી ઈમારતો - માનવીઓની મરણચીસો. નાસભાગ અને વિનાશનું તાંડવ ખેલાઈ ગયું.

ભુજમાં વાણિયાવાડમાં આયંબીલ ભવન પાસેનું અમારું ચાર માળનું ઘર ઘડી બે ઘડીમાં પત્તાના મહેલની માફક કડડભૂસ કરતું જમીનદોસ્ત બની ગયું. **જે ઘરમાં બાળપણ વીત્યું, યુવાનીને પાંખો ફૂટી, પાનેતર પહેરી જ્યાંથી વિદાય લીધેલી, એ ઘરનું સ્મરણ કાટમાળમાં ફેરવાઈ ગયું.**

ધરાશયી બનેલા મારા એ ઘરમાં મારા પરિવારના છ સભ્યો હતા. વહાલી મા, સદાય અમને સૌને પ્રેમભરી હૂંફ આપતા મારા મોટીબેન, પ્યારા ભાઈ-ભાભી, નાનકડી ભત્રીજી અને કામવાળા બેન. આ બધા જ કાટમાળના ઢગલામાં દબાઈ ગયા.

ચોપાસ ઉડતી ધૂળની ડમરીઓથી અંધકાર વ્યાપી ગયેલ. અને કાટમાળના ઢગલા નીચે દબાયેલા આ બધાય એકબીજાથી વિખૂટા પડી ગયેલા. **માત્ર અવાજના સહારે એકબીજાને જાણતા હતા. કોઈ કોઈને મદદ કરી શકે તેમ ન હતા.** અને આવી કપરી પરિસ્થિતિમાં બહારથી મદદ મળવી પણ મુશ્કેલ જ હતી. સૌ પોતાનો જીવ બચાવવા દોડતા હતા. અને અમારું ઘર તો એવું જમીનદોસ્ત થયેલું કે બહારથી જોનારાને તો એમ જ લાગે કે આમાંથી કોઈ જીવતું બચ્યું જ નહીં હોય!

પણ ઘરના સૌએ આવી મુશ્કેલ પરિસ્થિતિમાં **એકમાત્ર સહારા સમાન નવકાર મંત્રનું મોટેથી રટણ કરવાનું શરૂ કર્યું.** આ સમયે અચાનક રસ્તા પરથી પસાર થતા, જીવ બચાવવા માટે ભાગતા કોઈનું ધ્યાન ગયું કે આ મલબામાંથી નવકાર સંભળાય છે!! અને ખરેખર માનવતા જાગી ઊઠી. મુશ્કેલીમાં ફસાયેલા હોવા છતાં લોકો એમની વહારે આવ્યા. મહામહેનતે એક નાનકડા બાકોરામાંથી ૪-૫ કલાકની મહેનત પછી ઘરના બધાને આ કાટમાળમાંથી લોહીલુહાણ હાલતમાં બહાર કાઢ્યા. પણ મારી વહાલી જનેતાએ તો આ કાટમાળમાં જ એનો છેલ્લો શ્વાસ લીધો. માના પગ પર વજનદાર બીમ પડતાં એનું વૃધ્ધ શરીર આ ભાર ખમી ન શક્યું, ને એણે ઈશ્વર સ્મરણ કરતાં કરતાં એ જ સમયે ત્યાં દમ તોડી દીધો.

ભૂકંપ પીડિતોમાંથી જીવતાને પહેલા બહાર કાઢવા, એ ન્યાયે પછી બીજા લોકોને - ઘાયલોને મદદ કરવા માટે આ બધા લોકો વિદાય થયા. ઘરના પણ બીજા પાંચ સભ્યોને લોહી નીતરતી હાલતમાં રાહત છાવણીમાં પહોંચાડ્યા ને એ સમયે જે તાત્કાલિક સારવાર ઉપલબ્ધ હતી તે અપાવી. એકમાત્ર મારો ભાઈ આ કાટમાળમાંથી સાજો નરવો ને હેમખેમ બહાર નીકળી શક્યો, એ પણ પરમાત્માની કૃપા જ ગણાય.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)

જીવનમંત્ર

# જીવનની પ્રાથમિકતાઓ – Priorities of Life

જાદવજી કાનજી વોરા

સામાન્ય રીતે રોટી, કપડા અને મકાન એ દરેક વ્યક્તિ માટે જીવનની મુળભૂત જરૂરિયાતો - પ્રાથમિકતાઓ છે. પણ અત્રે આપણે આ ત્રણ જરૂરિયાતો પૂર્ણ થયા બાદ જીવનના ધ્યેયને હાંસલ કરવા માટે અનેક વિકલ્પો વચ્ચે પસંદ કરવાના યોગ્ય તર્કવિતર્ક - માર્ગ - અગ્રતાક્રમો વિશે વાત કરવાની છે. સ્પર્ધાત્મક અને દોડધામભરી ટૂંકી જિંદગીમાં જો આપણે કરવાના અનેકવિધ કાર્યોમાંથી યોગ્ય કાર્યની પસંદગી કરવામાં ન આવે તો મોટેભાગે આપણો બહુમૂલ્ય સમય તથા શક્તિ વ્યર્થ ચાલ્યા જતા હોય છે. **આપણી સમક્ષ રહેલા ઘણા બધા કામોમાંથી આપણે કયા કામને પ્રાથમિકતા આપવી, એ ઘણું મહત્ત્વનું છે.** આ પસંદગીમાં જો આપણે કાચા પુરવાર થઈએ તો આપણે ઓછા મહત્ત્વના કામની પસંદગી કરીને વધારે અગત્યનું કામ કોરાણે મૂકી દેતા હોઈએ છીએ.

સાર્થક, સફળ અને હેતુપૂર્ણ જીવન જીવવા માટે કોઈ પણ વ્યક્તિને પોતાના ધ્યેય વિશેની સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે. જો તેનું ધ્યેય સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી અને તે ચોક્કસ સમયે પોતાના નિશ્ચિત કામમાં જ વ્યસ્ત રહેતો હોય છે. આવા મનુષ્યને સમયનો અભાવ પણ નડતો હોતો નથી કે સમય વ્યર્થ રીતે પસાર કરવા માટે પણ કોઈ નિરર્થક પ્રવૃત્તિ શોધવી પડતી નથી. **જીવનમાં સફળતાને પામવા માટે પોતાના ધ્યેય પ્રત્યે માત્ર એકાગ્રતા જ નહીં પણ નિરર્થક પ્રવૃત્તિઓની બાદબાકી પણ એટલી જ જરૂરી છે.** આ સંદર્ભમાં ગ્રીસના મહાન તત્ત્વજ્ઞાની **સોક્રેટીસ**ના જીવનનો એક વિખ્યાત પ્રસંગ છે. સોક્રેટીસની વિચારશીલ વાતો અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી યુવાનો હંમેશાં તેમના તરફ આકર્ષાયેલા રહેતા. એક વખત એક યુવાને તેમને કહ્યું, ‘અરે સોક્રેટીસ, મેં તમારા ખાસ મિત્ર વિશે એક ગંભીર અને ગુપ્ત વાત સાંભળી છે. તમે એ જાણો છો ખરા? હું તમને કહું?’ ત્યારે સોક્રેટીસે તેને કહ્યું, ‘હું તારી વાત ચોક્કસ સાંભળીશ પણ એ પહેલા તારે મારા ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે. જો તારા ઉત્તરો યોગ્ય હશે તો પછી હું તે તારી પાસેથી જરૂર સાંભળીશ.’

આ સાંભળીને કોઈક ગુપ્ત વાત કહેવા માટે આવેલો મિત્ર થોડો ઝંખવાયો ખરો, પણ કહ્યું કે, ‘ભલે, તમારા પ્રશ્નો કહો, એ પછી એ વાત કરું.’ સોક્રેટીસે તેને શાંતિથી પૂછ્યું, ‘શું તેં નજરોનજર એ જોયેલું છે? શું તારી વાતમાં મારા મિત્રની પ્રશંસા છે? શું તારી વાતથી મને કોઈ લાભ થવાનો છે ખરો?’ જ્યારે આ ત્રણેય પ્રશ્નોના જવાબ “ના” માં આવ્યા ત્યારે સોક્રેટીસે તેને કહ્યું, **‘જે વાત સત્ય નથી, સારી નથી તથા લાભદાયી પણ નથી, તો તે સાંભળવી શાને?** આવી વ્યર્થ, નકામી અને નિંદાખોર વાતો પાછળ તમારો અને મારો સમય શા માટે બરબાદ કરવો?’ સાર્થક અને સફળ જીવન જીવવા માટે કોઈ પણ વ્યક્તિના જીવનની પ્રાથમિકતાઓ સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી.

**બેન્જામિન ફ્રેંકલીને** એક વખત કહ્યું હતું કે, ‘જીવનનો સૌથી મોટો વૈભવ એ સમયની મોકળાશ છે. **આરામ કરવા માટે, વિચાર કરવા માટે તથા જીવનમાં પોતાની શક્તિ મુજબ ઉત્કૃષ્ટ કાર્યો કરવા માટે સમયની મોકળાશ હોવી જરૂરી છે. જે માત્ર એક જ માર્ગે આવી શકે. તમે તમારા જીવનનાં કાર્યોનાં અગ્રતાક્રમો (Priorities)નું આયોજન કરો.** એ અંગે પૂરતો વિચાર કરો અને પછી કાર્ય કરો. તમારાં બધાં જ કાર્યોને યોગ્ય સંદર્ભમાં મૂકો. આમ કરશો તો તમારા જીવનમાં નવી ચેતના આવશે. જીવનમાં વર્ષોનો વધારો થશે અને વર્ષોમાં નવજીવનનો સંચાર થશે.’

જીવનમાં ખૂબ જ સફળતા પામેલા અને સમૃધ્ધિના શિખરે આળોટતા એક ઉદ્યોગપતિ સામાન્ય રીતે હંમેશાં બહુ જ નિરાંતભર્યા દેખાતા અને કેટલાય સામાજિક કાર્યક્રમોમાં પણ હાજરી આપતા હતા. આ જોઈને એક નવયુવાનને નવાઈ લાગતાં તેણે તેમને આટલી ભવ્ય સિધ્ધિ હાંસલ કરી હોવા છતાં પણ હંમેશાં જાણે કે તેમની પાસે ખાસ કોઈ કામ જ ન હોય અને ઘણી બધી નવરાશ હોય એમ લાગતું હોવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે આપેલો જવાબ આપણે સહુએ આપણા જીવનમાં ઉતારવા જેવો છે. તેમણે કહ્યું કે, ***‘I always decide upon my priorities of life***

***and then, work upon them.***" 'હું હંમેશાં મારા જીવનના કાર્યોના અગ્રતાક્રમોનું આયોજન કરું છું અને પછી એ પ્રમાણે જ કાર્ય કરું છું.' પોતાની વાત વિશે ખુલાસો કરતા તેમણે કહ્યું કે, 'સવારના હું જ્યારે મારી ઑફિસે જાઉં ત્યારે કેટલાય કાગળોના ઢગલા મારા ટેબલ ઉપર પડ્યા હોય છે. એ બધા કાગળો - કામોને હું ચાર ભાગોમાં વહેંચી નાખું છું. અમુક પેપરોનો કોઈ અર્થ ન હોવાથી તેમાં કાંઈ કરવા જેવું જ નથી હોતું. I immediate destroy it. હું તેનો તરત જ નિકાલ કરી નાખું છું. અમુક પેપરો કોઈકને 'Delegate it' સોંપી દેવા જેવા હોય તેને તરત જ યોગ્ય વ્યક્તિને સોંપી દઉં છું. બાકી રહેતા કાર્યોમાંથી કેટલાક પછીથી કરવા જેવા હોય તેને 'Delay it' પછીથી કરવા માટે રાખી દઉં છું. હવે બાકી રહેલા માત્ર થોડાક કાર્યો એવા હોય છે જે મારે એ વખતે જ કરવા જેવા હોય, તે હું તરત જ 'Do it' કરી દેતો હોઉં છું. જો આ Four D 'ચાર-ડી'ની થીયરી ***– Destroy it, Delegate it, Delay it, Do it*** **– ને જીવનમાં યોગ્ય રીતે અપનાવવામાં આવે તો સંભવતઃ જીવનમાં કોઈ જ કાર્યો બાકી કે અધૂરા રહેતા નથી** અને આપણે સદાય માનસિક તથા શારીરિક શાતા અને નિરાંતનો અનુભવ કરતા હોઈએ છીએ.'

જીવનના અગ્રતાક્રમો વ્યવસ્થિત રીતે અગાઉથી નક્કી કરેલા હોય તો એ વ્યક્તિ જીવનમાં પોતાના ધ્યેયને સરળતાથી હાંસલ કરે છે અને તે પોતાના જીવનમાં ક્યારેય પણ હારનો અનુભવ કરતો નથી અને સફળતાની દેવી સદાય તેના ચરણ ચૂમતી હોય છે.

*૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,*
*બેસ્ટ ડેપોની આગળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

## સ્મૃતિ મંજૂષામાં સચવાયું એક અણમોલ મોતી

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

ભાઈ બિચારો એકલો દોડાદોડ કરતો રહ્યો. અને પછી તો ભૂકંપ પીડિતોની સહાય કરવા લશ્કરની મદદ મળી. આ જવાનોએ જાનના જોખમે દિલ રેડીને કામ કરી, અનેક લોકોના જીવ બચાવ્યા. ખરેખર એમની દિલધડક કામગીરી જોઈને **તેમને સો સો સલામ કરવાનું મન થઈ જાય.**

આવો જ એક વીર જવાન મારી વહાલી માવડીના મૃતદેહને કાટમાળમાંથી બહાર લઈ આવવાના મુશ્કેલ કાર્ય કરવા માટે ભાઈની મદદે આવ્યો. એક નાના સરખા બાકોરામાંથી એ જ્યારે અંદર કાટમાળમાં પ્રવેશ્યો તો એમ થતું હતું કે રખેને, આ કાટમાળની તૂટેલી, લટકતી, ટેકા વગરની દીવાલો એના પર ધસી ન પડે! પ્રભુકૃપાથી એ હેમખેમ માના મૃતદેહને બહાર લઈ આવ્યો. બે દિવસ પહેલા જીવતી જાગતી માને ચિરનિદ્રામાં પોઢેલી જોઈને ભાઈનું હૈયું હાથ ન રહ્યું. એ સમયે પેલા બહાદુર જવાને ભાઈને કહ્યું, 'તમારો કોઈ કિંમતી સરસામાન અંદર છે? શોધી લાવું?'

**જ્યાં સૌથી મૂલ્યવાન એવી માને જ ખોઈ નાખી, પછી બીજા સામાનને શું રોવું ને શું ખોળવું?** ભાઈએ તો ઘસીને ના જ પાડી દીધી. આમ છતાંય એ જવાંમર્દ ફરી પેલા બાકોરામાંથી અંદર સરકી ગયો!! અને થોડીવારમાં હાથમાં એક નાનકડી દાગીનાની પેટી જે ચારેબાજુથી દબાઈ ગયેલી, તે લાવીને ભાઈના હાથમાં મૂકી દીધી.

એકદમ હતપ્રભ થઈ ગયેલા ભાઈને તો એ ક્ષણે કશું સૂઝતું જ ન હતું. ને એથી જ એણે એ દબાયેલી, ગોબાયેલી પેટીને ફેંકી દેવા હાથ લાંબો કર્યો તો તરત પેલા જવાને એ પેટી એના હાથમાંથી લઈ લીધી. "સાહેબ, ફેંકતા પહેલા ખોલીને જોઈ તો લો... આમાં કંઈ કિંમતી વસ્તુ હોય તો..." એમ કહી એણે જ પાસે પડેલા પથ્થરના ઢગલામાંથી એક મોટો પથ્થર ઉપાડીને એ પેટી તોડવા માંડી. અને બે - ત્રણ ઘા કરવાથી તો એ ગોબાયેલી નાનકડી પેટી ફટાક કરતી તૂટી પડી અને અંદરથી બેંકના લોકરની ચાવી ને સરસ મજાના બે સોનાના કંગન - જે મારી મા વાર-તહેવારે પહેરતી હતી, તે નીકળી આવ્યા!!

**ચુપચાપ આ બધું જ ભાઈના હાથમાં મૂકીને એ પ્રામાણિક જવાન બીજાને બચાવવા માટે ચાલી નીકળ્યો.** ઈશ્વરના મોકલેલા આ મદદગારનો આભાર માનવા માટેના શબ્દો પણ ભાઈ પાસે ન હતા. આંખો વરસી રહી હતી અને એનું હૈયું આ ફરિશ્તાને મૂક આશિષ આપતું હતું.

માની વસમી વિદાયની એ ઘડીની સ્મૃતિ સાથે આજે પણ એ અનામી વીર જવાનની યાદ આવે છે. જ્યારે પણ માના એ બે કંગનને જોઉં છું તો પ્યારી માની નિશાનીને અમારા સુધી પહોંચાડનાર **ઇશ્વરના એ ફરિશ્તાની ઇમાનદારી અચૂક યાદ આવી જાય છે. આવા જવાન થકી જ આપણો દેશ ઉજળો છે. ઉન્નત મસ્તકે એ વીર સૈનિકને શત શત પ્રણામ.**

*એ-૫, પ્રિયા પાર્ક, ઇલોરા પાર્ક, વડોદરા.*
*મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭*

*ટીકા એ પાળેલા કબૂતર જેવી છે.*
*પાળેલા કબૂતર પોતાના માલીકના ઘેર જ પાછા ફરે છે.*

જીવનમંત્ર

# પતંગ અને દોરી

નીતિન એચ. સંઘવી

હમણાં જ ઉત્તરાયણ - મકરસંક્રાંતિનો પર્વ પસાર થઇ ગયો. દર વર્ષે લોકો આગલા દિવસે નીતનવા પતંગો લાવી, તેને સજાવટ કરીને ઉત્તરાયણના દિવસે એટલે કે ૧૪મી જાન્યુઆરીના રોજ પતંગને આકાશમાં લહેરાવવા થનગને છે.

આપણો પતંગ હવામાં સ્થિર રહે ત્યાં સુધી સારું લાગે પરંતુ જો બાજુવાળાનો પતંગ આપણાથી આગળ નીકળ્યો તો તેને કાપવા માટે તનતોડ મહેનત કરીએ. સ્થિર પતંગને ગુલાંટો મારી મારીને બાજુવાળાના પતંગને કાપવાનો પ્રયાસ કરીએ અને બીજાનો પતંગ કાપવામાં ને કાપવામાં **પોતાની ફિરકીની દોરી ક્યારે ખલાસ થઈ જાય છે, તેની ખબર જ પડતી નથી.**

પતંગ કરતા દોરીની કિંમત વધારે હોવા છતાં આપણે પતંગને સાચવવા, તેને પકડવા અને કાપવામાં રચ્યાપચ્યા રહીએ છીએ. નહિંતર એક ફિરકીમાં તો ઘણા બધા પતંગો આવી જાય.

**જિંદગીનું પણ બસ આવું જ છે.** આપણે પતંગને પકડીએ છીએ એટલે કાયાને પકડીએ છીએ પરંતુ આપણને ખબર નથી કે પતંગ દોરી વગર ઉડવાની જ નથી. **કાયા ગમે તેટલી રૂપાળી હોય પરંતુ એમાં આત્મા કે પ્રાણતત્ત્વની દોરી જ ન હોય તો પતંગ કે કાયા શું કામના?** આપણે મોંઘી એવી આત્મારૂપી દોરીને છોડીને પતંગ જેવી કાયાની પાછળ કેટલીય માયા પ્રપંચ કરીને જીવન વેડફીએ છીએ? કાયાને ખૂબ સજાવીએ છીએ, સારા ખાનપાન આપીએ છીએ છતાં એ પતંગની જેમ કપાઈ જાય છે.

પતંગની દોરીમાં ગૂંચ પડે તો આપણે ગૂંચ ઉકેલતા નથી પરંતુ તેના પ્રત્યે દુર્લક્ષ સેવી, ફેંકી દઈએ છીએ. એવું જ છે જીવનમાં. જીવનમાં ઘણી બધી મડાગાંઠો, ગૂંચો પડે છે, તેને આપણે શાંતિથી ઉકેલી શકતા નથી અને બીજાની પંતગ કાપતા કાપતા ક્યારે પોતાની જીવનની દોરી કપાઈ જાય છે, તેનું આપણને ભાન પણ રહેતું નથી. ઘણી વખત તો પતંગની દોરી હાથમાં રહી જાય અને લૂંટવામાં જો પગ લપસે તો જીવનની દોરી હાથમાંથી સરકી જાય. **એક વખત ફિરકીમાંની દોરી ખલાસ થઈ જાય તો બીજી લાવી શકીએ છીએ પરંતુ જો જીવનની દોરી હાથમાંથી સરકી ગઈ, તો પછી પશ્ચાતાપ સિવાય કશું જ આવતું નથી.**

ખરેખર તહેવારો પણ કેવા છે, આપણને ઘણી શીખ આપી જાય છે. પરંતુ જેને શીખવું અને સમજવું હોય તેના માટે, બાકી તો દર વર્ષે કેટલીયે પતંગો ચગે છે અને કેટલાયની જીવન દોરી ખેંચાઈ જાય છે, તૂટી જાય છે, જે ફરીથી સંધાવાની નથી.

ખાસ કરીને વડીલો અને પતંગ રસીકો માટે એક સંકેત... જો જીવનમાં પતંગ (કાયા)ને બદલે જો દોરી (આત્મા - પ્રાણ)નું મહત્ત્વ સમજાઈ જાય તો ખરેખર જીવન ધન્ય બની જાય અને જનારને કોઈ અફસોસ ન રહે. **મૃત્યુ સમાધિપૂર્વકનું થાય તો એ જીવને ઉત્તમ ગણી શકાય. વડીલોએ તો હવે ફાવશે, ચાલશે અને માફક આવશે** — જેવા શબ્દોને આત્મસાત્ કરવા જોઈએ.


*પ્લોટ નં. ૭૪૬/૨, સેક્ટર ૨/સી, ગાંધીનગર.*
*મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

## અવકાશમાં સૌ પ્રથમ

- ★ વિશ્વનો પ્રથમ સેટેલાઇટ સ્પુટનિક-૧ ઇ.સ. ૧૯૫૭ના ઓક્ટોબરની ચોથી તારીખે અવકાશમાં છોડેલો.
- ★ વિશ્વના પ્રથમ પુરુષ અવકાશયાત્રી યુરી ગેગેરિને રશિયાના વોસ્તોક-૧૦ મિશનમાં ૧૯૬૧ના એપ્રિલની બાર તારીખે એક કલાક ૪૮ મિનિટ અવકાશમાં વિતાવેલી.
- ★ વિશ્વની પ્રથમ મહિલા અવકાશયાત્રી વેલેન્ટીના ટેરેશ્કોવાએ ૧૯૬૩ના આઠમી જૂને બે દિવસ ૨૨ કલાક ૫૦ મિનિટ અવકાશમાં વિતાવેલી.
- ★ પ્રથમ સ્પેસવોક કરનાર અવકાશયાત્રી એલેક્સ લીઓનોવે ૧૯૬૫ના માર્ચની ૧૮ તારીખે વોસ્ખોડ-૨ મિશનમાં સ્પેસવોક કરેલું.
- ★ ચંદ્રની સપાટી પર પ્રથમ માનવવિહીન યાન લૂના-૨ ૧૯૫૯ના સપ્ટેમ્બરની ૧૩ તારીખે ઉતરેલું.

જીવન મંત્ર

# આત્મહત્યા – શા માટે?



મગનલાલ મોતીચંદ સંઘવી

થોડા સમય પહેલાં જ સમાજના એક કુટુંબના ૨૦ વર્ષના આશાસ્પદ યુવાને કોઈ અકળ કારણસર જીવન ટુંકાવી નાખ્યું. આપણા પરીચિત કુટુંબમાં આવું બને ત્યારે આઘાતની લાગણી થવી સ્વાભાવિક છે. હાલ તો આશ્વાસનના કોઈ પણ શબ્દો એ ઘાવ પૂરવાને પૂરતા નહીં થાય. સમય જ એની દવા છે. **ઘાવ રૂઝાય તો પણ દાગ જીવનભર રહી જાય છે.**

વરસોવરસ બોર્ડની પરીક્ષાઓ વખતે ભારતભરમાંથી વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સા વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ. નિષ્ણાતો કારણોની છણાવટ કરે છે, સલાહ સૂચનો આપે છે, પણ કારણોના મૂળમાં જ વાંધો છે. એ દૂર ન થાય ત્યાં સુધી આવા કિસ્સા બનતા જ રહેશે. ઉપરાંત યુવાનો પ્રેમ પ્રકરણોમાં નાસીપાસ થવાથી, કોઈ રસ્તો ન દેખાય ત્યારે આવા પગલા ભરી બેસે છે.

**પ્રશ્નનું મૂળ કુટુંબોમાં - સમાજમાં અને આજની શિક્ષણ પ્રથામાં છે.** બાળપણથી જ ભણેલા અને નહીં ભણેલા કુટુંબીઓ બાળકના મનમાં પરીક્ષાઓનો ભય રોપતા હોય છે. જે બોર્ડની પરીક્ષા સુધી ચરમસીમાએ પહોંચે છે. પોતાની અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ પણ બાળકો પૂરી કરે એવી અપેક્ષાઓ રખાય છે. પૂરી કોશિશ કર્યા બાદ પણ નિષ્ફળતા મળવાથી અથવા નિષ્ફળ થવાના ડરથી કુમળા મગજના બાળકો ન કરવાનું કરી બેસે છે. "મારા મા-બાપની આટલી ઈચ્છા પણ હું પૂરી ન કરી શક્યો."

શિક્ષણ માત્ર વ્યવસાયલક્ષી અને એ પણ પુસ્તકિયું જ રહી ગયું છે. માહિતીનો જે ભંડાર વર્ષ દરમિયાન મગજમાં ભરવામાં આવ્યો હોય એ ૩ કલાકમાં સવાલોના જવાબરૂપે લખી કાઢશો સારું ગોખ્યું હોય તો સારા ટકા આવે. સમજ્યા હોય કે નહીં, એ અલગ વાત છે.

બોર્ડની વૈતરણી પાર કર્યા બાદ પણ પ્રશ્નોની હારમાળા ઊભી જ હોય છે. મનગમતી કૉલેજમાં પ્રવેશ, મનગમતી લાઈનમાં પ્રવેશ, સારી નોકરીઓ માટે અનેકવિધ પરીક્ષાઓ અને આ કારણે કુટુંબથી દૂર પણ જવું પડે. પરીક્ષાઓના કોચિંગ ક્લાસ અને એની પણ પરીક્ષાઓ!

રાજસ્થાનનું કોટા, એ ભારતભરમાં વિવિધ પરીક્ષાઓ માટેના કોચિંગ ક્લાસનું કેન્દ્ર ગણાય છે. ૨૦૧૮ના વર્ષમાં આ ક્લાસીસના ૧૯ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યાના કિસ્સા બન્યા. **ટૂંકમાં, જીવનલક્ષી શિક્ષણનો સદંતર અભાવ દેખાય છે.** જીવનલક્ષી સંસ્કાર કે શિક્ષણ કુટુંબમાંથી મળ્યું હોય તો યુવાન ટકી જાય છે, અન્યથા બધી બાજુનું દબાણ અસહ્ય બનતાં તે અંતિમ પગલું ભરી બેસે છે.

યુવાનોના ડિપ્રેશન અને આપઘાતનું બીજું મોટું કારણ પ્રેમ પ્રકરણો અને એમાંથી ઉદ્ભવતા પ્રશ્નો હોય છે. દુર્ભાગ્યે સેક્સની બાબત સમાજ તેમજ કુટુંબોમાં આજે પણ ગોપનીય ગણાય છે. **કુટુંબ કે શિક્ષણ સંસ્થાઓ, ક્યાંયથી પણ સ્પષ્ટ માર્ગદર્શન મળતું નથી.** યુવાન મિત્રો કે ઇન્ટરનેટ મારફત અધકચરું કે ખોટું જ્ઞાન મેળવે છે.

યોગ્ય વયમાં આવી રહેલા બાળકોમાં કુદરતે તેઓના મગજમાં મૂકેલ હોર્મોન સક્રિય થવાથી વિજાતીય આકર્ષણ થવું બિલકુલ સ્વાભાવિક, બલકે આવશ્યક છે. ન થાય તો ચિંતાની વાત છે! આ બાબતનું જ્ઞાન એવા બાળકોને કુટુંબ અથવા શિક્ષણ સંસ્થાઓમાંથી મળવું જોઈએ. કામ (Sex) એ કાંઈ ગંદી ચીજ નથી. અગ્નિને આપણે પવિત્ર માનીએ છીએ, એ જ રીતે **કામાગ્નિનો પણ અગ્નિની રીતે ઉપયોગ કરવામાં આવે તો એ પણ પવિત્ર છે.** એ ઉર્જામાંથી એક નવા જીવનું સર્જન થાય છે, એના વગર જીવસૃષ્ટિનું અસ્તિત્વ જ ન રહે. પણ અગ્નિ જ્યાં સુધી યોગ્ય બંધનમાં રહે, ગેસના બાટલા કે ચૂલામાં રહે, વીજળી જ્યાં સુધી વાયર અને સ્વિચમાં રહે ત્યાં સુધી જ પવિત્ર છે. આનાથી બહાર આવે તો શું થાય એ કહેવાની જરૂર નથી. આટલી સમજણ આજના ભણેલા માતા-પિતા યોગ્ય વયમાં આવતા બાળકોને જરૂર આપી શકે.

આજના યુવાનો-યુવતીઓ કેરિયરના બહાને મોટી ઉંમર સુધી લગ્ન ટાળે છે. શરીરની ભૂખ તો જાગવાની જ, એટલે લગ્ન પહેલાના જાતીય સંબંધોનો પણ છોછ રહ્યો નથી. આ સારું તો નથી જ. સમયસર લગ્ન અને કેરિયર, બંનેનો સમન્વય થાય એવો રસ્તો આજના યુવાનોએ જ શોધવાનો રહેશે.

*ત્રિવેણી બંગલો, એચ.પી. પેટ્રોલ પંપ પાસે, સત્યમાર્ગ,*
*જજીસ બંગલો, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫, ૪૦૩૪૧૯૨૫*

વ્યક્તિ વિશેષ

# મુંબઇના સંનિષ્ઠ પત્રકાર : 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રી સૈયદ અબ્દુલ્લા બ્રેલવી

ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૮૯૧*
*નિધન : ૯મી જાન્યુઆરી, ૧૯૪૯*

'બોમ્બે ક્રોનિકલ' જેવા મુંબઈ પ્રાંતના અગ્રણી રાષ્ટ્રીય પત્રના લગભગ પા સદી સુધી સંચાલક તંત્રી રહી ચૂકેલા ધીરગંભીર પત્રકાર અને શાંત વિચારક સૈયદ અબ્દુલ્લા બ્રેલવીની તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૧૯ અને બુધવારે ૭૦મી પુણ્યતિથિ (પ્લેટિનમ ડેથ એનિવર્સરી) હતી. તે પ્રસંગે એમને યાદ કરીએ...

● **'આદર્શ પત્રકારત્વ'ના પ્રતીક :**

સતત પરિશ્રમ, અવિરત અભ્યાસ, રોજિંદા બનાવોનું જાગૃત અવલોકન તથા લેખનમાં દઢતા, સ્પષ્ટતા, સંયમ... આ ગુણોના પાયા પર રચાયેલું 'આદર્શ પત્રકારત્વ' કેવું હોઈ શકે તેનું એક ઉજ્જવળ ઉદાહરણ બ્રેલવી સાહેબ હતા. બંધુ પત્રકારો, રાષ્ટ્રવાદી મુસ્લિમો અને નિકટવર્તી કોંગ્રેસ આગેવાનો સિવાય એમની શાંત પ્રતિભાનો બહુ ઓછા લોકોને ખ્યાલ હતો.

સૈયદ અબ્દુલ્લાના પૂર્વજો મૂળ બરેલી (ઉત્તર પ્રદેશ)ના વતની. તે પરથી તેમની અટક બરેલવી - બ્રેલવી પડેલી. ત્યાંથી એમના દાદા મુંબઈ આવી વસેલા. સૈયદ બ્રેલવીનો જન્મ ૧૮મી સપ્ટેમ્બર, ૧૮૯૧ના મુંબઈ સ્થિત યુક્ત પ્રાંતના એક ઉચ્ચ મુસ્લિમ ખાનદાનમાં થયો હતો. મુંબઈની વિખ્યાત એલ્ફિન્સ્ટન કૉલેજના ઉચ્ચ અભ્યાસ દરમિયાન એમને **મહાદેવભાઈ દેસાઇ** (૧૮૯૨-૧૯૪૨) અને **વૈકુંઠભાઈ મહેતા** (૧૮૯૧-૧૯૬૪) જેવા ગાઢ બે જીવનમિત્રોની પ્રાપ્તિ થઈ.

ત્યારથી (૧૯૦૯થી) તેઓ **લલ્લુભાઈ શામળદાસ મહેતા** પરિવારના નિકટવર્તી સભ્ય બની ગયેલા. લલ્લુભાઈના નાના પુત્ર અને ગુજરાતના અગ્રણી અર્થશાસ્ત્રી **ગગનવિહારી મહેતા** (૧૯૦૦-૧૯૭૪)ને શરૂમાં 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રી ખાતામાં ખેંચી જનાર પણ બ્રેલવી જ હતા! એમની પરખ શક્તિને પરિણામે ગગનવિહારી મહેતાનાં લખાણો 'જી.એલ.એમ.'ની સહીથી ક્રોનિકલમાં આવતાં થયેલાં અને પાછળથી તે પ્રતિભા વધુ વિશાળ ક્ષેત્રમાં ચમકી ઊઠી તે સર્વવિદિત છે.

● **પ્રારંભથી પત્રકારત્વને પંથે :**

બ્રેલવીજીની કારકિર્દીનો કાળ એટલે હિંદી રાજકારણમાં ગાંધીયુગનો ગાળો. ગાંધીજી હિંદ આવ્યા તે જ વર્ષે (૧૯૧૫થી) એમણે પત્રકારત્વની પગદંડીએ પગરણ માંડ્યા હતા. તેઓ વિનયન અને કાયદાના સ્નાતક થયેલા; પરંતુ શરૂથી જ એમને અખબારી લેખનકાર્ય પ્રત્યે વિશેષ લગાવ હોવાથી પ્રારંભમાં 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં લખ્યું.

તે અરસા (૧૯૧૩)માં સર **ફિરોઝશાહ મહેતા** (૧૮૪૫-૧૯૧૫)એ 'બોમ્બે ક્રોનિકલ' સ્થાપ્યું હતું. તેમાં સર લલ્લુભાઈની ભલામણથી ૧૯૧૬માં ૨૪ વર્ષીય યુવાન બ્રેલવી જોડાયા. ત્યારથી ૩૩ વર્ષની જે શાંત, ઉદ્યમરત અને અખંડ સેવા એમણે એ અખબારને આપી, તે આપણા પત્રકારત્વની તવારીખમાં કદાચ વિરલ હશે.

એ કાળે ક્રોનિકલના **તંત્રી બી.જી. હોર્નિમેન** (૧૮૭૩-૧૯૪૮) અને ઉપતંત્રી **ડો. સૈયદ હુસેન** (૧૮૮૮-૧૯૪૯) હતા. સ્વરાજ ચળવળને હોર્નિમેને આપેલા ટેકાને કારણે સરકારે ૧૯૧૯માં એમને દેશનિકાલ કર્યા. ત્યારે એમને સ્થાને બ્રેલવી અવેજી તંત્રી બન્યા. ૧૯૨૧-૨૨માં ક્રોનિકલના તંત્રી તરીકે **માર્માડ્યુક પિકથોલે** (૧૮૭૫-૧૯૩૬) આવ્યા અને થોડો વખત રહેલા. ૧૯૨૫-૨૬માં પાછા ફરેલા હોર્નિમેને પુનઃ તંત્રીપદ સંભાળ્યું.

જો કે તે પછી એકાદ વર્ષમાં જ એમણે ક્રોનિકલ છોડતાં ફરી બ્રેલવીએ તંત્રીસ્થાન સંભાળ્યું અને મૃત્યુ પર્યંત એ પદ દીપાવ્યું. ૧૯૨૨માં ગાંધીજીને 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રીપદની દરખાસ્ત થયેલી, જેનો અસ્વીકાર કરતાં એમણે કહેલું : 'જેના કર્મચારીગણમાં બ્રેલવી (જેવા સંનિષ્ઠ પત્રકાર) હોય ત્યારે મારે કશું કરવાનું બાકી રહેતું નથી.' બ્રેલવીના કાર્યકાળ દરમિયાન ૧૯૨૮માં બોમ્બે ક્રોનિકલની દિલ્હી આવૃત્તિ પણ શરૂ કરાઈ હતી.

● **કારાવાસ પણ ભોગવ્યો :**

સામૂહિક સત્યાગ્રહ પછી સરકારે લીધેલાં કડક પગલામાં 'ક્રોનિકલ'ના તંત્રીલેખો સરકાર પાસે મંજૂર કરાવ્યા પછી જ છાપી શકાય એવા પ્રતિબંધ સામે રાષ્ટ્રવાદી યુવાન બ્રેલવીએ

અગ્રલેખની જગ્યા કોરી રાખીને તંત્રીના નામ વિના જ અખબાર બહાર પાડ્યું!

તે પછી આગળ વધતી લડતના પ્રબળ પ્રવાહમાં એમનો યથોચિત ફાળો મળતો રહ્યો. ૧૯૩૦ની લડત વખતે એમનું સ્થાન પણ જેલમાં જ હતું. સ્વભાવે શાંત અને સમાધાનપ્રિય છતાં સિદ્ધાંતોની બાબતમાં બ્રેલવી સદાય મક્કમ હતા. **કારાવાસમાં નિમ્ન વર્ગના કેદીઓ પ્રત્યે ચલાવાતા દુર્વ્યવહાર સામે વિરોધ ઉઠાવતાં એમને યરવડા ખસેડવામાં આવ્યા.**

૧૯૩૨માં સરકારની દરરોજ પોલીસ મથકે હાજરી પુરાવવાની અપમાનજનક શરતે પૅરોલ પર છૂટવાનો ઈન્કાર કરીને બ્રેલવીએ તંત્રીની ખુરશી પર બેસવાને બદલે કેદી તરીકે રહેવાનું જ પસંદ કરેલું. લગભગ ૪૦-૪૨ વર્ષની વય સુધી અવિવાહિત રહેલ બ્રેલવીએ ૧૯૩૨-૩૪ના અરસામાં લગ્ન કરેલા.

● **અખબારી સ્વાતંત્ર્યના સંરક્ષક :**

સ્થિતપ્રજ્ઞ અને વિનીત એવા બ્રેલવી છેક ૧૯૪૨-૪૪ સુધી જાહેર જીવનમાં પડ્યા ન હતા પણ અખિલ હિંદ તંત્રી પરિષદે એમને પ્રમુખસ્થાને નીમ્યા ત્યારથી એ પ્રવૃત્તિમાં એમણે ખૂબ રસ લીધો. **આ અરસામાં અખબારી આઝાદીના મૂંગા પણ સમર્થ સંરક્ષક તરીકે એમણે કિંમતી કાર્ય કર્યું હતું.**

વાણી અને લેખન સ્વાતંત્ર્ય માટે પરદેશી સરકાર સામે પત્રકારોના સમૂહે ચલાવેલી તત્સમયની ઝુંબેશમાં સિદ્ધાંતો સાચવીને સમાધાન શોધવાના બ્રેલવીના સ્વભાવે ઘણો મોટો ફાળો આપ્યો અને કેટલાય જટીલ પ્રશ્નોનો કુનેહભરી મીઠાશથી ઉકેલ આણ્યો હતો. એમના જ સતત પ્રયત્નથી હિંદના પત્રો પરનો અંકુશ હળવો થયો હતો.

અનેક સમિતિઓના તે પ્રેરણાદાયી સભ્ય હતા. તેમની એ શક્તિની પ્રશંસા કરતાં **'સ્ટેટ્સમેન'ના તંત્રી ઇઆન સ્ટિફન્સે** (૧૯૦૩-૮૪) કહેલું કે 'બ્રેલવી જેવો ઉત્તમ કમિટીમેન (સભાસદ) મેં જોયો નથી.' માર્ચ ૧૯૪૮માં મળેલી યુનોની માહિતી અને અખબારી સ્વાતંત્ર્ય પરિષદ (જિનિવા)ના પ્રતિનિધિ મંડળના પણ તેઓ સભ્ય હતા.

હાડોહાડ રાષ્ટ્રવાદી એવા બ્રેલવીની નૈતિક દ્રઢતા એવી હતી કે ક્યારેક એમને અપમાનો પણ સહન કરવા પડ્યા હતા. છતાં એ સૌનો સરખો આદર કરતા અને પોતાનું અપમાન કરનાર સામે હસતા. ઈસ્લામ અને હિંદી સંસ્કૃતિની ખાનદાની એમના ચારિત્ર્યમાં શોભી નીકળી હતી.

● **મહારથી પત્રકારોમાંના એક :**

તંત્રી તરીકે વર્ષોની કામગીરીની, કારાવાસની અને તંત્રી પરિષદના પ્રમુખીય કાર્યબોજની એમના શરીર પર ધીરે ધીરે અસર થતી ગઈ. પરિણામે જાન્યુઆરી, ૧૯૪૫માં પ્રથમ અને સપ્ટેમ્બર ૧૯૪૬માં હૃદયરોગનો બીજો હુમલો આવેલો. તેનો ત્રીજો ઘાત એમના માટે જીવલેણ નીવડ્યો અને ૯મી જાન્યુઆરી, ૧૯૪૯ના મુંબઈમાં એમનું અવસાન થયું.

પત્રકારત્વને જ જીવન સમર્પણ કરનારા ઘણા સમર્થ તંત્રીઓ આપણા દેશે જોયા છે. પણ બ્રેલવી તો આગઝરતી કલમ પકડનારાઓથી નિરાળા જ શાંત અને ધીર પત્રકાર હતા. એમના 'ક્રોનિકલ'ના અગ્રલેખોમાંથી મુંબઈના સિંહ ફિરોઝશાહ મહેતા જેવી ત્રાડો સંભળાતી નહિ, પણ શાંત સ્થિર વિચારણા મળતી.

રામાનંદ ચેટરજી (૧૮૬૫-૧૯૪૩), નરસિંહ ચિંતામણ કેળકર (૧૮૭૨-૧૯૪૭), રંગાસ્વામી આયંગર (૧૮૭૭-૧૯૩૪), કાલીનાથ રોય (૧૮૭૮-૧૯૪૫), સી.વાય. ચિંતામણિ (૧૮૮૦-૧૯૪૧), કામાક્ષી નટરાજન્ જેવા મહારથી પત્રકારોની હરોળમાં સૈયદ અબ્દુલ્લા છેલ્લા અવશેષ સમાન હતા.

એમની સ્મૃતિમાં મુંબઈના ફોર્ટ વિસ્તારમાં જ્યાં 'ક્રોનિકલ'નું કાર્યલય આવેલું હતું તે મુંબઈ સમાચારના 'રેડ હાઉસ'થી શરૂ થતી જૂની પારસી બજાર સ્ટ્રીટનું મુંબઈ મહાનગર પાલિકા દ્વારા 'સૈયદ અબ્દુલ્લા બ્રેલવી માર્ગ' એવું નામકરણ કરાયું છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કિડની વિશે જાણો

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

વારસાગત બીમારીઓ હોય તો પરિવારજનોએ પણ ચેક-અપ કરાવવું.

પ્રોસ્ટેટ / પથરી / પેશાબમાં ચેપ માટે સમયસર સારવાર લેવી.

● **નેફ્રોલોજિસ્ટની સલાહ ક્યારે લેવી જોઈએ?**

★ કિડની ફેઈલ થવી / સિરમ ક્રિએટીનાઇનમાં વધારો થવો / પેશાબ બંધ થવો.
★ યુરીનમાં પ્રોટીન જવું / યુરીનમાં લાલ કણો જવા.
★ યુરીનમાં ચેપ લાગવો.
★ ડાયાલિસિસ.
★ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન.
★ ખૂબ જ વધારે બી.પી. રહેવું.
★ સિરમ ઈલેક્ટ્રોલાઇટમાં તકલીફ રહેવી.
★ વારસાગત કિડનીની બીમારીઓ.
★ ગર્ભાવસ્થા દરમિયાન બ્લડ પ્રેશર ઊંચું રહેવું અથવા કિડનીની તકલીફ થવી.

વ્યક્તિ વિશેષ


# સ્વ. પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર વિશે કેટલીક અવિસ્મરણીય હકીકતો

સંકલન :
દિનેશ આર. મહેતા

**જન્મ : તા. ૨૩-૦૮-૧૯૧૦**

**દેહવિલય : તા. ૨૪-૧૨-૧૯૭૬**

સ્વ. શ્રી પ્રેમજીભાઈના અવસાન પછી અઠવાડિયામાં જ શોક પ્રદર્શિત કરવા મળેલી કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ મંડળની સભામાં કચ્છની પ્રજામાં એમની સ્મૃતિ કાયમ જળવાઈ રહે એ માટે વિવિધ સ્વરૂપની ઘણી બધી રજૂઆતો થઈ હતી. ત્યારબાદ તેનાં અન્વયે એક સ્મૃતિગ્રંથ પણ પ્રગટ થયો હતો. તેમાંથી ચૂંટેલી કેટલીક વિગત અત્રે પ્રસ્તુત છે.



## કચ્છની આપત્તિનો ઉકેલ

પ્રેમજીભાઈનું જીવન એ સમગ્ર કચ્છની એક ગાથા સમાન છે. કચ્છની આપત્તિનો ઉકેલ એ જ પ્રેમજીભાઈની સ્મરણગાથા છે. ૧૯૪૬ની શરૂઆતમાં કવિ શ્રી નાનાલાલભાઈની શોક સભામાં એક વડીલે સ્વર્ગસ્થ નાનાલાલને અંજલિ આપી ત્યારે હું આશ્ચર્ય પામ્યો. એક રાજકારણી પુરુષ અને એક વકીલ આટલી સરળ અને સાહિત્યિક ભાષામાં સ્વ.ના જીવનનું નિરુપણ કરી શકે એવી કલ્પના નહીં. બસ, તે ઘડી અને ત્યારથી મને એમ થયું કે આ કોઇ વિશિષ્ટ વ્યક્તિ છે.

*– કુન્દનલાલ જ. ધોળકિયા*
*(પૂર્વ અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા)*

★

## ઊંડા અભ્યાસી, નિષ્ઠાવાન અને આગેવાન

સ્વ. પ્રેમજીભાઈ ઘણા ઊંડા અભ્યાસી, નિષ્ઠાવાન અને આગેવાન વ્યક્તિ હતા. "એમની ખોટ એ ફક્ત કચ્છની નહીં પરંતુ સમગ્ર ગુજરાતની ખોટ છે." તુમારોનો નિકાલ અને દુષ્કાળ દરમિયાન માણસો અને ઢોરની ઉત્તમ સંભાળ, એ એમનો મૌલિક ફાળો રહ્યો છે. કચ્છના વિકાસ માટે જે ગણીગાંઠી વ્યક્તિઓએ ઉત્તમ ફાળો આપ્યો છે એમાં એમનું સ્થાન મોખરે છે. એમની કાર્યપદ્ધતિથી અનેક લોકોનો પ્રેમ અને સદ્ભાવ એમણે સંપાદન કર્યો હતો.

*– બાબુભાઈ જ. પટેલ (પૂર્વ મુખ્યપ્રધાન)*

## પારડી ઘાસિયાના વિકટ પ્રશ્નનો ઉકેલ લાવવામાં યશસ્વી ફાળો

સ્વ. પ્રેમજીભાઈએ કચ્છની પ્રજા માટે આખી જિંદગી સુધી કાર્ય કર્યું છે. એમના કાર્યોની સુવાસ આખાય ગુજરાતમાં પ્રસરેલી છે. જમીન સુધારણાના કાયદાના અમલ માટે તેઓનું કાર્ય નોંધનીય છે. પારડી ઘાસિયાના વિકટ પ્રશ્નનો ઉકેલ લાવવામાં એમનો ફાળો યશસ્વી હતો. તેઓ મારા એક વિશ્વાસુ સાથી હતા.

*– હિતેન્દ્રભાઈ દેસાઈ (પૂર્વ મુખ્યપ્રધાન)*

★

## તેઓ ધર્મ અને ફિલસૂફીમાં ઊંડો રસ ધરાવનાર હતા

તેમનું આંતરજીવન માતબર હતું અને તેમનામાં આકર્ષક પ્રકારની અંતર્મુખતા હતી. તેઓ માત્ર સ્થૂળ રાજકારણનો જીવ નહીં પરંતુ ધર્મ અને ફિલસૂફીમાં ઊંડો રસ ધરાવનાર હતા.

*– યશોધર મહેતા (ગુજરાતના સિદ્ધહસ્ત લેખકશ્રી)*

★

## સુખદુઃખમાં ભાગીદાર બનનાર મોભી ગુમાવ્યો છે

ગુજરાતના બન્ની વિસ્તારોની સરખામણીમાં પછાત એવા કચ્છ માટે શ્રી પ્રેમજીભાઈ ઠક્કરની અણધારી ચિરવિદાય વસમી થઈ પડશે. ૬૬ વર્ષની ઉંમરે એમનો જીવનદીપ બુઝાતાં કચ્છની પ્રજાએ છેલ્લા ૩૭ વર્ષથી તેના વિકાસની ચિંતા કરનાર, તેનાં સુખદુઃખમાં ભાગીદાર બનનાર અને કચ્છનું રાજકીય મહત્ત્વ સ્થાપિત કરનાર મોભી ગુમાવ્યો છે.

*– 'ફુલછાબ' (તા. ૨૮-૧૨-૧૯૭૭)*
*(એક અગ્રગણ્ય અખબાર)*

★

## મજૂર પ્રવૃત્તિને સબળ ટેકો

કચ્છમાં અમારા તરફથી ચાલતી મજૂર પ્રવૃત્તિને શ્રી પ્રેમજીભાઈનો ઘણો મોટો અને સબળ ટેકો હતો. ગાંધીધામના હરિજન કામદારો માટે ૫૦૦ ઉપરાંત મકાનોની ગણેશનગર

સહકારી ગૃહમંડળી તેમની સક્રિય મદદથી જ ઊભી થઈ હતી. કચ્છને એક રચનાત્મક દૃષ્ટિવાળા કુશળ નેતાની ખરી જરૂર હતી ત્યારે જ ઈશ્વરે તેમને આપણી વચ્ચેથી લઈ લીધા.

*– અરવિંદભાઈ બૂચ (મજૂર મહાજન સંઘના પ્રમુખ)*

★

## અભિમાન અથવા હતાશા નહીં

ચડતીના સમયે તેમનામાં અભિમાન હતું નહીં તથા નિષ્ફળતાથી હતાશ થતા નહીં. પ્રધાનપદ મળ્યું તો તે દરજ્જે કામ કર્યું અને પ્રધાનપદ ગયું તો બીજા જ દિવસથી વકીલાત સાથે લોકસેવાના જૂના ચીલે તરત ગાડી ચલાવી, તેમાં તેમને સંકોચ કે શરમ નહીં. કચ્છની સ્થાનિક પરિસ્થિતિ અને રાજકીય સંજોગો વિશે નિષ્પક્ષ અને નિખાલસ ચર્ચા તેમની સાથે થઈ શકતી હતી. તે ચર્ચા ખાનગી રાખવામાં આવતી હતી. તેનો કદી દુરુપયોગ થયાનું મને યાદ નથી.

*– બાપાલાલભાઈ દોશી*
*(સૌરાષ્ટ્ર ટ્રસ્ટના માજી મેનેજિંગ ડાયરેક્ટર)*

★

## માનવપ્રેમી અને એમનું જીવન એક ખુલ્લા પુસ્તક જેવું

શ્રી પ્રેમજીભાઈના જીવનનો પ્રધાનસૂર 'માનવપ્રેમ' હતો. એમનું જાહેર જીવન એક ખુલ્લા પુસ્તક જેવું છે. તેઓએ જે કાર્ય હાથ ધર્યું તેમાં પોતાના પ્રાણ પૂર્યા. કઠિન પ્રશ્નોને પણ પ્રેમના પુટ આપી ઘૂંટી-ઘૂંટીને પ્રવાહી બનાવ્યા અને સૌને સંતોષ અને આનંદ થાય એવા પરિણામો નિપજાવ્યા.

*– અકબરઅલી જસદણવાલા (ગુજરાતના પૂર્વ પ્રધાન અને કવિ)*

★

## એમણે જીવન ધન્ય બનાવ્યું

શ્રી પ્રેમજીભાઈએ લોકો માટે બનતું બધું કરીને એમણે પોતાનું જીવન ધન્ય બનાવ્યું. આવા સેવકની સ્મૃતિ લાંબા સમય સુધી લોકોના દિલમાં જળવાઈ રહેશે.

*– રતુભાઈ અદાણી (ગુજરાત રાજ્યના માજી પ્રધાન)*

★

## આપબળ અને આત્મશ્રદ્ધાના આધારે જ આગળ વધ્યા

શ્રી પ્રેમજીભાઈ પોતાના આત્મબળ, આપબળને સહારે, આત્મશ્રદ્ધાના આધારે જ આગળ વધ્યા હતા. 'સેવાવૃત્તિ એ એમના જીવનનો પાયો હતો.' કેટલાક ઝરણાં અનેક આડાઅવળા રસ્તા ઓળંગી, ઝાડી-ઝાંખરા વચ્ચેથી નવો માર્ગ શોધીને પોતાના ધ્યેયને સર કરે છે. શ્રી પ્રેમજીભાઈ આ પ્રકારના ઝરણાં જેવા હતા. અંજારમાં જ્યારે શ્રી પ્રેમજીભાઈ બાલમંદિર ચલાવતા ત્યારે સૌથી પ્રથમ આ સેવાભાવી શિક્ષણપ્રેમી યુવાનનાં દર્શન કરવાની મને તક મળી હતી. એ વખતે બાળકો પ્રત્યેનો એમનો પ્રેમ જોઈને હું તો ચકિત થઈ ગયો હતો. સત્યાગ્રહની લડત વખતે એમણે આખા કચ્છમાં ફરી વળીને કચ્છી પ્રજાને જાગૃત કરવામાં મોટો ફાળો આપ્યો હતો.

*– દુલેરાય કારાણી (કચ્છના પ્રસિદ્ધ કવિ)*

★

## એક સ્વયંસિદ્ધ, શ્રેષ્ઠ આગેવાન

શ્રી પ્રેમજીભાઈ વર્તમાન કચ્છના શિલ્પી, ઘડવૈયા અને શ્રદ્ધેય આગેવાન હતા. તેઓ કચ્છની જનતામાં અને ગામેગામમાં સદાય સ્મરણીય રહેવાના છે. એક સમયે તેઓ લોહાણા કેળવણી ખાતાના શિક્ષક તરીકે ગામડાંમાં કાર્યરત હતા. કચ્છને "ક" વર્ગના રાજ્ય તરીકે રાખવા માટેના ડેપ્યુટેશનમાં શ્રી પ્રેમજીભાઈ કચ્છના રાજકારણના આગેવાન તરીકે દાખલ થયા હતા. કચ્છ દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ભળ્યું. ગુજરાત રાજ્ય અલગ થતાં તેમાં ભળ્યું. મુંબઈ રાજ્યમાં તેઓ ડેપ્યુટી મિનિસ્ટરે અને ગુજરાત રાજ્યમાં શરૂઆતથી વિવિધ પદે કાયમ રહ્યા હતા. પ્રેમજીભાઈનો પુરુષાર્થ, કાર્ય માટેનું કૌશલ અને દેશ પ્રત્યેની નિષ્ઠા સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

*– કાન્તિપ્રસાદ અંતાણી (ભુજ - કચ્છ)*

★


*સંકલન અને રજૂઆત : દિનેશ આર. મહેતા - અમદાવાદ*

## દુનિયામાં આર્થિક અસમાનતા

આર્થિક વૃધ્ધિ દર વધતો જાય છે તેમ આર્થિક (આવકની અને સંપત્તિની) અસમાનતા ઘટવાને બદલે વધતી જાય છે તે અત્યારના જગતમાં ઊંડી ચિંતાનો વિષય છે. આપણે જાણીએ છીએ કે જગતમાં અસમાનતા પ્રવર્તે છે તે અન્યાયી છે. નીચેના આંકડા તેનો ખ્યાલ આપે છે. અમેરિકાની માથાદીઠ આવક લગભગ ૫૫,૦૦૦ ડોલર છે અને ભારતની માત્ર ૧૯૪૦ ડોલર છે. જગતનાં સૌથી ધનીક આઠ વ્યક્તિઓની સંપત્તિ (વેલ્થ કે જેમાં શેરો, સ્ટોક, બોન્ડ્ઝ, ઘરો, ઝવેરાત, અન્ય મિલ્કત જેમ કે કાર, ટ્રક, વિમાન, રેસના ઘોડા, ઓફિસ, મોંઘા પેઈન્ટિંગ્સ, પેટન્ટ્સના હક્કો, અન્ય રહેઠાણો, જમીનની માલિકી વગેરેનો સમાવેશ થાય છે) અને જગતના ૩૫૦ કરોડ લોકોની મિલ્કત સરખી જ છે. સહરા નીચેના ઘણા આફ્રિકન દેશોની આવક ૮૦૦ ડોલરથી નીચે છે. અમેરિકામાં ૮૫ ટકા સંપત્તિ તેની વસ્તીના ૨૦ ટકા લોકોની હસ્તક છે અને છેક નીચેના ૪૦ ટકા પાસે કુલ સંપત્તિના એક ટકો નહીં પણ ૦.૩ ટકા જ છે. જગતના આ પ્રોબ્લેમને નંબર ૧ ગણી શકાય. અસમાનતાનું સમર્થન કરતા ધનીકો એમ કહે છે કે જગતનો પ્રોબ્લેમ નંબર ૧ અસમાનતાનો નહીં પણ ગરીબી દૂર કરવાનો છે. માટે ગરીબી ઘટાડો, અસમાનતા નહીં.

આરોગ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૪
# લક્ષણો



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)


આપણે જાણ્યું કે સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ (૧) આનુવંશિકતા, (૨) શરીરની ખાસ કરીને બ્રેઇનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના રસાયણો - ન્યુરોટ્રાન્સમિટર્સ, (૩) માનસિક ઉછેર, (૪) વ્યક્તિત્વ (Personality), (૫) લાગણીશીલતા, (૬) સંજોગો તથા પરિસ્થિતિ વધારે મહત્ત્વના છે અને આ ૯૦% ભાગ ભજવે છે. **નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયા બ્રેઇનમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સ ઉત્પન્ન કરે છે. જેના લીધે માનસિક બીમારી થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.** ગયા લેખમાં કિશોરભાઈના કેસ વિશે માહિતી મેળવી.

આ લેખમાં માનસિક સ્ટ્રેસના લક્ષણો વિશે ઉંડાણમાં જાણકારી મેળવીએ.

## સ્ટ્રેસના લક્ષણો

સ્ટ્રેસના લક્ષણોને ત્રણ વિભાગમાં વર્ણવી શકાય.

### ૧. શારીરિક લક્ષણો :

સામાન્ય રીતે દર્દી ડૉક્ટર પાસે શારીરિક તકલીફ / ફરિયાદને લીધે આવે છે. ભાવનાત્મક કે માનસિક ફરિયાદ કે લક્ષણોને લીધે ડૉક્ટરને દર્દી જવલ્લે જ કન્સલ્ટ કરે છે.

| | |
|---|---|
| ૧. માથું ભારી થઈ જવું. | ૨. માથામાં દુઃખાવો. |
| ૩. છાતીમાં દુઃખાવો. | ૪. પેટમાં દુઃખાવો. |
| ૫. નબળાઈ. | ૬. થાક લાગવો. |
| ૭. ગભરામણ થવી. | ૮. શરીરમાં કળતર થાય. |
| ૯. ઉબકા આવવા. | ૧૦. કબજિયાત રહે. |
| ૧૧. હાથપગ સૂઈ જાય. | ૧૨. વજન ઓછું થઈ જાય. |
| ૧૩. હાથમાં ધ્રુજારી થાય. | ૧૪. હાથપગમાં ઝણઝણાટી થાય કે ખાલી ચડી જાય. |

### ● ભાવનાત્મક લક્ષણો :

સામાન્ય રીતે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો / તકલીફો વિશે દર્દી ડૉક્ટર પાસે ફરિયાદ કરતા નથી. દર્દીને લાગે છે કે ડૉક્ટર / કુટુંબીજનો આ તકલીફો સમજી નહીં શકે, એના પર ધ્યાન નહીં આપે.

ડૉક્ટરે / કુટુંબીજનોએ દરેક દર્દીને ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે પોતાના તરફથી પૂછવું જરૂરી છે. આ કરવાથી ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે જાણકારી મળે છે, જે યોગ્ય નિદાન માટે અત્યંત આવશ્યક છે.

| | |
|---|---|
| ૧. નર્વસ થઈ જવાય. | ૨. ખોટી અકારણ ચિંતા થાય. |
| ૩. વિચારોમાં ખોવાઈ જવું. | ૪. નકારાત્મક વિચારો આવવા. |
| ૫. નજીવી બાબતોમાં ચીડાઈ જવું. | ૬. નિરાશાની લાગણી. |
| ૭. મુડ ન હોવો. | ૮. ગમગીનીમાં ડૂબી જવું. |
| ૯. મોજશોખમાંથી રસ ઉડી જવો. | ૧૦. વારંવાર રડવું આવવું. |
| ૧૧. ધંધા/કામ પર અનિયમિત જવું. | |

### ● માનસિક લક્ષણો :

| | |
|---|---|
| ૧. એકાગ્રતા ઓછી થવી. | ૨. ભૂલકણાપણું |
| ૩. આત્મવિશ્વાસ ઓછો થવો. | ૪. ગ્રહણશક્તિ ઘટી જવી. |
| ૫. નિર્ણયશક્તિ ઓછી થવી. | ૬. કામમાં મન ન લાગવું. |
| ૭. બેચેની થવી. | ૮. એક જગ્યાએ બેસી ન શકવું. |
| ૯. અજંપો થવો. | ૧૦. મુંઝારો થવો. |
| ૧૧. ચા-કોફીનું પ્રમાણ વધી જવું. | ૧૨. ધૂમ્રપાન વધારે કરવું. |
| ૧૩. ઊંઘ વધારે આવવી. | ૧૪. ભૂખ વધારે લાગવી. |

જ્યારે પણ શારીરિક તકલીફો હોય, વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન વગેરે **બધું જ નોર્મલ હોય ત્યારે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે તપાસ કરવી જરૂરી છે.** મનોચિકિત્સક પાસે મનની વૈજ્ઞાનિક તપાસ (મેન્ટલ સ્ટેટસ એક્ઝામિનેશન ) કરાવવી જોઈએ. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણશક્તિ વિશે મનોવૈજ્ઞાનિક તપાસ કરવાથી યોગ્ય નિદાન થઈ શકે છે. (કિશોરભાઈનો કેસ).

માનસિક સ્ટ્રેસની સારવાર વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

આરોગ્ય

# કિડની વિશે જાણો
# Know Your Kidneys

ડૉ. જય વસાવડા

શરીરમાં લોહીના શુધ્ધિકરણ અને તંદુરસ્તી માટે કિડની ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. શરીરમાંથી બિનજરૂરી ઉત્સર્ગદ્રવ્યો કાઢવા ઉપરાંત પણ કિડની ઘણા બધા અગત્યના કામ કરે છે. જેમકે શરીરમાં પ્રવાહીનું સંતુલન જાળવવું, બ્લડ પ્રેશરનું નિયમન કરવું, એસિડ અને ઇલેક્ટ્રોલાઇટ્સની માત્રા જાળવવી, હિમોગ્લોબીન બનાવવા માટે Erythroprotein બનાવવું, વિટામિન-ડી બનાવવું કે જે હાડકા અને કેલ્શિયમના નિયમન માટે જરૂરી છે.

આજના યુગમાં વિવિધ કારણોના પરિણામે કિડનીના રોગો ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. પણ આપણી રોજની જિંદગીમાં નાની નાની સાવચેતી રાખવાથી આ રોગો વધતા આપણે અટકાવી શકીએ છીએ. યોગ્ય સમયના નિદાન અને સારવારથી પરિણામમાં ખૂબ જ ફરક પડતો હોય છે. કિડનીના રોગો માટે એવું કહેવાય કે "Knowing is half battle won." તો આવો, જાણીએ કિડનીના રોગોના લક્ષણો અને સાવચેતી વિશે.

- **લક્ષણો :**

★ સવારે આંખોની નીચેના ભાગે સોજા આવવા.
★ યુરીન ઓછી માત્રામાં થવો.
★ વારંવાર યુરીન કરવા જવું પડે. રાત્રે વધારે વખત યુરીન કરવા ઉઠવું પડે.
★ પગે સોજા આવવા.
★ યુરીનમાં બળતરા થવી.
★ યુરીનમાંથી પ્રોટીન લીક થવું.
★ યુરીનમાં લોહી આવવું.
★ યુરીનમાં પરૂ આવવું.
★ યુરીનમાં અટકાવ થવો. વધારે જોર કરવું પડે.
★ ભૂખ ખૂબ ઓછી થઈ જવી. ઉલટી ઉબકા વારંવાર થવા.
★ બ્લડપ્રેશર ખૂબ જ વધારે રહેવું.
★ Advanced Kidney Failure માં શ્વાસ ફુલવો, ખૂબ જ નબળાઈ આવવી, લોહીની ટકાવારી ઘટવી, ખંજવાળ આવવી, મગજ તેમજ હૃદય પર અસર થવી, વગેરે જેવા ગંભીર લક્ષણો પણ આવી શકે.

Chronic Kidney Disease (CKD) ના શરૂઆતના તબક્કામાં કોઇ જ લક્ષણ જોવા મળતા નથી. જ્યારે કિડનીનો મોટાભાગનો હિસ્સો damage થાય છે ત્યારે લક્ષણો આવે છે. આ કારણના લીધે જ એવા દર્દીઓ કે જેમને કિડનીની બીમારીનું જોખમ વધું છે, તેમણે નિયમિત રીતે Tests કરાવવા જોઈએ. કિડનીના Basic testsમાં નીચેના ટેસ્ટનો સમાવેશ થાય છે : સીરમ ક્રિએટીનાઇન, યુરીન એનાલીસિસ અને સોનોગ્રાફી.

જો આ ટેસ્ટમાં થોડી પણ તકલીફ હોય તો તરત નેફ્રોલોજિસ્ટની સલાહ લેવી જોઈએ.

- **કયા દર્દીઓને કિડનીની બીમારીનું જોખમ વધુ હોય છે?**

★ ડાયાબિટીસ
★ હાઈપર ટેન્શન (બીપીની બીમારી)
★ કિડનીને નુકસાન કરતી દવાઓ જેમકે Pain Killers નો વધારે પડતો વપરાશ.
★ વારસાગત કિડનીની બીમારીઓ.
★ હૃદયરોગના દર્દીઓ, Obesity, કિડનીની પથરીવાળા દર્દીઓ.

- **સાવચેતી :**


★ રોજનું ૮-૧૦ ગ્લાસ પાણી પીવું.
★ પેઈન કીલર તેમજ અન્ય દવાઓનો ઉપયોગ ડૉક્ટરની સલાહ મુજબ જ કરવો.
★ ઉંમરલાયક લોકોએ રેગ્યુલર બોડી ચેક-અપ કરાવવું.
★ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર કાબૂમાં રાખવા.
★ વજન પરનું નિયંત્રણ, સમતોલ આહાર, વ્યસનો ટાળવા.

ઉપર જણાવેલા જોખમવાળા દર્દીઓએ રેગ્યુલર કિડની ચેક-અપ કરાવવું.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

વાર્તા

# સૂકી પીપળને ફૂટી કૂંપણ



બલવીરસિંહ જાડેજા

'એક્સક્યુઝ મી સર!'

'આપ જ ડૉ. સવલીયા છો, સર?'

'યસ એન્ડ નો. હું સવલીયા નથી પણ ડૉ. સાવલીયા જરૂર છું' કહીને બોલનાર અને સાંભળનાર બંને હસી પડ્યા.

'સોરી સર, આપના માટે એક અગત્યનો મેસેજ છે. સર, આપનું બુકિંગ જે હોટેલમાં હતું ત્યાંથી બદલીને કોઈ કારણવશાત હોટલ પાલ્મગ્રુપ, લંડન આઈ પાસે, થેમ્સના કિનારે કરવામાં આવ્યું છે. આયોજકો આપને, આપના ન્યુયોર્કથી નીકળતા પહેલાં જણાવી ન શક્યા એટલે આપના માટે અમને સ્પેશિયલ મેસેજ દ્વારા આપને જણાવવા કહેવાયું છે તેમજ ફેરફાર બદલ દિલગીરી વ્યક્ત કરવામાં આવી છે' કહીને બ્રિટીશ એરવેઝની ભારતીય કુળની યુવાન ઓફિસરે, ડૉ. કમલેશ સાવલીયાને જાણ કરી.

અમેરિકાથી લંડન, માનસશાસ્ત્રીઓની કોન્ફરન્સમાં આવેલા ડૉ. કમલેશ સાવલીયા આભાર માની બહાર આવ્યા.

બીજા દિવસે, સવારથી સાંજના ભરચક કાર્યક્રમ પછી હોટેલના પોતાના રૂમમાં થાક ઉતારી રહેલા ડૉ. સાવલીયા આગલા દિવસના પોતાના પ્રેઝન્ટેશન વિશે વિચારી રહ્યા હતા, ત્યાં જ રૂમના ફોનની રિંગ વાગી.

"સર... સંત ફ્રાન્સિસ હોસ્પિટલના સાયકોલોજિસ્ટ ડૉ. વિવેક પટેલનો આપના માટે મેસેજ છે કે, જ્યારે પણ આપને અનુકૂળતા અને સમય હોય ત્યારે આપની સાથે તેમણે વાત કરવા વિનંતી કરી છે. એમણે એમનો સેલ નંબર પણ આપેલ છે."

"અત્યારે જ વાત કરાવો."

"નમસ્કાર, જયશ્રીકૃષ્ણ. સાહેબ, હું છું ડૉ. વિવેક પટેલ શાખે મોવલીયા. અને આપ પણ સાવલીયા છો એટલે અમરેલી, ભાવનગર કે જુનાગઢ જિલ્લાના કોઈ ગામના હશો એવું મારૂં અનુમાન છે. આપને એરપોર્ટ ઉપર જે ઓફિસરે, આપની હોટલ બુકિંગના ફેરફાર વિશે જણાવ્યું તે મારી દીકરી રૂપાએ, બનેલા પ્રસંગથી મને માહિતગાર કર્યો એટલે એક સાઈકિયાટ્રિક ડૉક્ટર હોવાને નાતે, તેમજ આપના લંડન મુલાકાતની વિગત જાણ્યા પછી આપની સાથે વાત કરવા વિનંતી કરી હતી."

"ઓહોહો... ખૂબ જ આભાર ડૉ. વિવેક... મને પણ વતનના આટલે દૂર, મને ઓળખી જનાર માટે, વાત કરતાં ખૂબ જ આનંદ થયો. હું પણ અમરેલી જિલ્લાનો જ છું પણ ઘણા વરસોથી અમેરિકા છું. આપ અહીં યુ.કે.માં ક્યારથી છો?" ડૉ. સાવલીયાએ ઔપચારીક રીતે પૂછ્યું.

"સાહેબ, આપની સાથે ફોન ઉપર કેટલી વાત થઈ શકે? અનુકૂળતા હોય તો વધુ એક વિનંતી કરું, જો યોગ્ય લાગે તો..."

"ચોક્કસ, બોલો... બોલો..."

"પ્રથમ તો આપ મને આપના લેક્ચર્સના પ્રેઝન્ટેશનમાં હાજર રહેવાની તક અપાવો તો આભારી થઈશ. મને પણ માનસશાસ્ત્રના અભ્યાસુઓ સાથે આપની પાસેથી વધુ જાણવાની ઈંતેઝારી છે અને બીજી એક વિનંતી, કે આપના રોકાણ દરમિયાન આપ મારા ઘરે એક દિવસ સમય લઈને ડિનર કે આપણું દેશી વાળુ કરવા પધારો એવી મારી અને મારા કુટુંબના સભ્યોની ઈચ્છા અને લાગણી છે. તો અમે સૌ આપના આભારી થઈશું અને આપની સાથે ઘણી બધી વાતો રૂબરૂમાં કરી શકાય."

બ્રિટનના સમાજની 'એટીકેટી'થી વિપરીત, અંતરના ઉમળકાથી બોલાયેલા શબ્દોએ જાદુઇ અસર કરી અને ડૉ. કમલેશ સાવલીયાએ બંને વિનંતી માન્ય રાખી.

પોતાના લેક્ચર્સમાં મળેલા ડૉ. વિવેકની સાથે, નક્કી કર્યા મુજબ, એક સાંજે, પોતાને લેવા આવેલા ડૉ. વિવેક સાથે, તેમના "પ્રવીણા વિલા"માં પહોંચ્યા ત્યારે આખું કુટુંબ એમને સત્કારવા હાજર રહી, સ્વાગત કરવા તૈયાર હતું.

બંને પુત્રો, પુત્રવધૂઓ, એરપોર્ટ પર મળેલી દીકરી તેમજ પત્ની પ્રવીણાએ ડૉ. સાવલીયાનું પગે પડીને અભિવાદન અને સ્વાગત કર્યું.

કારમાંથી ઉતરીને પગમાં પડેલી ડૉ. વિવેકની પત્ની પ્રવીણા પગે લાગીને ઊભી થઇ અને ડૉ. કમલેશની નજર પ્રવીણા ઉપર પડતા જ ડૉ. સાવલીયા અવાચક બની એકીટસે,

આશ્ચર્યથી પ્રવીણાને જોતા જ રહી ગયા. કહોકે, શાન-ભાન ભૂલી ગયા અને ઊંડા વિચારમાં ડૂબી ગયા. 'એ..જ એ..જ રૂપ, એજ ચહેરો... એજ...'

"સર, આ મારી પત્ની પ્રવીણા.... ત્યાં સુધી તો કેટલાય સ્મૃતિ પટના પાના મનમાં ફરી ગયા."

"તું... તું હુડલીની લક્ષ્મી... લખમી... લખુની દીકરી છો?" "હા...હા... હું જ લખમીની, લખુમાની દીકરી પ્રવીણા છું. પણ તમે, આપ... કેવી રીતે ઓળખો?"

સાંભળીને આંખ મિંચીને ક્યાંય સુધી ઉંડા વિચારમાં ઉભા રહી ગયેલા ડૉ. કમલેશને ક્યાંય સુધી વિચારતા ઉભા રહેવા દઈ, સૌ આશ્ચર્યથી, એકબીજા સામે જોઈ રહ્યા હતા. પણ... જ્યારે ડૉ.ની બંધ આંખોમાંથી આંસુની ધાર વહેતી જોઈ ત્યારે ડૉ. વિવેકે, "સર... પ્લીઝ, ટેઈક ઈટ ઈઝી" કહીને ડૉ. સાવલીયાને વર્તમાનમાં લાવી દીધા.

આંખો ખોલી, પ્રવીણાએ ધરેલો પાણીનો ગ્લાસ પીને સ્વસ્થ થયેલા ડૉ. સાવલીયાને સૌ સભ્યો, આશ્ચર્ય સાથે ઓળખાણ નીકળતા સ્વજનની લાગણીથી જોઈ રહ્યા હતા.

"પ્રવીણા, હું અને તારી માતા લખુ બંને બાળપણના ભેરૂ છીએ. સાત ચોપડી સુધી હુડલીની શાળામાં ભેગા ભણ્યા છીએ. ઘણી બધી યાદો - પ્રસંગો સાક્ષી અને સાથી છીએ." કહીને ડૉ. સાવલીયા અટકી ગયા.

"હું આપને શું કહીને બોલાવું? આતા કહું તો ચાલશે?" પ્રવીણાએ બચપણની તળપદી ભાષામાં યાદ આવેલા શબ્દો બોલીને હક્ક માંગી લીધો.

"હા દીકરી, આતા જ કહેજે" ને એકાએક ફરી તેમની આંખ ભીની થઈ ગઈ.

"પ્રવીણા... ડૉક્ટર સાહેબની લખુમા સાથે વાત કરાવ, તો એમને પણ જરૂર ગમશે" કહીને વિવેક પટેલે સૂચન કર્યું.

કોઈ કંઈ વિચારે તે પહેલા તો પ્રવીણાએ માને ફોન જોડી દીધો. લંડનમાં સાંજના છ કે સાત વાગ્યા હોય એટલે અમરેલીમાં ૧૧.૩૦ કે રાતના ૧૨ વાગ્યા હોય. લખુમાના સેલ ફોનની રીંગ વાગી. ત્યારે કોઈ દિવસ નહીં, ને આટલી મોડી રાતે પ્રવીણાનો ફોન? સફાળા બેઠા થયેલા લખુમાએ મોટા અવાજે કહ્યું, 'શું થયું પ્રવીણા? આટલી મોડી રાતે કેમ ફોન કરવો પડ્યો?"

"મા કાંઈ નથી થયું. તને ઉજાગરો કરાવવો છે. બોલ જોઉં, અત્યારે અમારે ઘેર, તારી ઓળખાણ હોય તેવું કોણ આવ્યું હશે?" લખુમા બે મિનિટ વિચારતા રહ્યા, "કેમ અને કેવી રીતે ખબર પડે?"

"બેટા, હવે ઉખાણા ઉકેલવાની મારી ઉંમર નથી. કહી દે ને કોણ છે?"

"લે તું જ વાત કરી લેને મા" કહીને સેલફોન ડૉ. સાવલીયાને આપતા પહેલા "લાઉડ" મોડ ઉપર મૂક્યો.

"લખુ...?" બોલીને અટકી ગયેલા કમલેશ સાવલીયાને બે મિનિટ પછી હૃદયના ઉંડાણ અને આંખમાં આંસુ સાથેનો, લાગણીભીનો સ્વર સંભળાયો, "**કાળુ તું...?**"

**બંને તરફ લાગણીઓના પૂર, ગંગા-જમના ગાંડીતૂર થઈને, ઘુઘવતા સમુદ્રને મળે અને લોઢ ઉછળે તેવા હૈયાઓનો અહેસાસ, હાજર સૌ અનુભવી રહ્યા.**

"કાળુ, તું... આટલા વરસે...? ક્યાં હતો? અને કઈ રીતે પ્રવીણાના ઘરે પહોંચ્યો? મને યાદ કરતો હતો? પછી સામે છેડે મૌન અને એક બે હળવા ડૂસકા અને બંને બાજુ શાંતિ..."

પરિસ્થિતિ સંભાળી લેતા પ્રવીણાએ ફોન લઈ લીધો. "મા, કમલેશ આતા, અત્યારે કદાચ વાત નહીં કરી શકે. તારો અવાજ સાંભળીને લાગણી ભીના થઈ ગયા છે. પછી હું તને નિરાંતે બધી વાત કરીશ. મેં આજે એમને જમવા બોલાવ્યા છે. ખાસ આપણું દેશી જમવાનું બનાવ્યું છે. રોટલા - રીંગણાનું ભડથું, ખીચડી કઢી એવું બધું."

"પ્રવીણા, કાળુને - કમલેશને સુખડી બનાવીને જરૂર ખવડાવજે. એને સુખડી બહુ ભાવે છે. અને હા, એનું સરનામું લઈ મને મોકલજે હોં... ભૂલ્યા વિના..."

"હા મા... મેં તેં શીખવાડી છે એવી સરસ સુખડી બનાવી જ છે. તું ચિંતા ન કરતી. ત્યાં મોડી રાત થઈ ગઈ છે. હવે તું સૂઈ જા." કહીને પ્રવીણાએ ભલે ફોન બંધ કર્યો પણ અહીં, લખુમાને વરસો પહેલા, કાળુની યાદમાં ઊંઘ વિના વિતાવેલી રાતોમાં, હવે આજની રાત કે હવે પછીની રાતોની ઊંઘ વેરણ બનવાની હતી, એ પ્રવીણાને ક્યાં ખબર હતી. ખબર હતી તો કદાચ કમલેશ સાવલીયાને, કે એને પણ હવે જૂની યાદો ક્યાં ચેનથી સૂવા દેવાની હતી.

અસ્સલ કાઠિયાવાડી વાળુ, સંતોષ સાથે ભરપેટ સૌના આગ્રહ સાથે કરીને, બધા બેઠા હતા ત્યારે દીકરી રૂપાએ કુતુહલવશ પૂછી લીધું : "સર, બેઅદબી માફ કરજો પણ જે રીતે મારી નાની સાથે વાત કરતા આપ ભાવુક બની ગયા, તે રીતે સમજી શકાય કે બચપણમાં આપ બંનેના અંગત સંબંધો હશે નહીં?"

"હા દીકરી, અમે બાજુ-બાજુમાં રહીને, સાથે ભણીને, સાથે રમીને, મોટા થયા છીએ. તારા મોટા નાના બાપાએ એક પીપળ આંગણામાં વાવી હતી. તેને અમે બંને સાથે પાણી

પાતા. નિશાળમાં અમે બંને રાધા-કૃષ્ણ બનેલા, ત્યારથી બધા મને કાનો કહેતા અને લખમી મને લાડમાં કાળુ કહેતી અને હું તેને ખાનગીમાં રાધુ અને જાહેરમાં લખુ કહેતો. ત્યારથી અમે બધાના મોંએ કાળુ અને લખુ બની ગયા. મારી મોટી બહેને તો, અમને રાધા-કાન બનેલા જોયા ત્યારથી કહેતી કે, હું કમલેશને, કાનાને આ જ રાધા-લખુ જોડે પરણાવીશ. ભલે કાનજી રાધાને પરણી ન શક્યા, પણ હું તો મારા ભાઈ કાનાને રાધા સાથે જરૂર પરણાવીશ."

જૂની યાદો વાગોળતા ડૉ. સાવલીયા ફરી લાગણી ભીના થઈ ગયા. પછી સ્વસ્થ થઈ બોલ્યા કે, અમે બંને સાત ચોપડી સાથે ભણ્યા. પછી દુષ્કાળ પડતાં મારૂં કુટુંબ પ્રથમ તો અમદાવાદ અને પછી સુરત સ્થાયી થયું. ત્યાર પછી એકવાર હું ગામડે ગયો ત્યારે છેલ્લી વાર લખુને મળ્યો. ત્યારે તો તેણે અભ્યાસ છોડી દીધેલો અને ત્યારે તે પણ કિશોરીમાંથી યુવતી બની ગઈ હતી. છૂટા પડ્યા ત્યારે હવે ક્યારે મળશું? એવો પ્રશ્ન અમને બંનેને વગર પૂછ્યે જાગેલો. બસ પછી..." કહીને ફરી કમલેશ સાવલીયાએ આંખો લૂછી.

"પ્રવીણા, તમે હવે ઈન્ડિયા ક્યારે જવાના છો કે લખુ અહીં ક્યારે આવવાની છે?"

"આતા, અમે બંને — હું અને વિવેક આ ઉનાળે ત્યાં જવાના જ છીએ. સગામાં લગ્નપ્રસંગ છે પણ ખાસ તો માને મળવા. પણ મા તો ફક્ત એક જ વાર થોડા દિવસ માટે, વરસો પહેલા અહીં આવેલી, પણ એને અહીંનું વાતાવરણ માફક નથી આવતું એવું કારણ રજૂ કરે છે. અમે બધા ખૂબ આગ્રહ કરીએ છીએ, પણ માનતા નથી."

"ચાલો, આ વખતે તમે જાઓ ત્યારે મને જણાવજો. હું પણ તમારી સાથે જોડાઈશ. મારે તો હવે એક મોટી બહેન સુરતમાં છે. આપણે બહેન સાથે લખુને પણ યુ.કે. અને અમેરિકા બતાવીશું. મને ખાતરી છે, મને લખુ ના નહીં પાડે. પણ તારા બાપુજી,.... પપ્પા એ બધા...?"

"કોઈ નથી આતા. મારી મા તો મારા જન્મ પહેલાં જ નાનાના ઘરે આવી ગઈ હતી. પછી મારા બાપના ઘરે ગઈ જ નથી." "કેમ...?" "મારા દાદા તો બહુ સારા અને પ્રખ્યાત માણસ હતા. મારા નાનાના જૂના ભાઈબંધ પણ ખરા. એટલે એ સંબંધે લખુમાના લગ્ન મારા બાપ સાથે થયેલા. પણ મારા પિતામાં કુટેવો હતી, તે મારા નાનાને ખબર નહોતી. જુનાગઢના કોઈ બાપુના આશ્રમે દર્શન અને સત્સંગ કરવા જાઉં છું કહીને જુનાગઢ તે જતા અને ગાંજો ચરસ કે દારૂ પીતા અને જુગાર રમતા, એ તો અમને પાછળથી ખબર પડી. એકવાર મારી લખુમા પાસે મારા પિતાએ પૈસા માંગ્યા ત્યારે માએ કારણ પૂછ્યું અને દાદા પાસેથી પૈસા માંગવા કહ્યું એટલે એમણે જેમ તેમ બોલીને મારી મા ઉપર હાથ ઉપાડ્યો. એટલે મારી મા પીયરમાં આવી ગઈ. પછી મારા પિતા વાડીએ નશામાં, મરેલી હાલતમાં મળી આવ્યા. પછી મારી મા સાસરે ગઈ જ નહીં અને મારો જન્મ અને બાળપણ અને જીવન નાનાને ત્યાં જ વિત્યું અને ત્યાં જ હું મોટી થઈ. પણ... આતા,... તમારું કુટુંબ....?" પૂછીને પ્રવીણાએ સવાલ અધૂરો રાખ્યો.

થોડીવાર શાંત રહી, પાણી પીને ડૉ. કમલેશ સાવલીયા બોલ્યા, "મારૂં કોઈ સ્વજન ખાસ છે જ નહીં એટલે તો હું સ્વજન ભૂખ્યો છું. ને માટે જ ડૉ. વિવેકે મને વિનંતી કરી એટલે હું તમને સૌને મળવા તૈયાર થઈ ગયો અને હવે તો તમે બધા ઓળખીતા નીકળ્યા."

"પણ આતા, તમે લગ્ન જ નથી કર્યા?"

"હા અને ના દીકરી. અમદાવાદથી સુરત અમે સ્થાયી થયા પછી હું ગ્રેજ્યુએટ થયો અને માનસશાસ્ત્ર વિષયમાં યુનિ.માં પ્રથમ આવ્યો. આપણી જ્ઞાતિએ મારૂં સન્માન કર્યું. સમાજના એક અગ્રણી ગૃહસ્થએ મને 'આગળ ઉપર શું કરવું છે?' તેમ પૂછ્યું ત્યારે મેં અમેરિકામાં ભણવા અને માનસશાસ્ત્રમાં પીએચ.ડી. કરવાની ઇચ્છા વ્યક્ત કરી. પણ જો આર્થિક સહાયતા મળી શકે તો જ શક્યતા વ્યક્ત કરી. એમણે પોતાના સ્વાર્થ માટે, મને પોતાની નાની દીકરી માટેના પાત્રની ગણતરી કરી, મને અમેરિકા ભણવા મોકલ્યો હતો. જેની મને પાછળથી ખબર પડી. ચાર વરસ ભણી લીધા પછી પાછા પરત ભારત આવતા જ એમણે એમની દીકરીનો હાથ મને સોંપવાની ઇચ્છા વ્યક્ત કરી. ઉપકાર તળેના બોજથી મેં મારા માટે અયોગ્ય હોવા છતાં, મેં સ્વીકાર કર્યો પણ શરત મૂકી કે હું અમેરિકા સ્થાયી થઈશ. જે એમણે સ્વીકારી, પણ એમની દીકરીએ ન સ્વીકારી. કારણ પછી જ જાણવા મળ્યું કે એ બીજા કોઈ યુવકના પ્રેમમાં હતી. મેં હાથ જોડી, ક્ષમા માંગીને એમનું ઋણ ચૂકતે કરવાની શરત સાથે હું યુ.એસ.એ. પાછો ફર્યો. મારા મા-બાપ અને બનેવી કાર અકસ્માતમાં એક સાથે આ દુનિયામાંથી વિદાય થતાં હું ઘેરા શોકની લાગણીમાં સરી પડ્યો. ત્યારે જ મારી સહઅધ્યાયી નેન્સીએ મને માનસિક રીતે ભાંગી પડતો બચાવી લીધો. હું તેના પ્રેમમાં પડી ગયો. તે પણ મને ચાહતી હતી. પણ મેં જ્યારે તેને 'પ્રપોઝ' કર્યું ત્યારે તેણે નિખાલસ કબૂલાત કરી કે તે બ્લડ કેન્સરની દર્દી છે અને ગમે ત્યારે આ દુનિયા છોડી દેશે. એની સચ્ચાઈ અને લાગણી મને સ્પર્શી ગઈ. સમય વિતે, એને એના અંતની નજીકનો ભાસ થયો ત્યારે મેં એની કોઈપણ ઇચ્છા હોય, તો મારાથી શક્ય હોય તો પૂરી કરીશ તેમ જણાવ્યું. એણે માંદગીના બિછાને જ મારી

સાથે લગ્ન કરી, મારી પત્ની તરીકે વિદાય લેવાની ઈચ્છા વ્યક્ત કરી. જે મેં સ્વીકારી. પણ જતા પહેલાં મને વચનમાં બાંધતી ગઈ કે કમલેશ, કોઈપણ તને મારા જેટલો પ્રેમ કરનાર પાત્ર મળે તો મારી ઈચ્છાને માન આપી, તું એને લ્યુસી નામ આપીને લગ્ન કરી લેજે. એની વિદાયે ફરી મને નિરાશામાં ધકેલી દીધો. પણ એની યાદગીરી અને લાગણીએ, ફરી હું સામાન્ય જીવન જીવતો થઈ ગયો. ત્યારથી મારા માટે માનસશાસ્ત્ર એ જ મારી જિંદગી બની ગયું છે. આ છે મારી હકીકત... કહીને ડૉ. કમલેશે પાણી પીને સ્વસ્થ થયા. છતાં થોડા ઢીલા પડેલા સૌ કોઈ જોઈ શકતા હતા.

"અરે આતા, આમ તમે ઢીલા પડો તે કેમ ચાલે? મને ચોક્કસ ખાતરી છે કે તમને કોઈ યોગ્ય પાત્ર, તમારા જીવનમાં મળી જ જશે. ભગવાનકે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ." કહીને પ્રવીણાએ, ડૉક્ટરને પ્રોત્સાહિત કર્યા અને પોતાના પતિ તરફ સૂચક નજરે જોયું અને બંને પતિ-પત્ની એકબીજાના મનોભાવ સમજી ગયા.

પછી તો ડૉ. સાવલીયા વધુ બે દિવસ ડૉ. વિવેક અને પ્રવીણાના મહેમાન બની આત્મિય બની ગયા.

પ્રવીણાએ લખુ માને ફરી ફોન કર્યો ત્યારે લખુમાએ સૌપ્રથમ પૂછ્યું, "પ્રવીણા, તે કાળુ - કમલેશનું સરનામું લીધું કે નહીં? મારે એને કાગળ લખવો છે."

અરે મા હવે કાગળ કોણ લખે છે? અમે બધા આ ઉનાળે, આતા સાથે ત્યાં જ આવીએ છીએ. તું રૂબરૂ જ... વાત કરી લેજે ને!" "ભલે" કહી લખુમા વિચારે ચડી ગયા.

આટલા દિવસે એમણે એક જૂના પટારામાંથી એક પતરાની પેટીમાં સાચવી રાખેલો, એક પીળો પડી ગયેલો કાગળ, જે એમણે વરસો પહેલાં લખીને, ન મોકલાવી શકેલ પત્ર ફરી એકવાર વાંચ્યો.

"કાળુ... ઉતાવળથી કાગળ લખું છું. સરનામું નથી પણ અમદાવાદથી આવેલા ગામના વિનુએ કહ્યું કે હું સુરત જાઉં છું અને કાળુને મળું છું એટલે હાથોહાથ આપવા આ કાગળ લખ્યો છે. મારા બાપા, હવે સગપણ-લગ્નની ઉતાવળ કરે છે. તું છેલ્લે મળ્યો ત્યારે તેં કીધેલું કે તારી વાત ચાલે ત્યારે જણાવજે. તારા બાપા પાસે હું મારી મોટી બહેન મારફત તારું માગું નખાવીશ. હવે સમય આવી ગયો છે. કાગળ મળે, જે કાંઈ કરવું હોય તે જલ્દી કરજે, નહિંતર તારી લખુ બીજા કોઈની થઈ જાશે. બસ, થોડું લખ્યું ઝાઝુ કરીને વાંચજે." નીચે પોતે તે વખતે આંગળીમાંથી સોય ભોંકી કાઢેલા લોહીથી લખ્યું હતું "તારી લખુ." જે હવે સમય જતાં ઝાંખા પડી ગયેલા અક્ષર પોતાને વંચાતા હતા. પછી વિનુ તો જાણ કર્યા વિના જતો રહ્યો અને કાગળ પટારાની પેટીમાં જ રહી ગયો.

ફરી કાગળ લખુમાએ સાચવીને મૂકી દીધો. પણ એમણે હમણાં ફરીથી સૂકાઈ ગયેલી, બાપાએ વાવેલી પીપળને ફરી પાણી પાયું અને પોતે અને કાળુએ બચપણમાં સીંચેલા પાણીથી લીલીછમ, ઘટાદાર પીપળમાંથી, લગ્ન પછી પીયર પાછા ફર્યા પછી, કેટલી કલમો બનાવીને વહેંચી હતી, જે હંમેશાં કાળુની યાદ અપાવતી હતી અને કાળુની યાદ હંમેશાં લીલીછમ રહેતી હતી.

ઉનાળો શરૂ થતાં જ કાળઝાળ ગરમીના પ્રતાપથી લખુમાને થોડા વખતથી તાવ આવી જતો હતો. સાથી વલકુભાઈ, ખેતીવાડીની સાથે, લખુમાની સેવાચાકરી પણ કરતા. લીલીયામાં ડૉ. જોશી સાહેબને બતાવ્યા પછી લખુમાની તબિયત હવે સુધારા ઉપર હતી. આજે ગામમાં જ ખાસ વિઝિટે આવેલા ડૉ. જોશીની જાણ થતા જ, વલકુભાઈ, ડૉ. જોશી સાહેબને લખુમાની તબિયત બતાવવા તેડી લાવ્યા. ડેલીમાં દાખલ થતા જ, વલકુભાઈની નજર પીપળ ઉપર પડી જેને ઘણા વખતથી લખુમાએ પાણી પાવાનું શરૂ કરેલું.

**"અરે વાહ... લખુમા જુઓ... જુઓ... આપણી પીપળને કૂંપણ ફુટી."** સાંભળતા જ, હરખઘેલા થયેલા લખુમા નબળાઈ હતી છતાં ઓસરીમાં આવ્યા અને ત્યાં જ હીંચકા ઉપર બેસીને કૂંપળ ફુટેલી પીપળને તાકતા રહ્યા અને વિચારે ચડી ગયા. "હજી કાળુને મારા માટે ને મને એના માટે લીલીછમ લાગણી છે એટલે તો પીપળને કૂંપણ ફુટી."

"લ્યો લખુમા તમે તો હવે સાજા થઈ ગયા. હવે દવાની જરૂર જ નથી." ડૉ. જોશીએ લખુમાના મોં પર આનંદ અને ઉત્સાહનું તેજ જોઈને કહ્યું.

લખુમાએ જૂનો કાગળ કાઢીને ફરી વાંચ્યો. ત્યાં તો ભાવનગરથી આવેલી ટેક્સી લખુમાની ડેલી પાસે જ ઊભી રહી. ગામના છોકરાઓ, મોટેરાઓ, ટોળે મળીને આગંતુકને જોઈ રહ્યા હતા. આવનારે જાણે આ ઘરથી પરીચિત હોય તેમ ડ્રાઈવરને સામાન ઉતારવા કહ્યું અને રૂવાબભેર ડેલીમાં પગ મૂક્યો.

"...અરે... કાળુ તું...?" હાથમાં રહેલા પત્રને હીંચકા ઉપર મૂકી લખુમા ઉભા થયા પણ અશક્તિના હિસાબે, બે ડગલા ચાલીને ઓસરીની થાંભલી પકડીને અટકી ગયા. કમલેશ સાવલીયાને ખ્યાલ આવી જતા જ, ઝડપથી, હાથમાં રહેલી બ્રિફકેસ મૂકીને દોડ્યા અને લખુમાને પકડી લીધા. "લખુ... તારી તબિયત સારી નથી?" "ના કાળુ, હવે તું આવી ગયો... મોડો મોડો પણ આવ્યો ખરો! મારા માટે બસ એ જ પૂરતું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

સફળતા

## દરેક માણસ એની જીભની પાછળ છુપાયેલો હોય છે. જો એને સમજવો હોય તો એને બોલવા દો!



ભોલાભાઈ ગોલીબાર

આપણે હંમેશાં એવું વિચારીએ છીએ કે કાશ, કોઈ એવું મળી જાય જે આપણી અંદરની ઉર્જાને જગાવી જીવનને સમૃદ્ધ કરી દે. પણ સત્ય એ છે કે ઉર્જા તો આપણા બધાની અંદર છે, બસ જાગૃત કરવાની છે.

એક વખત સ્વામી વિવેકાનંદ સવારે એક કૂતરાને સહેલ કરાવી રહ્યા હતા. અચાનક એક યુવક આવ્યો અને બોલ્યો, ‘સ્વામીજી, મારી મદદ કરો. હું દિવસ-રાત મહેનત કરું છું, પછી પણ સફળતા મળતી નથી. જ્યારે મારા મિત્રોએ ઓછા સમયમાં પણ મોટી સફળતાઓ મેળવી છે. હું ક્યારેક ક્યારેક ડિપ્રેશનમાં પણ જતો રહું છું.’

સ્વામીજીએ કહ્યું, ‘હા બરાબર, હું તારી સમસ્યાનું સમાધાન કરી આપીશ. પણ તું થોડીવાર આ કૂતરાને સહેલ કરાવીને આવ.’

યુવક કંઈ બોલ્યા વગર કૂતરાને સહેલ કરાવવા ચાલ્યો ગયો. લગભગ અડધો કલાક પછી એ યુવક પાછો આવ્યો તો સ્વામીજીએ કહ્યું, ‘આ શું! તારા ચહેરા પર કોઈ થાક દેખાતો નથી, જ્યારે કે આ કૂતરો થાકેલો દેખાય છે. બધું ઠીક તો છે ને?’

યુવકે કહ્યું, ‘સ્વામીજી, મારું બધું ધ્યાન આ કૂતરાને સહેલ કરાવવા પર હતું. પણ આ કૂતરો અજીબ છે. જ્યારે કોઈ બીજા કૂતરાને જોતો તો ચિલ્લાતો અને એની પાછળ દોડવાનું શરૂ કરી દેતો. જ્યારે કોઇ કચરાના ઢગલામાં પડેલું ખાવાનું જોતો તો એ વાસી, સડેલા ખાવા તરફ જાય. આ કારણે કૂતરો થોડીવારમાં થાકી ગયો.’

સ્વામી હસી પડ્યા અને બોલ્યા, ‘મળી ગયો ને તને તારા પ્રશ્નનો જવાબ?’

યુવકને કંઈ સમજાયું નહીં. સ્વામીજીએ કહ્યું, ‘આ કૂતરાની જેમ તું પણ સીધા પોતાના ધ્યેયના રસ્તા પર ચાલવાના બદલે નક્કામા અહીં તહીં નકારાત્મક ચીજો તરફ ભાગતો રહે છે અને નકામી વાસી વાતો પાછળ લાગેલો રહે છે. જે વીતી ગઈ છે, જે હવે કોઈપણ પરિસ્થિતિમાં પાછી ફરવાની નથી, જેના કારણે તમે ધ્યેયથી ભટકી જાઓ છો. એટલે જરૂરી છે કે પોતાની ઉર્જાને જાતે ભેગી કરો અને ધ્યેય તરફ ચાલતા રહો.’

સ્વામીજીની વાત સાંભળી યુવકની આંખમાં ચમક આવી ગઈ. જાણે એને જીવનને અલગથી જોવાનો નજરિયો મળી ગયો.

મિત્રો, આપણે આપણી રૂચિને આધાર માની આપણી ઉર્જાને ભેગી કરી શકીએ છીએ અને બીજાને ફૉલો કરવાનું છોડી શકીએ છીએ. જો આપણે એવું કરી શકીએ તો જીવન સફળતાનો માર્ગ સરળ બનશે કારણકે આપણી ઉર્જા જ આપણી સંપત્તિ છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## કરુણાનિધિ : તમામ વડાપ્રધાનોનું શાસન જોનારા એકમાત્ર સી.એમ.

તમિલનાડુના પાંચવાર મુખ્યમંત્રી રહી ચૂકેલા મુથુવેલ કરુણાનિધિએ દેશના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરુથી માંડીને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીના તમામ નેતાઓનો કાર્યકાળ જોયો હતો. દ્રવિડિયન રાજકારણના કરુણાનિધિએ લાલ બહાદુર શાસ્ત્રી, મોરારજી દેસાઇ, ચરણ સિંહ, ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, વી.પી. સિંઘ, ચંદ્રશેખર, પી.વી. નરસિમ્હારાવ, એચ. ડી. દેવગૌડા, આઈ. કે. ગુજરાલ, અટલ બિહારી વાજપેઇ અને મનમોહન સિંહના વખતમાં પણ તમિલનાડુમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. દ્રવિડ મુનેત્ર કઝગમના પ્રમુખ તરીકે ૫૦ વર્ષ શાસન કરનારા કરુણાનિધિ પાંચ વાર તમિલનાડુના મુખ્યમંત્રી રહ્યા હતા. તેઓ ૧૯૫૭થી તમિલનાડુના વિવિધ મત વિસ્તારમાં ૧૩ વાર વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. આ એક પણ ચૂંટણીમાં તેઓ હાર્યા ન હતા, જે તેમની જબરદસ્ત લોકપ્રિયતાની સાબિતી છે. તામિલનાડુના પૂર્વ મુખ્યપ્રધાન એમ. કરુણાનિધિનું ૯૪ વર્ષની વયે તા. ૭-૮-૨૦૧૮ના રોજ નિધન થયું હતું.

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૮)

હંસરાજ સાંખલા

## નાનબાઈને રતનની યાદ

રતનના છૂટાછેડાના બનાવ પછી ત્રણેક વર્ષે મનુસખના (નાનબાઈના સસરાના) પરિવારે મહારાષ્ટ્રમાં ધંધો શરૂ કર્યો. શરૂઆતમાં જ કંપનીનો રસોડો કરવા નાનબાઈ ગઈ હતી. મનસુખની આગેવાનીમાં ધંધો સારો ચાલતાં મનસુખ સાથે નાનબાઈને પણ કાયમ માટે ત્યાં રહેવાનું થયું અને તેની દેરાણી - જેઠાણી પણ વારાફરતી રસોડો કરવા આવતી.

આજે જ દેશમાંથી વારા પ્રમાણે એના દેર ને દેરાણી આવ્યાં હતાં.

એની દેરાણીએ વાત કરી ‘‘પારૂકાકી મલ્યાં હતાં. ઈ આપડું સરનામું માંગતાં’તાં. કેતાં’તાં રતનબાઈની દીકરીએ તમારું બારેનું સરનામું મંગાવ્યું હે.’

નાનબાઈને થયું ‘મણાભાઈએ તાં ઈ ઘરથી છેડો ફાડી નાખ્યો હે. તો એની દીકરીને સરનામું ખપતું હોય તો આપડે ઘરેથી મંગાવે. પણ પારૂકાકી કનેથી ન મગાવે. પણ પછી ચોખવટ થઈ. નવા ઘરની દીકરીએ મંગાવ્યું હે.’

વર્ષો પછી આજે નાનબાઈ કને રતનની વાત નીકળતાં તેને રતન અને તે વખતે બનેલા બનાવો યાદ આવ્યા.

શરૂઆતનાં ઘણાં વર્ષોના અંતે અનેક પ્રયત્નો પછી નાનબાઇ રતનને માંડ ભૂલી શકી હતી. પોતે એ બનાવની કેટલીક ભીતરી હકીકતો જાણતી હોવા છતાં ગેઢેરાઓને એ બધું કહેવાની હિંમત ન બતાવી, ઈ પોતાની પ્રિય સખી રતનને ન બચાવી શકી. પોતાનાથી એક પ્રકારનું એ પાપ થઈ ગયું હોય એવા અપરાધભાવથી નાનબાઈ આ બધું ભૂલી શકતી ન હતી.

ઘણાં વર્ષો સુધી રતન માટે જીવ બાળ્યા પછી નાનબાઈ, એ બનાવને અને રતનને માંડ માંડ ભૂલી શકી હતી. હવે એના દુઃખી દિવસો યાદ કરીને પોતાનો જીવ બાળવા નો’તી માંગતી. છતાં આજે તેની દેરાણીએ વાત કાઢતાં નાનબાઈ થોડી વ્યથિત થઈ ગઈ.

હવે નાનબાઈને રતન વિશે આગળ ઝાઝું જાણવામાં રસ પણ ન હતો. નકામો જીવ બાળવો, રતનને ક્યાં વળાવી? ત્યાં શું છે? શું નથી? વગેરે પોતે અહીં આવી ગયા પછી એને કંઈ જાણવા મળ્યું ન હતું. શરૂઆતમાં માત્ર એટલા જ સમાચાર હતા કે એને ઉગમણા પાંચાડામાં વળાવી હતી. એને આજે પંદરેક વર્ષ વીતી ગયાં હશે.

આટલાં વર્ષો પછીયે રતન પ્રત્યે એટલી જ લાગણી અને એટલો જ આદર નાનબાઈના હૈયામાં હતો. એણે નારણકાકાને પોતાનું સરનામું જણાવ્યું અને કહેવડાવ્યું રતનબાઈની દીકરીએ સરનામું મંગાવ્યું હોય તો આ મોકલી દેજો.

પછીથી કોઈ સમાચાર ન હતા.

## રતન નાનબાઈને મળી

સમૂહલગ્નમાં કિશોર અને શારદા સાથે રતન પણ ગઈ. બે દિવસનો પ્રોગ્રામ હતો. પહેલા દિવસે માંડવા-મામેરાં અને બીજે દિવસે લગ્ન. માંડવાના દિવસે એ પ્રોગ્રામમાં રતને દૂરથી નાનબાઈને જોઈ.

એ મનમાંને મનમાં ખુશીથી ઝૂમી ઊઠી. ‘મારાં છોરાંના તાં હમાચાર જાણવા મલશે.’ એ આશાએ રતન ખુશ થઈ. આનંદમાં એના રોમેરોમ ઊભાં થઈ ગયાં. એણે જલાબાપાને યાદ કર્યા. નાનબાઈને મળતાં એની આંખમાં આંસુ આવી ગયાં. એક બાજુ જઈ થોડી વાતો કરી.

રતનને ઘણી બધી વાતો કરવી હતી પણ બધાંની વચ્ચે ઝાઝી વાતો થઈ નહીં શકી.

તે રાત્રે નાનબાઈ આગ્રહ કરી રતનને પોતાના ઘેર લઈ ગઈ. કિશોર તેનાં સાસરાપક્ષના કોઈ સગાને ત્યાં આવેલો હોઈ ત્યાં જ રોકાયો.

રતન તેની દીકરીયું અને દીકરાના એ છૂટી પડી ત્યારથી આજ સુધીના ઝીણા-જાડા, નાના-મોટા, આગળ-પાછળના બધા જ સમાચાર ફરી ફરી પૂછતી રહી. નાનબાઈ એના વિશે ઝાઝું જાણતી ન હતી. છતાં જેટલી માહિતી હતી તે બધા સમાચાર આપ્યા. નાનબાઈને થયું, ‘બિચારીને આટલાં વર્ષો પછીયે છોરાં માટે કેટલો બધો પ્રેમ હે! કેટલી બધી લાગણી હે! છોરાંને

મલવાની કેટલી બધી ઝંખના હે! ગમે તેમ તોય એ મા હતી ને? એક જન્મદાતા મા.'

તે દિવસે કોઈની ચડામણીથી દીકરી જ્યોતિએ તેને ભલે કુલટા મા કેધી'તી. આડે દિવસે રતન ઈ બધું ભૂલવાના પ્રયત્ન છતાં એ એનાથી નો'તું ભૂલાતું. તે નાનબાઈ મલતાં રતન આજે એ બધું ભૂલી ગઈ. રતનના દિલમાં વર્ષોથી સૂતેલી મા આજે ફરી જાગી ઊઠી. જન્મદાતા મા.

રતન માટે તો એ આજ પણ કાળજાના કટકા હતા. પવિત્ર કટકા! એ કટકા આજે નવી યાદો થકી લાગણીમાં તરબતર થયા. જેનાં ભૂખ-દુઃખ અને ભવિષ્ય માટે તો રતને તે દિવસે જગાને વશ થઈ પોતાના સર્વસ્વનું બલિદાન આપ્યું હતું.

નાનબાઈ પાસેથી રતને ગામની પણ ઘણી વાતો જાણી.

"તારા ગયા પછી બાર પંદર મહિને પાંચે ભાઈ-બહેન અને સાસુવહુને તારો દેર નાનજી બારેં તેડી ગયો. પછી તેના કોઈ સમાચાર નથી." ત્યાં રતનથી વચ્ચે જ પૂછાઈ ગયું.

"એના શું સમાચાર હે? ઈ ગામમાં આવેર્યા? બાઈ, તમને ખબર હે એને બીજી જડી?" — રતને જિજ્ઞાસાથી પૂછ્યું.

"એને હવે કોણ દેશે? હું ગામડે હતી ત્યાં હોદી એકાદીવાર ઈ ગામમાં આવ્યો'તો. મને મળવાની એની હિંમત ન હાલી. પણ એક દી શેરીમાં એની મુલાકાત થૈ ગી. તારા વિશે પૂછતો તો. ત્યાં કોઈ આવી ગયું ને વાત અધૂરી રી. ફરીવાર મુલાકાત થૈ નીં. તારા ગયા પછી બે ત્રણ વરહે અમે ઈયાં ધંધો કર્યો. અમને ઈયાં બાર ચૌદ વર થ્યાં. પણ ઈતાં કે તું કેમ જેમ કરોરી? કેમ હે તારો નવો પરિવાર ને સંસાર?"

"બાઈ, બધું ભરાભર હે. બૌ સુખી હૌં. લીલા લેર હે મને. ને દાદીયે થૈ ગી હૌં. પણ મારાથી મારાં છોરાં નથી ભૂલાતા..." અને એની આંખમાં આંસુ આવ્યાં.

રતને નાનબાઈને એના પરિવારની બધી માહિતી આપી. "મારો પરિવાર ખપે એટલા ધંધાવાળો પણ બહુ હુખી પરિવાર હે." એણે કહ્યું, 'આગલ્યા ઘરનાં એક દીકરી અને બે દીકરા જ હૈ. ત્રણેનેં મેંજ પેણાવ્યાં. છેલે દીકરો પેણાવ્યે ચાર વર થૈ ગ્યાં. શરૂઆતમાં દીકરાને મને મા કહેતાં શરમ થતીંતી. પણ ધીમે ધીમે બધું બરાબર થૈ ગયું.

"દીકરી મારી જ્યોતિ જેવી જ હૈ. હોશિયાર અને ડાઈ નામે એનું જ્યોતિ જેવું જ હે જ્યોતિકા. એટલે તાં જ્યોતિની છેલ્લી મુલાકાત નથી ભુલાતી...!" કહેતાં રતનની આંખમાં ફરી આંસુ આવી ગયાં.

રતને સામે બેઠેલી નાનબાઈના હાથ પોતાનાં હાથમાં પકડતાં આજીજીભાવે કહ્યું, "બાઈ, મને એકવાર મારાં છોરાંને મળવું હે. ક્યાંકથી એના સરનામાં મળે તો ગોતી દ્યોને! હું એને હમજાવી લૈશ. ઈ ના નીં કે. ને કદાચ આડાઅવળા થશે તો મારી દીકરી જોતિકા હેને. ઈ ચોક્કસ મોંમેળાપ કરાવશે. ઈ મારી જોતી જેવી જ...! રતનને એની દીકરીઓ યાદ આવી ગઈ. એની આંખમાં ફરી આંસુ આવી ગયાં. એના ગળે ડૂમો ભરાયો. એ આગળ ન બોલી શકી.

આ રીતે આખી રાત બંને સખીઓ વાતો કરતી રહી ને રડતી રહી. રતન વાતોથી ધરાતી ન હતી. બંને સખી છેક ત્રણેક વાગે પથારીમાં આડી પડી.

રતન પથારીમાં પડી પડી રડતી રહી. વારંવાર જલાબાપાને યાદ કરી પ્રાર્થના કરતી રહી 'હે જલાબાપા, આજ નાનબાઈ મલી તો એના દ્વારા હવે છોરાંના મોં-મેળાપ કરાવી દ્યો. જલદી મોંમેળાપ થાય એના માટે રતને અનેક માનતાઓ કરી નાખી. એને ઊંઘ ન આવી. તો નાનબાઈ પણ પડખાં ફેરવતી રહી.

છેક સવારમાં બંનેની આંખ મીંચાઈ હશે. ત્યાં જ સવાર પડી.

## જ્યોતિકા નાનબાઈ માસીને મળી

સમૂહલગ્ન વખતે રતન અને નાનબાઈની અનાયાસે થયેલી મુલાકાત પછી જ્યોતિકાના કહેવાથી રતન, જ્યોતિકા અને બે દોયત્રાં (જ્યોતિકાનાં બે બાળકો) લઈ નાનબાઈને મલવા આવી.

નાનબાઈને રતનની દીકરી સમજદાર, ગંભીર અને રતન કહેતી'તી એવી જ લાગણીશીલ લાગી. વાતચીત દરમિયાન રતનથી ન રહેવાતાં જ્યોતિકાની હાજરીમાં જ પાંચેય બાળકોને મળાવવાનું નાનબાઈને રતને યાદ દેવરાવ્યું ને તેની આંખમાં આંસુ આવી ગયાં.

દીકરી જ્યોતિકાએ આંસુ લૂછતાં કહ્યું, "મા, તમને તમારી દીકરી માથે વિશ્વાસ નથી? મેં તમને વચન દીધું હે ને હવે જેમ બને તેમ જલદી મારાં પાંચે ભાઈબોનથી તમારો મોંમેળાપ કરાવીશ. તમે હવે થોડીક ધીરજ રાખો." કહેતાં રતન દીકરીને ભેટી રડી પડી.

નાનબાઈની આંખમાં પણ આંસુ આવી ગયા.

થોડીવાર પછી જ્યોતિકાએ કહ્યું, "માસી, નાનાબાપાએ દેશમાંથી તમારું સરનામું તો મોકલ્યું'તું ને હું તમને મલવાય આવનારી'તી. પણ થ્યું, સમૂહલગ્નના દી મળશું પણ તે દી મારા મોટા હાહરાને ઘરે પ્રસંગ હતો એટલે હું ન આવી હકી પણ હારું થ્યું. તમારી ને મારી માની મુલાકાત થૈ ગી. હવે તમે ગમે તેમ કરીને મારી બોનું ક્યાં ક્યાં રેર્યું ઈ સરનામાં જલદી ગોતી દ્યો. મારી માને એનો જલદીમાં જલદી મોંમેળાપ કરાવવો હે.

"સરનામા તો હું ગોતી દઈશ બેટા, પણ તને ખબર હે તારી બોન જ્યોતિ છેલ્લે છેલ્લે તારી માની વિદાય વખતે કેવું કેવું બોલી'તી? ઇ તારી માને મળવા તૈયાર થશે?" નાનબાઈએ શંકા વ્યક્ત કરી.

"માસી, ઇ ગમે તેવું બોલી હોય. હું હૌં ને. બધું હંભાળી લૈશ. એને પગે પડીશ. એને હાચી વાત જણાવીશ. પણ હું મા દીકરીનો મોંમેળાપ કરાવીને જ જંપીશ."

નાનબાઈ રતનની દીકરીનો જુસ્સો જોઈને વારી ગઈ. તેણે કહ્યું, "બેટા, સરનામા લેવા ઓખાં (અઘરાં) નથી. હું તને મૈનામાં જ બધાં સરનામાં દઇ દઇશ. પણ એટલું ધ્યાન રાખજે આ તારી દુઃખયારી માની લાગણીને હવે બીજો કોઈ આઘાત ન પોંચે. ઇ હવે થાકી ગી હે. ભગવાને એની કસોટી કરવામાં કાંય બાકી નથી રાખ્યું. થોડું અટકીને નાનબાઈએ આગળ કહ્યું, "લાગેર્યું, તારી મા કોંક હરાપની મારી આવી પડી હે. નકો ઇ દેવી હશે દેવી. પણ એને આજ દી હોદી કોઈ ઓળખી નથી હક્યું. તું થોડીક ઓળખોરી એવું લાગેર્યું. બાકી તારા બાપુજીયેંય નીં. જ્યોતિકા નાનબાઈ માસીનો કહેવાનો મર્મ સમજી ગઇ. "લાગેર્યું, મારી નિખાલસ ભોળી માએ માસીને હમણાં પાછળથી બનેલા બનાવો પણ કૈ દીધા હે."

રાત્રે મોડે સુધી આવી બધી વાતો કરી. હવે કામ થઈ જશે એવી આશા અને સંતોષ સાથે બંને મા-દીકરી સરવાના પરત રવાના થઈ.

***(ક્રમશઃ)***

## વાર્તા : સૂકી પીપળને ફૂટી કૂંપણ

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

છે." બંને ઓસરીના હીંચકા ઉપર બેઠા. હીંચકા ઉપર પડેલો કાગળ લખુમાએ કાળુને આપ્યો. વાંચીને કાળુ અને લખુમાની આંખોમાંથી આંસુઓની ધાર ડેલીમાં ટોળે વળેલા સૌ કોઈ જોતા રહ્યા. પણ... ગામના માણસો જોઈ રહ્યા છે એ ખ્યાલ આવતાં લખુમા સ્વસ્થ થઈ બોલ્યા, "ઊભો થા કાળુ, ચાલ આપણે પીપળને ફરી એકવાર પાણી પાઈએ." ટોળું જોતું રહ્યું અને બંનેએ એકબીજાને ટેકે પીપળને પાણી પાયું અને પછી લખુમાએ જાતે જઈને કાળુ માટે સુખડી બનાવી.

યુ.કે.થી વતન આવવા નીકળેલા પ્રવીણા અને ડૉ. વિવેક, બરફ અને વાવાઝોડા સાથેના વરસાદને લઈને હીથરો એરપોર્ટથી જ, ફ્લાઈટ કેન્સલ થતાં ઘરે પરત આવ્યા. વાતાવરણ એવું હતું કે કોઈ રીતે સંપર્ક થોડા દિવસો સુધી સંભવ જ નહોતો.

કુટુંબમાં લગ્ન પ્રસંગ પૂરો થતાં જ, વલકુભાઈને ઘર અને ખેતીવાડી સોંપી લખુમા અને ડૉ. સાવલીયા દીકરી પ્રવીણાના ઘરે જવા રવાના થયા. હજી યુ.કે.નું વાતાવરણ સંપૂર્ણ રીતે જવાલાયક નહોતું એટલે યુ.કે. જનારાઓની ટિકિટો અને ફ્લાઈટ કેન્સલ થઈ રહી હતી. લખુમા અને ડૉ. કમલેશ ઉર્ફે કાળુ પાસે વિઝા તો હતા જ, ટિકિટ જ લેવાની હતી.

જેવી ફ્લાઈટો શરૂ થઈ અને ટિકિટો મળતા જ, ડૉ. કમલેશ, લખુમા સાથે, પ્રવીણાના ઘરે પહોંચીને બેલ મારી.

અડધી રાતે, ઊંઘમાંથી ઉઠી ગયેલા ડૉ. વિવેક અને પ્રવીણા માના કે આતાના દિવસોથી સંપર્ક નહીં કરી શકેલા પુત્રી-જમાઈને "અત્યારે અડધી રાતે કોણ હશે?"ની ચિંતા સાથે, કી હોલમાંથી નજર કરતાં કાંઈ દેખાયું નહીં. એટલે ચિંતિત થઈને સાવચેતીથી દરવાજો ખોલ્યો. ત્યારે... બાજુમાં લપાઈને ઊભેલા ડૉ. સાવલીયાએ કહ્યું, **"હલ્લો! હું છું ડો. કમલેશ સાવલીયા ઉર્ફે કાળુ અને આ છે મારી પત્ની લ્યુસી ઉર્ફે લખુ."** પ્રવીણા દોડીને માને તથા આતાને ભેટી પડી.

***૧૨, ઘર આંગણ ફ્લેટ્સ, વિજય ચાર રસ્તા પાસે,***
***નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## રોબોટિક્સ

ચાવી કે ઈલેક્ટ્રિક વડે હાલતા ચાલતા ઢીંગલા-ઢીંગલી કે પ્રાણીના રમકડાંને આપણે રોબોટ પણ કહીએ છીએ. રોબોટ એ માત્ર રમકડાં નહીં પરંતુ ઉપયોગી સાધન છે. ટેકનિશિયનો ઘરમાં કચરો બાળી આપવાથી માંડી દર્દીના ઑપરેશન કરી આપે તેવા રોબોટ્સ બનાવે છે. રોબોટ માણસના આકારનું જ હોય તેવું નથી. જે હેતુથી તે બન્યા હોય તેમાં ઉપયોગ થાય તેટલા અંગો બને એટલે રોબોટ તૈયાર. ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં 'કેનેડા આર્મ' નામનો રોબોટ એક હાથ જેવો છે અને તે રિપેરિંગનું કામ કરે છે.

રોબોટની દુનિયા અનોખી છે. રોબોટ બનાવવા અને સંશોધનો કરવાના ક્ષેત્રને 'રોબોટિક્સ' કહે છે. ઘણાં રોબોટ તો માન્યામાં ન આવે તેવા કામ કરે છે. વિશ્વભરમાં વિવિધ કારખાના, લેબોરેટરી, હોટલ, હોસ્પિટલ, ઘરો અને ઓફિસમાં ૧૦ લાખથી ય વધુ રોબોટ કામ કરે છે.

જાપાનની એક કંપનીએ રિયલ બેબી રોબોટ બનાવ્યો છે. જે હસે છે, બોલે છે, ગીત ગાય છે અને રડે છે તેમજ હાવભાવ પણ દર્શાવે છે.

વિશ્વમાં સૌથી વધુ વપરાતી આઈ રોબો રોમ્બા નાનકડી ગોળાકાર ડિસ્ક જેવો છે. જે આપમેળે આખા ઘરમાં ફરીને કચરો સાફ કરી આપે છે.

જંગલો, પિરામિડો જેવા દુર્ગમ સ્થળોની ફોટોગ્રાફી તથા તપાસ માટે કેમેરાથી સજ્જ રોબોટ પણ જોવા મળે છે. ■

# ભારત : ઇતિહાસના સીમાસ્તંભ – ૧ (૨૦૦૬ સુધી)

## ઇસવીસન પૂર્વે

**૩૦૦૦ : મહાભારતનું યુદ્ધ**
૩૦૦૦-૧૫૦૦ : સિંધુ સંસ્કૃતિ
૨૫૦૦ : આર્યોનું ભારતમાં આગમન
૧૦૦૦ : આર્યો ગંગાના મેદાનમાં વસ્યા
૮૦૦ : આર્યોએ બંગાળ તરફ વસવાટ શરૂ કર્યો
૫૯૯-૫૨૭ : મહાવીર સ્વામી અને જૈન ધર્મ
૫૬૬-૪૮૬ : ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ
૫૫૦ : ઉપનિષદની રચના
૩૨૭-૩૨૬ : સિકંદરની હિંદ પર ચઢાઇ
૩૨૩ : સિકંદરનું મૃત્યુ
૩૨૧ : ચંદ્રગુપ્ત મૌર્યનો રાજ્યકાળ, અર્થશાસ્ત્રની રચના
૨૭૨-૨૩૨ : સમ્રાટ અશોકનો રાજ્યકાળ
૧૮૫ : પુષ્યમિત્રા સંગ સામ્રાજ્યની સ્થાપના
૧૪૫ : ચોલ રાજાનો શિલોન વિજય
૫૬ : વિક્રમ સંવતની શરૂઆત
૨૬ : પાંડ્ય રાજા પ્રતિનિધિને રોમ મોકલે છે.

## ઇસવી સન

૭૮ : શક સંવતની શરૂઆત
૯૮-૧૧૭ : કનિષ્ક, કુશાન રાજા
૩૨૦-૫૫૦ : ગુપ્ત વંશની સ્થાપના,
અજંતા-ઇલોરાનું નિર્માણ
૩૬૦ : સમુદ્રગુપ્તે લગભગ આખા ભારતને જીત્યું
૩૮૦-૪૧૩ : વિક્રમાદિત્યનો શાસનકાળ, કાલીદાસનો સમય
૪૫૪ : હૂણ લોકોનું આક્રમણ
૬૦૬-૬૪૭ : હર્ષવર્ધનનો શાસનકાળ
૬૨૯ : ચીની યાત્રી યુએન સંગનું આગમન
૭૧૧ : સિંધ પર મહંમદ બિન કાસીમનું આક્રમણ
૭૩૫ : પારસીઓનો ગુજરાતમાં પ્રવેશ
૭૮૮ : શંકરાચાર્યનો જન્મ
૧૦૦૧-૧૦૨૬ : મહમદ ગઝનવીની ચઢાઇઓ
૧૧૯૧ : પૃથ્વીરાજ ચૌહાણ સામે મહંમદ ઘોરીની હાર
૧૧૯૨ : ઘોરીના હાથે પૃથ્વીરાજ ચૌહાણની હાર
૧૨૦૬ : દિલ્હીમાં ગુલામ વંશની સ્થાપના
૧૨૨૧ : ચંગીઝખાનની રાહબરી હેઠળ મોંગોલોનું આક્રમણ
૧૨૩૬ : રઝિયા બેગમ દિલ્હીની સુલતાન બની
૧૨૯૦ : જલાલુદ્દીન દ્વારા ખલજી વંશની સ્થાપના
૧૨૯૮ : માર્કો પોલો ભારતની યાત્રાએ
૧૩૨૦ : ગિયાસુદ્દીન દ્વારા તઘલખ વંશની સ્થાપના
૧૩૩૩ : ઈબ્નબતુતા ભારતની મુલાકાતે
૧૩૩૬ : વિજયનગર સામ્રાજ્યની સ્થાપના
૧૩૯૮ : તૈમૂર લંગનું આક્રમણ
૧૪૫૧ : લોદી વંશની સ્થાપના
૧૪૬૯ : શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ
૧૪૯૮ : વાસ્કો-દ-ગામાનું કાલિકદ બંદરે આગમન
૧૫૧૦ : આલ્બુકર્ક ગોવાના ગવર્નર
૧૫૨૬ : પાણીપતનું પ્રથમ યુદ્ધ, મુઘલ રાજ્યની સ્થાપના
૧૫૪૦-૫૫ : શેરશાહનું દિલ્હી પર શાસન
૧૫૫૬ : પાણીપતનું બીજું યુદ્ધ, અકબરના હાથે હેમુનો પરાજ્ય
૧૫૬૪ : અકબરે હિંદુઓ પર લાગતો જજિયાવેરો નાબૂદ કર્યો
૧૫૬૫ : તાલિકોટાનું યુદ્ધ - વિજયનગર સામ્રાજ્યનો અંત
૧૫૭૧ : અકબર દ્વારા ફતેહપુર-સિક્રીની સ્થાપના
૧૫૭૬ : હલ્દીઘાટીનું યુદ્ધ, અકબર સામે રાણા પ્રતાપની હાર
૧૫૮૧ : અકબરે દિન-એ-ઇલાહી ધર્મની સ્થાપના કરી
૧૬૦૦ : ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના
૧૬૦૪ : શીખોના પવિત્ર ગ્રંથ આદિ ગ્રંથ સાહિબની રચના
૧૬૦૫-૨૭ : જહાંગીરનો શાસનકાળ
૧૬૦૯ : ડચ લોકોનું પુલિકટમાં વેપારી થાણું
૧૬૧૩ : સુરતમાં અંગ્રેજોનું થાણું
૧૬૨૮-૫૮ : શાહજહાંનો શાસનકાળ
૧૬૫૯ : ઔરંગઝેબ દિલ્હીની ગાદી પર બિરાજમાન
૧૬૬૪ : શિવાજીનો રાજ્યાભિષેક
૧૬૭૫ : તેગબહાદુરનો ઔરંગઝેબ દ્વારા વધ
૧૬૯૯ : ગુરુ ગોવિંદસિંહે ખાલસા પંથની સ્થાપના કરી

૧૭૨૦ : બાજીરાવ પેશ્વા પુણેના શાસક બન્યા
૧૭૩૯ : પર્શિયાના નાદીર શાહે દિલ્હી જીત્યું
૧૭૫૭ : પ્લાસીનું યુધ્ધ, અંગ્રેજો સામે સિરાજ-ઉદ્-દૌલાની હાર
૧૭૬૧ : પાણીપતનું ત્રીજું યુદ્ધ, અહમદ શાહ અબદાલીએ મરાઠાઓને હરાવ્યા
૧૭૬૪ : બકસરનું યુદ્ધ, અંગ્રેજો સામે મીર કાસિમની હાર
૧૭૬૭ : મૈસૂરનું પ્રથમ યુદ્ધ, હૈદરઅલી સામે અંગ્રેજોની હાર
૧૭૭૨ : વૉરન હેસ્ટિંગ્સ બંગાળના ગવર્નર
૧૭૮૦ : મૈસૂરનું બીજું યુદ્ધ, અંગ્રેજો સામે હૈદરઅલીની હાર
૧૭૮૪ : પિટ્સ ઈન્ડિયા એક્ટ અમલમાં
૧૭૯૦ : મૈસૂરનું ત્રીજું યુદ્ધ, ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે સંધિ
૧૭૯૮ : વેલેસ્લી ગવર્નર જનરલ
૧૭૯૯ : મૈસૂરનું ચોથું યુદ્ધ, ટીપુ સુલતાનનું મૃત્યુ
૧૮૨૮ : લોર્ડ વિલિયમ બેન્ટીક ગવર્નર જનરલ
૧૮૨૮ : રાજા રામમોહન રાય દ્વારા બ્રહ્મો સમાજની સ્થાપના
૧૮૪૮ : લોર્ડ ડેલહાઉસી ગવર્નર જનરલ
૧૮૫૩ : ભારતમાં મુંબઈ અને થાણે વચ્ચે રેલવેની શરૂઆત
૧૮૫૪ : તાર-ટપાલની શરૂઆત
**૧૮૫૭-૫૮ : ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ**
૧૮૫૮ : ભારતનો વહીવટ બ્રિટીશ શાસને સંભાળ્યો
૧૮૬૯ : ગાંધીજીનો જન્મ
૧૮૭૪ : બંગાળમાં કારમો દુકાળ
૧૮૭૫ : દયાનંદ સરસ્વતી દ્વારા આર્ય સમાજની સ્થાપના
૧૮૮૫ : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના
૧૯૦૫ : બંગાળનું વિભાજન
૧૯૦૬ : મુસ્લિમ લીગની સ્થાપના
૧૯૦૯ : મોર્લે-મિન્ટો સુધારા
૧૯૧૧ : અંગ્રેજોએ રાજધાની કોલકાતાથી દિલ્હી ખસેડી
૧૯૧૪-૧૮ : પ્રથમ વિશ્વયુદ્ધ
૧૯૧૫ : ગાંધીજીનું આફ્રિકાથી ભારતમાં આગમન
૧૯૧૫ : એની બેસન્ટ દ્વારા હોમરૂલ લીગની સ્થાપના
૧૯૧૯ : જલિયાંવાલા બાગ હત્યાકાંડ, મોન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારા
૧૯૨૦ : અસહકારનું આંદોલન
૧૯૨૨ : ચૌરીચોરામાં હિંસા થતાં અસહકાર આંદોલન મોકૂફ
૧૯૨૩ : સી.આર. દાસ અને મોતીલાલ નહેરુ દ્વારા સ્વરાજ પક્ષની રચના
૧૯૨૭ : સાયમન કમિશનનું આગમન
૧૯૨૯ : પૂર્ણ સ્વરાજનો ઠરાવ
૧૯૩૦ : સવિનય કાનૂનભંગ આંદોલન, દાંડીકૂચ, ડૉ. સી.વી. રામનને નોબેલ પારિતોષિક
૧૯૩૫ : રિઝર્વ બેન્કની શરૂઆત
૧૯૪૨ : હિંદ છોડો આંદોલન
૧૯૪૩ : સુભાષચંદ્ર બોઝ - આઝાદ હિંદ ફોજના નેતા
૧૯૪૬ : કેબિનેટ મિશન હિંદની મુલાકાતે
**૧૯૪૭ : આઝાદી, ભારતના ભાગલા**
૧૯૪૮ : દેશી રાજ્યોનું વિલીનીકરણ, ગાંધીજીની હત્યા
**૧૯૫૦ : ભારત સાર્વભૌમ પ્રજાસત્તાક બન્યું**
૧૯૫૧ : પ્રથમ પંચવર્ષીય યોજના
૧૯૫૨ : પ્રથમ સામાન્ય ચૂંટણીઓ
૧૯૫૨ : ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ
૧૯૫૩ : તેનસિંગ અને હિલેરીએ એવરેસ્ટ સર કર્યું
૧૯૫૪ : ભારત-ચીન વચ્ચે પંચશીલ કરાર
૧૯૫૬ : ભાષાવાર રાજ્ય રચના, વીમાનું રાષ્ટ્રીયકરણ
૧૯૫૭ : બીજી સામાન્ય ચૂંટણીઓ
૧૯૫૮ : મેટ્રિક પદ્ધતિ અમલમાં
૧૯૬૦ : મુંબઈનું વિભાજન, ગુજરાત અને મહારાષ્ટ્રની સ્થાપના
૧૯૬૧ : ગોવા, દીવ અને દમણની પોર્ટુગીઝ શાસનમાંથી મુક્તિ
૧૯૬૨ : ત્રીજી સામાન્ય ચૂંટણીઓ, ડૉ. રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ, ચીનનું આક્રમણ
૧૯૬૪ : જવાહરલાલ નેહરુનું નિધન
**૧૯૬૫ : ભારત-પાકિસ્તાન યુદ્ધ**
૧૯૬૬ : તાસ્કંદ કરાર, લાલબહાદુર શાસ્ત્રીનું નિધન, ઈન્દિરા ગાંધી વડાપ્રધાન પદે, ડૉ. હોમી ભાભાનું નિધન, હરિયાણા અને પંજાબની રચના
૧૯૬૭ : ચોથી સામાન્ય ચૂંટણીઓ, ડૉ. ઝાકીર હુસેન ભારતના રાષ્ટ્રપતિ
૧૯૬૯ : કોંગ્રેસના ભાગલા, બેંકોનું રાષ્ટ્રીયકરણ
**૧૯૭૧ : ભારત-પાકિસ્તાન યુદ્ધ,** પાંચમી સામાન્ય ચૂંટણીઓ
૧૯૭૨ : સીમલા કરાર, મણિપુર, મેઘાલય, ત્રિપુરા રાજ્યોની રચના

૧૯૭૩ : મૈસૂરનું નવું નામ કર્ણાટક
૧૯૭૪ : પોખરણમાં અણુ ધડાકો
૧૯૭૫ : મુંબઈ હાઈમાં તેલ મળ્યું, આર્યભટ્ટ આકાશમાં તરતો મૂકાયો, કટોકટી જાહેર કરવામાં આવી
૧૯૭૭ : છઠ્ઠી સામાન્ય ચૂંટણીઓ, મોરારજી દેસાઈ વડાપ્રધાન
૧૯૭૮ : ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી રદ કરવામાં આવી
૧૯૭૯ : મધર ટેરેસાને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક
૧૯૮૦ : સાતમી સામાન્ય ચૂંટણીઓ, ઈન્દિરા ગાંધી પુનઃ વડાપ્રધાન
૧૯૮૩ : આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ્ સત્તા પર.
૧૯૮૪ : ઈન્દિરા ગાંધીની હત્યા, રાજીવ ગાંધી વડા પ્રધાન, ભોપાલ ગેસ દુર્ઘટના.
૧૯૮૫ : સંત લોંગોવાલની હત્યા, આઠમી સામાન્ય ચૂંટણીઓ.
૧૯૮૭ : શ્રીલંકા સાથે સમજુતી.
૧૯૮૯ : નવમી સામાન્ય ચૂંટણીઓ, રાષ્ટ્રીય મોરચાની સરકાર
૧૯૯૦ : રામ જન્મભૂમિ આંદોલન, ચંદ્રશેખર વડાપ્રધાન
૧૯૯૧ : દસમી સામાન્ય ચૂંટણીઓ, રાજીવ ગાંધીની હત્યા, નરસિંહરાવ વડાપ્રધાન.
૧૯૯૨ : બાબરી મસ્જિદનો ધ્વંશ
૧૯૯૩ : લાતુરમાં ધરતીકંપ, મુંબઈમાં બોંબ ધડાકા.
૧૯૯૫ : સેલ્યુલર ફોન સેવા મુંબઈ, ચેન્નાઇ, દિલ્હીમાં શરૂ.
૧૯૯૬ : અગિયારમી સામાન્ય ચૂંટણીઓ, વાજપેયી ૧૩ દિવસ માટે વડાપ્રધાન, દેવગૌડા વડાપ્રધાન.
૧૯૯૭ : આઈ.કે. ગુજરાલ વડાપ્રધાન.
૧૯૯૮ : બારમી સામાન્ય ચૂંટણીઓ, અટલબિહારી વાજપેયી વડાપ્રધાન, પોખરણમાં અણુધડાકા.
૧૯૯૯ : વાજપેયી સરકાર બરખાસ્ત, તેરમી સામાન્ય ચૂંટણીઓ, ઓક્ટોબરમાં વાજપેયી પુનઃ સત્તા પર. સિત્તેર મંત્રીઓનું જંબો મંત્રીમંડળ.
૨૦૦૦ : કેન્દ્ર સરકાર દ્વારા બંધારણની સમીક્ષા કરવા અંગેની સમિતિ રચવાની જાહેરાત, નર્મદા બંધને સુપ્રીમ કોર્ટની લીલી ઝંડી, ત્રણ નવા રાજ્યો – છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તરાંચલની રચના.
૨૦૦૧ : ૨૬મી જાન્યુઆરીના રોજ ગુજરાતમાં વિનાશકારી ભૂકંપ. કચ્છ જિલ્લામાં ૭૦,૦૦૦ લોકોએ જાન ગુમાવ્યા.
૨૦૦૨ : સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પરત આવી રહેલા કારસેવકો ઉપર ગોધરા નજીક ઝનૂની તત્ત્વોનો હુમલો. ૫૮ કારસેવકો બળી મર્યા.
૨૦૦૩ : અમેરિકાનું અંતરીક્ષયાન ‘કોલંબિયા’ તૂટી પડતાં ભારતીય અંતરીક્ષયાત્રી કલ્પના ચાવલા સહિત સાત અવકાશયાત્રીઓના મૃત્યુ. યુ.એન.ના સિવિલ પોલીસ અધિકારી તરીકે નિયુક્ત થનાર કિરણ બેદી પ્રથમ ભારતીય મહિલા. તમાકુની જાહેરખબરો પર દુનિયાના ૧૭૦ દેશોનો પ્રતિબંધ.
૨૦૦૪ : સરદાર સરોવર યોજનાનું ૧૧૦ મીટરની ઊંચાઈનું કાર્ય પૂર્ણ. સુનામી મોજાને કારણે ભારતના તામિલનાડુ રાજ્ય અને આંદામાન-નિકોબાર ટાપુઓ પર ભારે વિનાશ.
૨૦૦૫ : યુરોપના સ્પેસ શટલનું શનિના ચંદ્ર ‘ટાઇટન’ પર સફળ ઉતરાણ. ભારતને પરમાણુ શસ્ત્ર સત્તા તરીકે માન્યતા આપતું અમેરિકા, યુનિસેફના શુભેચ્છા દૂત તરીકે ફિલ્મ અભિનેત્રી શર્મિલા ટાગોરની પસંદગી.
૨૦૦૬ : સૌથી નાની વયે પદ્મશ્રી પુરસ્કાર મેળવતી ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા. ભારત અને ફ્રાંસ તથા ભારત અને અમેરિકા વચ્ચે નાગરિક પરમાણુ સહકાર સંધિ, ભારતના ચંદ્ર અભિયાનમાં નાસા (અમેરિકા)ની ભાગીદારી.

## જીવિત વ્યક્તિને સહારો

*ઉંદર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે.*
*પરંતુ તે જીવતો હોય તો લોકો તેને ભગાડી મૂકશે.*

*સાપ અગર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવિત સાપ હોય તો લોકો તેને મારી નાખ્યા વગર નહીં રહે.*

*માં પણ પથ્થરની હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવતી હોય તો લોકો તેને કિંમતી સમજતા નથી.*

*એ સમજમાં નથી આવતું કે જિંદગીથી આટલી નફરત કેમ?*
*અને પથ્થરોથી આટલી મહોબ્બત કેમ?*

*જે રીતે મૃતકને કંધો આપવાનું ઈન્સાન સમજે છે*
*એ રીતે જીવિત વ્યક્તિને સહારો આપવાનું પુણ્ય સમજાશે ત્યારે જિંદગી આસાન બની જશે.*

બોધ કથા

# "એ.... હું નથી લેતો...!"



જયંતિભાઈ ધોકાઈ

એક સમયની વાત છે.

ભગવાન બુદ્ધની વાતો-ઉપદેશોથી એ સમયે લોકો એટલા બધા પ્રભાવિત થઈ ગયેલા કે ઠેરઠેરથી હજારો લોકો તેમને ગુરુ માનીને તેમના શિષ્ય બની જવા તલપાપડ થઇ ગયેલા.

પરંતુ આ સંસારમાં જેમ સાત્ત્વિક ભાવ હોય છે તેમ વૈમનસ્ય ભાવ પણ ક્યારેક ઉપસી આવે છે.

આવા જ પાપાચારી સ્વભાવવાળો માણસ વૈમનસ્ય ભાવથી ભગવાન બુદ્ધની ધર્મસભામાં આવી ચડ્યો. ભગવાન બુદ્ધની અમૃતવાણીથી પ્રભાવિત થવાને બદલે તે માણસ અંદરથી બળતો હતો. લાગ જોઈને તે બુદ્ધને તિરસ્કૃત કરવા ઈચ્છતો હતો.

અને એકવાર તેને લાગ મળી ગયો...

એક નાનકડા શિષ્ય સમુદાય વચ્ચે ભગવાન બુદ્ધ બેઠા બેઠા ધર્મચર્ચા કરતા હતા ત્યાં ઓચિંતા તે જઈ ચડ્યો અને સીધો જ તેમને ગાલીપ્રદાન કરવા લાગ્યો. ઉપરાઉપરી કેટકેટલી ગાળો ભગવાન બુદ્ધને તેણે કહી નાખી. સામે બેઠેલા શિષ્યો હતપ્રભ થઈ ગયા. તેઓના ગુસ્સાનો પાર ના રહ્યો. પરંતુ ધીરગંભીર ભગવાન બુદ્ધને નિહાળીને તેઓ કંઈ બોલી શક્યા નહીં.

ગાળો સામે ગાળો આપો, અપશબ્દોનો જવાબ અપશબ્દોથી આપો તો એ હંમેશાં વધે જ. વેરથી વેર વધે.

પેલો માણસ જ્યારે ગાળો દઇ દઇને થાક્યો અને સામેથી કોઈ જ પ્રત્યાઘાત ના મળ્યો ત્યારે થોડો શાંત થયો...

પછી ભગવાન બુદ્ધે તેને સસ્મિત પૂછ્યું : "બસ! બધી ખલાસ?"

ગાળો દેનારો પેલો માણસ સાવ ચૂપ!

ફરી ભગવાન બુદ્ધે મંદ સ્મિત સાથે તેને પૂછ્યું : "એલા, તારે ઘેર કોઈ મહેમાન-બેમાન આવે કે નહીં?"

"હા, હા કોઈ કોઈ વાર આવે છે." પેલાએ જવાબ આપ્યો.

ભગવાન બુદ્ધે પૂછ્યું : "તો તું તેની આગતા-સ્વાગતા કરે છે કે પછી કંઈ નથી કરતો?"

"અરે વાહ, મહેમાનની આગતા-સ્વાગતા તો કરવી જ જોઈએ ને?"

"અચ્છા," વળી પાછા એવા જ મીઠા સ્મિત સાથે બુદ્ધ બોલ્યા : "અને ધારો કે તું તેને કંઈ સરસ ખાવાનું આપે, પીવાનું આપે, મીઠાઈ ખવડાવે અને... જો તે આગંતુક તેમાંનું કંઇ જ ગ્રહણ ના કરે તો... એ બધું ક્યાં જાય?"

એ માણસ આ સાંભળી જરા વિમાસણમાં પડી ગયો. પણ પછી જલદીથી બોલ્યો : "ક્યાંય નહિ, ત્યાંનું ત્યાં મારા ઘરમાં જ એ બધું પડ્યું રહે, પ્રભુ...!"

ભગવાન બુદ્ધ જરા હસ્યા. પછી બોલ્યા : "તો વત્સ! તેં મને હમણાં જેટલી જેટલી ગાળો આપી તેમાંની એક પણ હું લેતો નથી. બોલ, તારી દીધેલી એ બધી ગાળો હવે ક્યાં જશે?"

એ ગાળો દેનાર... કાપો તો લોહી ના નીકળે એવો શરમિંદો બની ગયો. તેને પોતાની ભૂલ બરાબર સમજાઇ અને ભગવાન બુદ્ધના ચરણોમાં પડીને ખૂબ રડ્યો. ક્ષમા માંગી.

*જવાહર રોડ,*
*ઓખા-૩૬૧ ૩૫૦. (જિલ્લો : દ્વારકા)*

## પીપૂડી મૂકો

(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)

'જરા પણ નહીં.'

'ઊંઘ બરોબર આવે છે?'

'હા, સરસ આવે છે.'

'આનો અર્થ એ કે તમને કોઈ બીમારી નથી. તમે તંદુરસ્ત અને સ્વસ્થ છો.'

'પરંતુ પેશાબ ગરમ આવે છે તેનું શું કરવાનું?'

'પેશાબને આંગળી નહીં લગાવવાની.'

તે પેશન્ટના ગયા બાદ મને તુલસીદાસની પંક્તિઓ યાદ આવી.


***"તુલસી ઈસ સંસારમેં ભાત ભાત કે લોગ."***

દરેક વ્યક્તિના વિચારો, વર્તન અલગ અલગ હોય છે. ડૉક્ટરે આ વાત સ્વીકારીને અકળાયા વગર સારવાર અને સંતોષ આપવો જોઈએ. સાથે સાથે આનંદ પણ લેવો જોઈએ.

*૩, સમૃધ્ધ કેપીટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

હાસ્ય લેખ

# પીપૂડી મૂકો



ડૉ. સુધીર ચી. મોદી

આપણા રોજિંદા જીવનમાં પણ હાસ્ય વણાયેલું છે. તેના માટે દૃષ્ટિ કેળવવી પડે અથવા મન નિખાલસ અને સરળ રાખવું પડે. રોજના વ્યવસાયમાં કે વ્યવહારમાં હસવાની વાતો અનેકવાર બન્યા કરે છે. તો આવી જ એક વાત છે....

ઇ.સ. ૧૯૯૫ની સાલ. મારા ખૂબ જ પરીચિત એક લેડી ડૉક્ટર એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કરી ઇન્ટર્નશિપ માટે અમદાવાદની બાપુનગર કામદાર વિમા યોજનાની હોસ્પિટલમાં જોડાયા. ડૉક્ટર માટે ઇન્ટર્નશિપ એક સરસ ટ્રેનિંગ માટે અને ડૉક્ટર તરીકે વાસ્તવિક કામ કરવાની શરૂઆતનો સમય છે. પુસ્તકોમાં વાચ્યું હોય અથવા પ્રોફેસર સાહેબોએ ભણાવ્યું હોય છતાં વાસ્તવિક રીતે જાતે પેશન્ટ સાથે કામ કરવાનો લહાવો મળે તેમાં પણ ઘણું શીખવાનું મળી જાય છે. આ કામદાર વિમા યોજનાની હોસ્પિટલમાં બધા કારીગરો નોકરી કરતા, ખૂબ જ સામાન્ય વર્ગના પેશન્ટો જ હોય. પરંતુ તેઓ જે બોલે તેમાં ખોટો વિવેક ના હોય. મનમાં જે સાચું લાગે તે બોલીને કહી દેતા હોય. પોતાના દુઃખ કે અકળામણ ડૉક્ટરને બતાવી જ દે. કહેવાય છે ને જીવનનું વાસ્તવિક સ્વરૂપ અથવા વાત સામાન્ય માણસ પાસેથી જ નીકળે.

આવા એક પેશન્ટનું આગલા દિવસે પેટનું મોટું ઑપરેશન થયું હતું. **મેડિકલ સાયન્સમાં એક સર્વમાન્ય જ્ઞાન કે માહિતી છે કે જેનું પેટનું ઓપરેશન થયું હોય તે જો ૨૪ કલાકમાં વાછૂટ કરે તો સમજવાનું કે તે પેશન્ટના આંતરડા કામ કરતા થઈ ગયા છે.** તે ઑપરેશન સફળ થવાની, એક સારી નિશાની છે.

આ નવા જોડાયેલા ડૉક્ટર બહેન સવારે ડ્યુટી પ્રમાણે વોર્ડમાં ગયા. ગઈકાલે થયેલા પેટના ઑપરેશનવાળા પેશન્ટને પૂછ્યું : ''વાછૂટ થઈ?'' અને અણધાર્યો મોટેથી જવાબ મળ્યો : **''નીચે પીપૂડી મૂકો જેથી બધાને સંભળાય. સવારથી બધા મચ્યા છે, વાછૂટ થઈ? વાછૂટ થઈ? બીજું કાંઈ સુઝતું જ નથી.**'' આવા અણધાર્યા જવાબથી પહેલા તો ડૉક્ટર બહેન હબકાઈ ગયા. પછી તો તે પણ ખડખડાટ હસી પડ્યા.

થયું એવું કે ઉપરના પેટના ઑપરેશનવાળા પેશન્ટને વહેલી સવારે નાઈટ ડ્યુટીના સિસ્ટરે વાછૂટનો સવાલ કર્યો. ત્યારબાદ ડ્યુટી બદલાતા નવા આવેલા સિસ્ટરે આ સવાલ કર્યો. રાત્રે નાઈટ ડ્યુટીમાં રહેલા ડૉક્ટરે જતા પહેલા આ સવાલ કર્યો. તેમના પછી ડ્યુટી પર નવા આવેલા ડૉક્ટરે પણ આ જ સવાલ કર્યો. બાકી હતું તો વોર્ડબોય પણ પૂછતો ગયો. આમ સવારથી એક જ પ્રશ્નનો સીલસીલો ચાલતો હતો. હવે જ્યારે આ ડૉક્ટર બહેને આ જ સવાલ કર્યો ત્યારે તે પેશન્ટે મનની અકળામણની વરાળ આ રીતે બહાર કાઢી અને આ ગમ્મતની વાત મેડિકલ મિત્રોમાં થઈ. તે પેશન્ટને હોસ્પિટલમાંથી રજા મળી ત્યાં સુધી પીપૂડીવાળો પેશન્ટ તરીકે જ ઓળખાયો.

બીજી આવી જ એક ગમ્મતની વાત છે. થોડા સમય પહેલા મારે ત્યાં એક પેશન્ટ આવ્યા.

મેં પૂછ્યું, 'શું તકલીફ છે?'

મને કહે સાહેબ, 'એક વાત કહું?'

પહેલા તો મને થયું કે ફેમિલી ડૉક્ટર પાસે દર્દ ઉપરાંત પોતાના સંસારની દુઃખની વાત પણ કહેતા હોય છે, તેવી વાત હશે. મેં કહ્યું, 'કહો તમારી વાત.'

'સાહેબ, કહું ને?'

'હા, હા, કહોને... તમારી તકલીફ સાંભળીને જ ઉપાય થાય ને!'

'સાહેબ, મારો પેશાબ ગરમ આવે છે.'

'કેવી રીતે ખબર પડી?'

'પેશાબને આંગળી અડાડી એટલે ખબર પડી.'

મેં જણાવ્યું, 'સામાન્ય રીતે દરેક વ્યક્તિનો પેશાબ સહેજ ગરમ જ હોય.' છતાં તેના સંતોષ ખાતર તેમની તબિયત અંગેના થોડા સવાલો પૂછ્યા.

'તાવ આવે છે?'

'ના રે સાહેબ.'

'ભૂખ લાગે છે?'

'અરે, ખૂબ જ લાગે છે.'

'થાક લાગે છે?'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

# આંજો કાગર

### વયસ્ક સમિતિના પ્રોગ્રામ અંગે

આમ તો વયસ્ક સમિતિના પ્રોગ્રામો લગભગ સારા જ થતા હોય છે પરંતુ તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજનો ગીત-સંગીતનો કાર્યક્રમ જોઈએ તેટલો જામ્યો નહીં. તેનું મુખ્ય કારણ રીપિટ કલાકાર અને રીપિટ ગીતો અને તે પણ કોઈ જાતના જોક્સ વગર. બપોરના પિક્ચરમાં પણ વચ્ચે મધ્યાંતર આવતો હોય છે. આ બધા કારણસર જોઈએ તેટલી તાળીઓ પડતી ન હતી અને પાછળ તો લોકો ટોળે વળી વાતો જ કરતા હતા. આ મારું અંગત નિરીક્ષણ હતું. હાઉસીની રમત પણ પૂરતી સંખ્યા વગર શરૂઆતમાં જ પૂર્ણ કરી દેવામાં આવી. તેથી લોકોનો ઉત્સાહ મોળો પડી ગયો. ખરેખર વયસ્કમાં પણ ઘણા કલાકારો છે. ઘણી બધી સ્પર્ધાઓ જેમ કે નિબંધ, વક્તૃત્વ, ડિબેટ વગેરે થઈ શકે. જેથી કંઈક નવું જાણવા મળે. વિચારોની આપ-લે થાય તેવા કાર્યક્રમોનું આયોજન થવું જોઈએ.

આ રજૂઆતને કોઈએ વ્યક્તિગત સ્વરૂપે લેવી નહીં. આશા છે, અન્ય સભ્યો પણ પોતાના પ્રતિસાદ આ વિષય પરત્વે આપશે.

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

★

### મનભાવન 'મંગલ મંદિર' – અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર'નું સાહિત્ય છેલ્લા કેટલાક સમયથી મનભાવન સ્વરૂપે પ્રકાશિત થાય છે. છેલ્લા ચાર-પાંચ માસથી એના દરેક લેખો રસપ્રદ અને માહિતીસભર હોય છે. મુખપૃષ્ઠ પણ અવનવા રૂપે રજૂ થાય છે, જે ખૂબ નયનરમ્ય બની રહે છે. આ માટે આપની સમગ્ર ટીમને આ પ્રકારના સુંદર સંચાલન બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.


*ડૉ. અલ્કા સુનિલ શાહ - વડોદરા*
*મો. ૯૪૨૯૩૨૩૫૬૭*

## આખા વિશ્વમાં માનસિકતાનું ડિગ્રેશન

આખા વિશ્વમાં અત્યારે એવું વાતાવરણ છે કે ઉદાર મતની વાત કરનારા લોકો કે માનવતાની વાત કરનારા નેતાઓ પદ પરથી ફેંકાઈ રહ્યા છે. સંકુચિતતા દર્શાવનારા ધર્મનો, જાતિનો કે મૂળ વંશનો ઝંડો ઉઠાવનારા નેતાઓ સડસડાટ સીડી ચડી રહ્યા છે. ટેકનોલોજીનું અપગ્રેડેશન થાય છે પણ માનસિકતાનું ડિગ્રેશન થઈ રહ્યું છે.


## "જ્ઞાન-ગમ્મત" વિભાગમાં આપેલ ક્વીઝ વિ.ના જવાબો

ચક્રવ્યૂહ



શબ્દ-સાથી

ફિલ્મી તોરણ




જવાબો : 'હા' કે 'ના'?

(૦૧) → ના (સતલજ)
(૦૨) → હા
(૦૩) → ના (ઇન્સ્યોરન્સ)
(૦૪) → હા
(૦૫) → હા
(૦૬) → ના (પંડિત જવાહરલાલ નહેરુ)
(૦૭) → હા
(૦૮) → ના (વિશાખાપટ્ટનમ)
(૦૯) → ના (સરયૂ)
(૧૦) → ના (દાંડી)
(૧૧) → હા
(૧૨) → હા
(૧૩) → હા
(૧૪) → ના (મદુરાઈ)
(૧૫) → ના (તામિલનાડુ)
(૧૬) → હા
(૧૭) → હા
(૧૮) → ના (જગદીશચંદ્ર બોઝ)
(૧૯) → ના (સ્વામી વિવેકાનંદ)
(૨૦) → હા

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી જોરાવરસિંહ જાદવને ડૉ. કોમલ કોઠારી લાઇફટાઇમ એચિવમેન્ટ લોકકલા એવોર્ડ



વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર (રાજસ્થાન) દ્વારા લોકકલા ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનારને પદ્મભૂષણ ડૉ. કમલ કોઠારીની સ્મૃતિમાં રૂા. બે લાખ એકાવન હજારનો કોમલ કોઠારી સ્મૃતિ (લાઈફ ટાઈમ એચિવમેન્ટ) લોકકલા ઍવોર્ડ અર્પણ કરવામાં આવે છે. સને ૨૦૧૮ના વર્ષનો પ્રથમ ઍવોર્ડ લબ્ધપ્રતિષ્ઠિત લોકકલાવિદ શ્રી જોરાવરસિંહ જાદવ અને ઉદયપુરના લોકસાહિત્યકાર ડૉ. મહેન્દ્ર ભાનાવતને સંયુક્તરૂપે શિલ્પગ્રામ (ઉદયપુર) ખાતે યોજાયેલા લોકકલા ઉત્સવ સમારોહમાં જિલ્લા ન્યાયાધીશના હસ્તે અર્પણ કરાયો.

ગુજરાત લોકકલા અને લોક સંસ્કૃતિના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ગુજરાત લોકકલા ફાઉન્ડેશનનાં સ્થાપક શ્રી જોરાવરસિંહ જાદવનું નામ આદર અને સન્માનપૂર્વક લેવાય છે. **એમણે યુવાન વયે પોતાનું જીવન કલાક્ષેત્રને અર્પણ કરી લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકકલાઓનાં સંશોધન ક્ષેત્રે માતબર પ્રદાન કર્યું છે** અને ૯૪ જેટલા મૂલ્યવાન ગ્રંથો પ્રગટ કર્યા છે.

ધંધુકા તાલુકાના આકરુ ગામે ખેડૂત પરિવારમાં ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ જન્મેલા શ્રી જોરાવરસિંહજી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા ધરતીની ધૂળમાં રમનારા ભારતભરના પાંચ હજાર લોકકલાકારો સાથે સીધો સંપર્ક ધરાવે છે. આ કલાકારોને લઈને તેઓ દુબઈ-ઓમાન, ટ્રીનીદાદ એન્ડ ટોબાગો, સુરીનામ, શિકાગો (યુ.એસ.એ.) અને કેનેડામાં ગૌરવપૂર્ણ રીતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને ભારતનું નામ સાંસ્કૃતિક લોકકલા ક્ષેત્રે રોશન કર્યું છે. **તેમનું શ્રેષ્ઠ પ્રદાન ગુજરાત લોકકલા રાષ્ટ્રીય એવોર્ડ શરૂ કરવાનું છે.** તેમના ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધી ભારતભરના લોકકલાકારોને ૯૦ ઉપરાંત ઍવોર્ડ એનાયત કરી ચૂક્યા છે. શ્રી જાદવને રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

## કચ્છ માટે સેવાકીય કામગીરી કરનાર ડૉ. મણિભાઈ મહેતાને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડની જાહેરાત

ગુજરાત વિશ્વકોશ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે ત્રણ મહાનુભાવોને લાઇફ ટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ એનાયત કરવાની જાહેરાત તાજેતરમાં થઈ છે. તે પૈકી લોસ એન્જલસમાં રહેતા ડૉ. મણિભાઈ મહેતાએ ગુજરાત અને તેમાં પણ કચ્છ જિલ્લા માટે ખૂબ કામ કર્યું છે. અમદાવાદ ખાતે કાર્યરત ગુજરાત વિશ્વકોશ સંસ્થામાં આ પ્રતિષ્ઠિત ઍવોર્ડ ત્રણે મહાનુભાવોને આપવાનું જાહેર થયું છે. લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ બ્રિટનમાં સામાજિક ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર વિનોદ કપાસી, લોસ એન્જલસ સ્થિત ડૉ. મણિભાઈ મહેતા અને જૈન સેન્ટર ઓફ અમેરિકા દ્વારા જૈન રત્નનો ઍવોર્ડ પ્રાપ્ત કરનાર નરેશ શાહનો સમાવેશ થાય છે. ઍવોર્ડ વિજેતા ત્રણે મહાનુભાવોનો વિવિધ ક્ષેત્રના સામાજિક કાર્યો સાથે સંબંધ રહ્યો છે.

## શૂન્યમાંથી સર્જન કરનાર NRI ગુજરાતી દંપતીએ અક્ષયપાત્ર સંસ્થાને કરોડોનું દાન કર્યું

ગુજરાતીઓ દુનિયાના દરેક ખૂણે વસેલા છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. પરંતુ તેઓ ત્યાં જઇને એકડે એકથી બિઝનેસની શરૂઆત કરીને નામના મેળવે છે. પારકા દેશમાં જઇને બિઝનેસમાં કાઠું કાઢવું એટલું સહેલું નથી. કેપેબલ બની ગયા બાદ પોતાના દેશનું, સમાજનું ઋણ અદા કરવાનું ઘણાં ભૂલી જતા હોય છે. પરંતુ અમુક નાગરિકો એવા પણ છે, **જે ભલે વિદેશમાં રહેતા હોય પણ તેમનું દિલ હિન્દુસ્તાનમાં ધડકતું હોય છે. એમાં અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત ઓરેન્જ સિટીમાં રહેતા મનુભાઈ** અને **રીકાબહેન શાહ**નો સમાવેશ કરી શકાય.

મૂળ મુંદ્રાના મનુભાઈ મિકેનિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર કરવા યુ.એસ.એ. ગયા. અભ્યાસ બાદ ત્યાં જ સારી નોકરી મળી ગઈ અને ભારત આવી રીકાબહેન સાથે લગ્ન કર્યા. રીકાબહેન પણ તેમની સાથે યુ.એસ.એ.માં સેટલ થઈ ગયા. તેઓ ૪૭ વર્ષથી અમેરિકામાં જ રહે છે. રીકાબહેનનો ઉછેર મુંબઈમાં થયેલો. તેઓ સાયન્સના શિક્ષિકા હતા. પણ અમેરિકામાં જોબ, બાળકો અને ઘર – આ બધું મેનેજ ન

થતાં ઘરેથી જ નેચરલ સ્ટોનનો બિઝનેસ શરૂ કર્યો. ધીમે ધીમે એમને મોટા ઓર્ડર મળવા લાગ્યા. પરિણામે મનુભાઈએ જોબ છોડી દીધી અને તેઓ પણ પત્ની સાથે બિઝનેસમાં જોડાઈ ગયા. **આજે એમની એમ.એસ. ઇન્ટરનેશનલ યુ.એસ.એ.માં એક પ્રતિષ્ઠિત કંપની છે.** આ કંપની એક અબજ ડોલરથી પણ વધુનું વેચાણ ધરાવે છે. તેમના બંને દીકરા પણ એમની સાથે જોડાઈને બિઝનેસને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે.

સાત દાયકા વટાવી ચૂકેલા મનુભાઈ અને રીકાબહેન આજે પણ એટલા જ એક્ટિવ છે. તેઓ કહે છે, "સમાજે અમને ઘણું આપ્યું છે. આજે અમે બીજાને મદદ કરી શકીએ એ માટે ભગવાને અમને કેપેબલ બનાવ્યા છે. અમે મૂળ ભારતીય છીએ અને ભારતના લોકોને મદદની જરૂર છે. તેથી **અમે 'સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ' બનાવ્યું છે. જે હેઠળ નોન પ્રોફિટેલ સંસ્થાને અમે મદદ કરીએ છીએ."**

શૂન્યમાંથી સર્જન કરનારા મનુભાઈ અને રીકાબહેન, કોઈ બાળક ભૂખ્યું ન સૂઈ જાય અને તેને પૂરતું ભોજન મળી રહે એ માટે કચ્છમાં અક્ષયપાત્રને કરોડોનું દાન કર્યું છે. **અક્ષયપાત્ર સંસ્થા માટે ભુજ (કચ્છ)માં પચાસ હજાર બાળકો એકસાથે બેસીને જમી શકે** એવું વિશાળ રસોડું માતા રંભાબહેન શાહ અને ચંદુબહેન પારેખના નામે બનાવડાવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન ૧૯મી જાન્યુઆરીએ થયું છે. **ગરીબીની રેખા હેઠળ જીવતા બાળકો સારું શિક્ષણ મેળવી શકે તે માટે સ્કોલરશિપ પણ આપે છે.**

## IRCTCની સાઈટ પરથી હવે દર મહિને ૧૨ રેલવે ટિકિટ બુક કરી શકાશે

### પેસેન્જરે ટિકિટ બુકિંગ માટે આધારકાર્ડ લિંક કરાવવું પડશે

પેસેન્જરોને મુસાફરીમાં કોઈ સમસ્યા ન થાય અને તેઓ સરળતાથી રિઝર્વેશન ટિકિટ મેળવી શકે તે માટે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા તાજેતરમાં પેસેન્જરોને વધુ એક સુવિધા આપવામાં આવી છે. જેમાં હવે કોઈ પણ પેસેન્જર IRCTCની વેબસાઇટ પરથી મહિને ૧૨ ટિકિટ બુક કરી શકશે. જો કે તેના માટે પેસેન્જરે IRCTCની વેબસાઈટ સાથે પોતાનું આધાર કાર્ડ લિંક કરાવવું પડશે.

IRCTCના અધિકારીએ આપેલી માહિતી મુજબ અત્યાર સુધી IRCTCની વેબસાઈટ પરથી એક યુઝર (પેસેન્જર) એક મહિનામાં ફક્ત ૬ ટિકિટ બુક કરાવી શકતો હતો. નવા નિયમ મુજબ હવે પેસેન્જર ટ્રેન ઉપડવાની તારીખથી ૧૨૦ દિવસ પહેલા પોતાની ટિકિટ બુક કરાવી શકે છે. જો કે એક દિવસમાં યુઝર આઈડીથી સવારે ૮થી ૧૦ સુધીમાં બે જ ટિકિટ બુક કરાવી શકાશે.

અધિકારીના જણાવ્યા મુજબ IRCTCની વેબસાઈટ પરથી ટિકિટ મેળવવા માટે યુઝર એકાઉન્ટથી આધાર કાર્ડ લિંક કરવા માટે સૌથી પહેલાં માય પ્રોફાઈલ કેટેગરીમાં નીચે આપેલ આધાર કેવાયસી વિકલ્પ પર ક્લિક કરી પોતાનો આધાર નંબર લિંક કરવો પડશે. આધાર લિંક કરતા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી આવશે. **આ ઓટીપી નાંખી પેસેન્જર દર મહિને ૧૨ ટિકિટની ખરીદી કરી શકશે.** એજ રીતે પેસેન્જર ઓટીપી મેળવી નેટ બેન્કિંગની સુવિધાનો પણ ઉપયોગ કરી શકશે. જ્યારે તત્કાલ ટ્રેન ટિકિટ ટ્રેન ઉપડવાના એક દિવસ પહેલા બુક કરી શકાશે. **જેમાં એ.સી. ટિકિટ બુક કરવા માટે સવારે ૧૦ વાગ્યાથી જ્યારે સ્લીપર ટિકિટ માટે સવારે ૧૧ વાગ્યાથી બુકિંગ કરી શકાશે.**

## કચ્છમાં ૩૪૦૦ કરોડના ખર્ચે એગ્રો, મેગા ફૂડ સિટી ડીપ-સી ફિશિંગ હબ

ગુજરાતમાં ગાંધીનગર ખાતે તા. ૧૮થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન થયું હતું. સમિટના પ્રથમ દિવસે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ વિવિધ દેશોના વડા અને પ્રતિનિધિ મંડળો સાથે વન-ટુ-વન બેઠકો યોજી હતી. તે સમયે પાંચ દેશોએ ગુજરાત સરકાર સાથે કુલ મળીને રૂા. ૧૦,૬૫૦ કરોડના કરારો કર્યા હતા. તેમાં કચ્છમાં રૂા. ૩૪૦૦ કરોડના ખર્ચે એગ્રોસ મેગા ફુડ સિટી ઉપરાંત ડીપ-સી ફિશીંગ અને લોજેસ્ટિક હબનું નિર્માણ કરવા નક્કી કરવામાં આવ્યું હતું.

*મને સમજાતું જાય છે કે માત્ર પોતાની જાતમાંથી સામર્થ્ય પ્રાપ્ત થશે, નહિં કે બીજાઓ પાસેથી. સાચી શાંતિ ત્યારે જ આવશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતમાં જ શાંતિને શોધે... મારે મારા પોતાના જ રસ્તે જવાનું છે એ બાબત મને બળ આપે છે... માત્ર મનથી ભાંગીને પણ ઘણા બધા લોકો મૃત્યુ પામે છે... મુશ્કેલી । જ છે કે લોકો પોતાનો સંતાપ બીજાને ખભે નાખતા રહે છે... જગતના તમામ જખમોને રૂઝવવા માટેનું ઔષધ બનવાની આપણી તત્પરતા હોવી જોઈએ.*

**– એટ્ટી હિલીસમ**

# અમદાવાદના પ્રાચીન જિનાલયો – (૪)

## ઘીકાંટા - પાંજરાપોળના જિનાલયો : ૭

★ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ઘી કાંટા :** જ્યાં ૫૦ વર્ષથી રોજ સ્નાત્ર ભણાવાય છે. તેવું ભક્તોના મનોવાંછિતોને પુરનાર શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય.

★ **શ્રી આદિનાથ જિનાલય, જેસીંગભાઈની વાડી :** શાંતિ - સમાધિ માટેનું અદ્‌ભુત તીર્થધામ જિનાલય છે.

★ **શ્રી મુલેવા પાર્શ્વનાથ જિનાલય - પાંજરાપોળ :** સંઘ - સમૃદ્ધિના આધાર સમાન ૧૦૮ પાર્શ્વનાથમાં મૂળ સ્થાનક - અતિ વિશિષ્ટતમ - ઊર્જાસભર, સાધના માટેનું અદ્‌ભુત સ્થાન આ જિનાલય છે.

★ **શ્રી ધર્મનાથ જિનાલય - પાંજરાપોળ :** વિશિષ્ટ કલાકૃતિવાળો ધર્મનાથ પ્રભુનો દરબાર છે. જેમાં રંગમંડપમાં ચાર ગુરૂમૂર્તિઓ બિરાજે છે.

★ **શ્રી શાશ્વતા જિનાલય - પાંજરાપોળ :** ઘણા સાધકો અહીં સાધના કરવા આવે છે. સમગ્ર અમદાવાદનું એકમાત્ર પ્રાચીન ઋષભ - ચંદ્રાનન - વારિષેણ - વર્ધમાન ચારેય શાશ્વતા તીર્થંકરોની પ્રાચીન પ્રતિમાજી ધરાવતું નયનરમ્ય, અદ્‌ભુત શાંતિને આપનાર ઊર્જાસભર જિનાલય છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય - પાંજરાપોળ :** અનેક મહાપુરુષો દ્વારા સાધના કરાયેલ સાધના સ્થળ, ભવ્ય ઉર્જાવંત જિનાલય છે.

★ **શ્રી શીતલનાથ જિનાલય - પાંજરાપોળ :** ઉત્તમ ઉર્જાવંત - પ્રાચીન - વિશાળકાય આદિનાથ પ્રભુજીની પ્રતિમા ભોંયરામાં ધરાવતું જિનાલય.

★ **શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય - પાંજરાપોળ :** ભોંયરાવાળું જિનાલય સાધના માટે યોગ્ય સ્થાન છે. ખારા પથ્થરમાં કોતરણીવાળું, ગૂઢ બાંધણીવાળું, અચંબો પમાડે તેવું જિનાલય છે.

## રીલીફ રોડના જિનાલયો : ૮

★ **શ્રી અજિતનાથ જિનાલય - શેખનો પાડો :** પ્રાચીન પદ્માવતી દેવી, ધાતુના વિશિષ્ટ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા, વિશિષ્ટતમ બારશાખ આદિ લાકડાની વિશિષ્ટ કોતરણીવાળું જિનાલય છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય - શેખનો પાડો :** ચમત્કારીક શ્યામવર્ણી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા - લાકડાની અદ્‌ભુત કારીગરી, હાથી - સમવસરણ - દેવાંગનાઓ આ જિનાલયમાં જોવા મળે છે.



★ **શ્રી શીતલનાથ જિનાલય - શેખનો પાડો :** ગૌતમ સ્વામીની અતિ પ્રાચીન ગુરૂમૂર્તિ તથા અન્ય વિશિષ્ટતમ પ્રતિમાજીનો ભવ્ય દરબાર તથા લાકડાની ભવ્ય કોતરણી અહીં જોવા મળે છે.

★ **શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય - શેખનો પાડો :** બારશાખ - ઘુમ્મટ - પાટ - કબાટ વગેરેમાં અદ્‌ભુત કાષ્ટકલાનો નજારો આ પ્રાચીન જિનાલયમાં જોવા મળે છે.

★ **શ્રી પાર્શ્વનાથ સ્વામી જિનાલય - લાંબેશ્વરની પોળ, કેલિકો ડોમ :** સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની ત્રણ પ્રતિમાજી, જે સમગ્ર પોળ વિસ્તારમાં અદ્વિતીય છે. નેમનાથ પ્રભુજીની જાન - લાકડાની બારશાખ મુખ્ય પ્રવેશદ્વારની કલા મનમોહક છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, દેહરા પોળ, ધનાસુથારની પોળ :** પાલિતાણામાં ઐતિહાસિક ટુંક બનાવનાર સદાચંદ શેઠે બનાવેલું દેરાસર છે. તેમાં ૯ શાંતિનાથ ભગવાન ઉપરના ગર્ભગૃહમાં તથા નીચે ભોંયરામાં મનમોહક વિશાળ આદિનાથ દાદા તથા ગૌતમસ્વામી ગુરૂની ભવ્ય પ્રતિમા છે. દેવની સામે ગુરૂની બે હાથ જોડેલી વંદન કરતી દેવ-ગુરૂ સંગમની મૂર્તિ છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - ચોખાવટીયાની પોળ :** સાડા બાર વર્ષની ઘોર સાધના દ્વારા કેવલજ્ઞાનને પામનારા મહાન વીર પ્રભુનું સાધનામાં સહજતાથી જોડી શકે તેવું સ્થાન છે.

★ **શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય, લાવરીની પોળ, ધનાસુથારની પોળ :** કાચનું બનેલું ભવ્ય જિનાલય છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, હાલ્લા પોળ, રીલીફ રોડ :** પાંચ ગર્ભગૃહવાળું, ધાતુના શાંતિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાજી તથા ગુજરાતમાં અદ્વિતીય વિશાળ, પ્રાચીન, ગૌતમ સ્વામીની ભવ્ય ગુરૂમૂર્તિ અહીં બિરાજે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

વૈવિધ્ય

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

# એ...એ...એ... કાપ્યો છે.....



ભાવના એ. ઝવેરી

જાન્યુઆરી મહિનો આવે, ઠંડીની મોસમ હોય, બોર-ચિક્કી-શેરડી- અડદિયા - લીલોતરી શાકની લિજ્જત હોય. તેમાં પણ મકરસંક્રાંતિ આવતી હોય, પછી તો પૂછવું જ શું? અગાસી સાફ કરવાની, મ્યુઝીક સિસ્ટમ ગોઠવવાની, ઊંધીયુ-જલેબીની જયાફત... ઓ..હો... મોઢામાં પાણી આવે છે..હોં...!! કુટુંબીઓ, દોસ્તાર, બહેનપણીના ગ્રુપ ભેગા થાય ને આખો દિવસ જલસો કરવાનો. રાત્રે ફાનસ ને ગુબ્બારો પણ કરવાનો... આ સંક્રાંતની સમી સાંજે એવું તે શું સરપ્રાઇઝ પ્લાન કરીએ કે બધાને મજા આવી જાય....

આપના માટે તૈયાર છે ખજાનામાંથી કાઢેલ ગેમ "કાપ્યો છે..." આ ગેમમાં મસ્તી - તોફાન સાથે જીવનમાં ઉતારવા જેવો શુભ સંદેશ પણ સમાયેલો છે...

**રમાડનારે :** આપેલ ચિત્રની કલર પ્રિન્ટ કરાવી રાખવી અને રમતના નિયમ અને જવાબ કેમ આપવાના તે કાગળની ઝેરોક્ષ કરાવી રાખવી.

- **આપેલ ચિત્ર વિશેની સમજ :**


ત્રણ કલરના દરેક બોક્ષમાં પાંચ પતંગ આપેલ છે. ડાબી બાજુમાં વાનગી, એસેસરીઝ, સેલ્ફી – એમ છ રાઉન્ડ આપેલ છે. આમ પતંગના ૩ x ૫ = ૧૫ અને ૬ રાઉન્ડ = ટોટલ = એકવીસ (૨૧) નંબર લખવાના.

રમનાર દરેકને ચિત્રની કલર ઝેરોક્ષ અને નિયમની ઝેરોક્ષ તથા પેન આપો. તેમને ૧થી ૯૦ અંકમાંથી મનપસંદ નંબર લખવાના. હાઉસીના બોર્ડ અને નંબરથી આ ગેમ રમાડી શકાશે.

સંક્રાંત ફેસ્ટીવલ પ્રમાણે તેના નિયમ અને જવાબ પણ સ્પેશિયલ અને ટ્વીસ્ટ આપેલા છે. તો ચાલો, પતંગ ઉડાડવા, કાપવા, ચગાવવા થઈ જાવ તૈયાર...

નંબર આવે તે રીતે લખેલા નંબર પર રાઉન્ડ કરતા જાવ અને નિયમ પ્રમાણે થાય તો જવાબ પણ કેમ આપવા તે જે-તે નિયમ સાથે આપેલ જ છે.

**૧.** લીલા બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.
**જ.** પતંગના નામ બોલવાના. આ બધા પતંગ લુંટવા જેવા હતા તેથી મેં તો લુંટી લીધા.




**૨.** ગુલાબી બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.
**જ.** પાંચેય નામ – મારા મનમાં આકાશમાં ઉડતા આ પતંગ મેં કાપી નાખ્યા છે.

**3.** બ્લ્યુ બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.
**જ.** પાંચેય નામ – આ બધા પતંગ દરેકે જીવનમાં રોજ ચગાવવાના છે.

**૪.** લીલા બોક્ષના નંબર + જલેબી-ઊંધીયાના નંબર.
**જ.** આ બધા પતંગ લૂંટ્યા બાદ જલેબી - ઊંધીયું ખાવાની ઔર મજા આવે.

**૫.** ગુલાબી બોક્ષના નંબર + ટોપી-ચશ્માના નંબર.
**જ.** ટોપી અને ચશ્મા પહેરીને જ આ બધા પતંગ કાપવા પડે.

**૬.** બ્લ્યુ બોક્ષના નંબર + સેલ્ફીના નંબર.

**જ.** આ બધા પતંગ ચગાવ્યા બાદ સેલ્ફી લેવાનો આનંદ અનેરો છે.

**૭.** ડાબી બાજુના ૬ રાઉન્ડના નંબર થાય તે વિનર.

**જ.** જલેબી - ઊંધીયું ખાવાનું, ટોપી - ચશ્મા પહેરી બાદમાં સેલ્ફીનો વારો.

**૮.** ત્રણેય બોક્ષમાંથી ગમે તે બે-બે નંબર. કુલ ૬ નંબરો થાય તે વિનર.

**જ.** જેમકે આનંદ - હાસ્ય લૂંટ્યા, મોહ-લોભ કાપ્યા, દયા-સંપ ચગાવ્યા.

**૯.** ત્રણેય બોક્ષમાંથી ૩-૩ નંબર થાય તે વિનર.

**જ.** ઉપરની જેમ જે-તે નામ બોલવાના રહેશે.

**૧૦.** જેના બધા જ નંબર થઈ જાય તે બીગ વિનર.

**જ.** તેને જોશથી ઊભા થઈ બોલવાનું "કાપ્યો છે..., લૂંટ્યો છે... ચગાવ્યો છે...."

● **ટ્વીસ્ટ :**

નિયમ મુજબ જે વિનર થાય તેને પતંગને લગતા પિક્ચરના ગીતની કડી ગાવાની રહેશે. તમારી યાદી માટે ગીતો આપેલા છે.

૧. ઉડી ઉડી જાય... ઉડી ઉડી જાય... દિલકી પતંગ દેખો ઉડી ઉડી જાય...

૨. આ ગઈ રે, ઋત છા ગઈ રે... પીલ પીલી સરસોં ફૂલ ખીલે, પીહુ પીહુ પપીહા...

૩. ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા... ઉસ પતંગ કો ઢીલ દે...

૪. ના કોઇ ઉમંગ હૈ, ના કોઈ તરંગ હૈ... મેરી જિંદગી હૈ ક્યા બસ એક કટી પતંગ હૈ...

૫. ગલીમેં મારે ફીરે, પાસ આને કો મેરે, કભી ફરકતા નૈન મેરે તું...

૬. ચરખી વાલે... ઓ જરા ઢીલ દે... મેરી બાંકી પતંગ કટ ના જાયે રે...

૭. મેરી પ્યારી પતંગ ચલી બાદલો કે સંગ, જરા ધીરે ધીરે, જરા હોલે ઢીલ દે...

૮. ચલી ચલી રે પતંગ મેરી ચલી રે... ચલી બાદલો કે પાસ હોકે ડોર પે સવાર...

૯. યે દુનિયા પતંગ, બદલે યે રંગ... કોઇ જાને ના ઉડાનેવાલા કૌન હૈ...

● **ગીફ્ટ :**

તમે સંક્રાંતને લગતી નાની-નાની ગીફ્ટ જેવી કે પતંગ, ફિરકી, ફાનસ, લેડીઝ-જેન્ટ્સ એસેસરીઝ, ચિક્કી, સ્વીટ બોક્ષ વિ. આપી શકો. ગીત ગાય તેને ૧૧/- ૨૫/-ના કવર આપી નવાજો... ખુશ કરો...

**નોંધ :** મેં અહીં નિયમો ઘણા આપ્યા છે. આમાંથી તમે ગ્રુપ અને સમયને ધ્યાનમાં રાખી નિયમ લઈ શકો છો.

**સંદેશ :** આપણા ઘરે ગેસ્ટ આવે તે મીઠું સંભારણું લઇને જાય... ચાર જણા પાસે તમારી વાતો શૅર કરે તે તમારી ફળશ્રુતિ છે. આશા છે કે તમને આ ગેમ રમવી - રમાડવી ગમશે જ. તમે રમજો... તો મને પણ લખ્યાનો સંતોષ થશે.

## નવા વર્ષમાં રૂપિયાને અસર કરનારા પરિબળો

૨૦૧૯ના વર્ષમાં અમેરિકન ડોલર સામે રૂપિયામાં વોલેટાલિટી જોવા મળશે. વર્ષ દરમિયાન સાત મહત્ત્વના પરિબળોની રૂપિયા પર અસર જોવાશે. આ પરિબળો પર નજર કરીએ તો :

★ **રાજકીય સ્થિરતા :** સામાન્ય ચૂંટણી બાદ સ્થિર સરકાર રચાશે તો રૂપિયા પર સાનુકૂળ અસર જોવાશે. આ ઉપરાંત આ ગતિવિધિના પગલે વિદેશી રોકાણકારો ભારતમાં પુનઃપ્રવેશ કરશે.

★ **યુ.એસ. ઉપજ :** ગત વર્ષે વિવિધ પ્રતિકૂળતાના પગલે અમેરિકન બોન્ડની ઉપજ સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ હતી. જેના પગલે અનેક વૈશ્વિક જોખમો ઉદ્‌ભવ્યા હતા. નવા વર્ષમાં જો આ મુદ્દો પ્રબળ બનશે તો નકારાત્મકતા વધુ પ્રબળ બનશે.

★ **ટ્રેડ વોર ટેન્શન :** અમેરિકા - ચીન વચ્ચે છેડાયેલા ટ્રેડ વોરની વૈશ્વિક અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર થવા પામી છે. આ મુદ્દે ત્રણ માસમાં સમાધાન નહીં થાય તો વૈશ્વિક સ્તરે પુનઃ પ્રતિકૂળતા ઉદ્‌ભવશે. જેની ઉભરતા બજારોના ચલણ પર પ્રતિકૂળ અસર જોવાશે.

★ **ડી-ગ્લોબલાઇઝેશન :** તાજેતરમાં ફ્રાન્સ અને ઇટાલીમાં રાષ્ટ્રવાદી હિલચાલ અને સંરક્ષણવાદી / લોકશાહી નીતિઓની વૈશ્વિક અર્થતંત્ર પર અસર થવા પામી છે. આગામી સમયમાં આવી ઘટનાઓ ઉદ્‌ભવશે તો તેની પ્રતિકૂળતા પણ જોવાશે.

★ **અમેરિકાની ગતિવિધિ :** અમેરિકન પ્રમુખ દ્વારા હાથ ધરાયેલ વિવિધ અખતરારૂપી ગતિવિધિ તેમજ ફેડરલ રિઝર્વની ગતિવિધિની ભારતીય રૂપિયા પર અસર જોવાશે.

★ **ક્રુડની ઉછળકૂદ :** ક્રુડ ઓઇલની ઉછળકૂદની સમગ્ર વિશ્વના ચલણો પર અસર થાય છે. તેમાંય વળી ભારત ક્રુડનો સૌથી મોટો આયાતકાર દેશ હોવાના કારણે આ મુદ્દાની ભારતના અર્થતંત્ર તેમજ ચલણ પર ગંભીર અસર થાય છે.

★ **અન્ય પ્રતિકૂળતાઓ :** વૈશ્વિક સ્તરે તેમજ ઘર આંગણાની વિવિધ પ્રતિકૂળતાઓની રૂપિયા પર નવા વર્ષમાં પણ અસર થતી જોવાશે.



# જોક્સ જંકશન

### સ્ત્રીઓની વાતચીત

એક બેટ્સમેન પત્ની સાથે ચર્ચા કરી રહ્યો હતો. ''આ લેખનું હેડિંગ પણ વિચિત્ર છે. લખ્યું છે, 'સ્ત્રીઓની વાતચીત!' ''

પત્ની : 'એમાં વિચિત્ર વાત ક્યાં આવી?'

'લેખ તો માત્ર અડધા પેજનો જ છે. સ્ત્રીઓની વાતચીત આટલી ટૂંકી હોતી હશે ખરી?' પતિએ છગ્ગો માર્યો.

### સ્વિમિંગ

મદન : તને સ્વિમિંગ આવડે છે?

ચમન : ના.

મદન : તારા કરતાં તો કૂતરો સારો, જે તરી શકે છે.

ચમન : તને સ્વિમિંગ આવડે છે?

મદન : હા.


ચમન : તો પછી, તારામાં અને કૂતરામાં ફરક શું રહ્યો?

### ફાઈનલ મેચ

એક યુવતીના લગ્નમાં એનો જૂનો પ્રેમી ક્રિકેટ ખેલાડી સજીધજીને આવ્યો હતો.

એક છોકરાએ એ ખેલાડીને જોઈ પૂછ્યું, 'શું તમે વરરાજા છો?'

'ના. હું સેમિ ફાઈનલમાંથી બહાર થઈ ગયો હતો. આજે ફાઈનલ જોવા માટે આવ્યો છું!' ખેલાડીએ છગ્ગો માર્યો.



### બીજી વખત આવજો

એક ખૂબસુરત ફિલ્મ અભિનેત્રીના એના બોયફ્રેન્ડ સાથે ધામધૂમથી લગ્ન થયા. થોડાક દિવસ પછી એ ફિલ્મ અભિનેત્રીની મુલાકાત એક ફિલ્મ દિગ્દર્શક સાથે થઈ. ફિલ્મ દિગ્દર્શકે કહ્યું, 'માફ કરજો, હું તમારા લગ્નમાં સામેલ ન થઈ શક્યો!'

'કોઈ વાંધો નહીં' અભિનેત્રી બોલી, 'બીજી વખત આવજો!'

### કાશ્મીરમાં....

માત્ર કાશ્મીરનો ધારાસભ્ય જ બેધડક એની પત્નીને કહી શકે છે : 'મહેબુબા સે મિલને જા રહા હું... દેરી હોગી!'



### સારો જમાઈ

જમાઈએ પોતાની સાસુને કહ્યું, 'તમારી દીકરીમાં હજારો અવગુણ છે.'

સાસુ : 'હા, બેટા! એટલે જ તો અમને સારો જમાઈ નથી મળ્યો!'

### SMS

**Husband : I need space.**

**Wife : Join NASA.**

### ભોળપણ

એક ક્રિકેટરને એની પત્નીએ કહ્યું, 'તમે બહુ જ ભોળા છો. તમને તો કોઈપણ ઉલ્લુ બનાવી દે છે.'

'સાચું કહે છે તું! શરૂઆત તો તારા ડેડીએ જ કરી હતી ને?' ક્રિકેટરે છગ્ગો માર્યો.

### હિંમત

*શરાબી :* જો મારા હાથમાં સરકાર હોત તો હું દેશનું નસીબ બદલી નાખું.

*પત્ની :* હલકટ, પહેલા તારો પાયજામો તો બદલ! સવારથી મારી સલવાર પહેરીને ફરે છે...

## ઉત્તરાયણ (કાવ્ય)

ઉત્તરાયણ ઉત્સવ છે ઉમંગનો
ને આકાશે જામ્યો મેળો પતંગનો...

માંજો તો છે તેજ રહેજો સતેજ
જોજો જાય નહીં જીવ કોઈ વિહંગનો...

ચાયનીસ દોરાથી ચેતીને રહેજો
લાગે ઝટકો એનાથી કરન્ટનો...

ધ્યાનથી દોડજો ધાબા ઉપર
નહીં તો અંત આવશે સંબંધનો...

માજા મુકી આ મોંઘવારીએ
"પ્રભુ" ચગે કેમ? પતંગ જીવન જંગનો...

*પ્રભુલાલ સિધ્ધપુરા "પ્રભુ"*
*પ્લોટ નં.-૫૦૪, સેક્ટર-૫, સર્વોદય સોસાયટી,*
*ગાંધીધામ, કચ્છ.*

## વસંત કે નિંચાપો

ચૉજા વસંત હાણે વનમેં વરે,
તેંકે કોયલ કડૂણી-તી હકલુ કરે...
ચૉજા વસંત હાણે વનમેં વરે

ફગણજિયું ફૂઈયું લગિયું,
ખિરે પેઆ પનડા;
ઘટાઉં થિઇયું પાંખિયું,
લગેં ઝાડ સનડા;
જંગલઝંઢુડે મથે મચ-તો બરે...
ચૉજા વસંત હાણે વનમેં વરે

ફુલડેંજા મીં વસંધા,
વસંતજી આવસેં;
કલી કલી ગૂંજંધા,
ભમરા પણ ભાવસેં;
વરી પખીડા પીંધા હુભ પિરભું ભરે...
ચૉજા વસંત હાણે વનમેં વરે

વન-પન નીલપ નીરી,
સેણ નેણ ઠારઈ;
ઘટા ગોઠડી થીંધી,
મિંઠપસે મારઈ;
મોર મચેં ને 'તેજ' હીંચડો હરે...
ચૉજા વસંત હાણે વનમેં વરે

– *કચ્છી કવિ "તેજ"*

## Cuckoo is Waiting

Please someone tell the Spring
Tell, Cuckoo's waiting,
Come now to woods, come to your home...

Winter's winds blown,
With leaves all gone,
The foliage is mean,
And the trees look so lean;
In jungle's turn,
Look flames burn,
forest's on fire, in 'kesoda's' form,
Come now to woods, come to your home...

When you will come,
flowers will bloom;
On each new blossom,
Blackbees will hum;
And birds will chirp,
Nectar they'll slurp,
In lush green woods happily they'll roam,
Come now to woods, come to your home...

Greenery's all around,
And thickets abound;
In coolness that vies,
With beloved one's eyes,
Peacocks will dance;
My heart in trance,
In green green woods will be at home,
Come now to woods, come to your home...

– *Upadhyay Bhuvanchandra Maharaj "Chinmaya"*

## કચ્છી હાઈકુ

જિંધગી ઝેર
નાંય, પીયો ત ખરા,
અમૃત આય.

રુને સેં કુરો
થીંધો? ખિલોં ત જગ
પાંજો જ આય

કચ્છ જા કારા
ડુંગરા ત ધરતી
જી સોભા આય.

ધી તાં રતન
આય, કો વિનાયો તા?
જતન કર્યો.

*શ્રીમતી અરુણા અરુણ ઠક્કર 'માધવી'*
*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા,*
*રિંગ રોડ, ભુજ, કચ્છ. મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

## સંબંધ

આપણો સંબંધ
જૂનો કોઈ ઋણાનુબંધ;
સમજાય નહીં એવો
દિલનો અનુબંધ.

મળીએ ત્યારે બસ,
માણો આનંદ;
આમ જ જાળવજો,
આ પ્રીતિનો રંગ.

જુદાં પડવું એ તો,
સાહજિક પ્રસંગ;
હૈયા પર લઈ,
ન કરો આક્રંદ.

એમ જ હેતે મળવું ને,
હસતાં છૂટા પડવું;
બસ આ જ તો છે,
પ્રભુની પસંદ.

★

## અમસ્તુ જ

કોઈ એમ અમસ્તું તો,
આવે નહીં નયનમાં,
ઈશને લાગી હશે, અધૂરપ મારા જીવનમાં.

કહે છે કારણ વગર,
કશું જ થતું નથી,
તો એમ જ કેમ થનગનાટ થાય તનમાં?

આ કાળાધોળા અક્ષર,
રંગીન થઈ જાય,
અને મેઘધનુ રચાય ઉરના ગગનમાં.

તારી મરજી જ હતી,
રોજ સર આંખો પર,
આજે પણ વધાવ્યો તારો હુકમ હરખમાં.

**– બીના પીયૂષ ભણસાળી**

*ફૂલ ગમે તેટલું સુંદર હોય પણ વિખ્યાતી તેની સુગંધથી મળે છે. મનુષ્ય કેટલો પણ મોટો હોય પણ કદરદાની તેના ગુણોથી થાય છે.*

## દીકરી

દીકરી આપી, આપ્યા અમને કૂણા થવાના અવસર
હતા અમે તો હરિવર સાવે'ય કાળમીંઢ શા પથ્થર

દીકરી જાણે આંગણિયાનો ચંપા કેરો છોડ
દિ આખો રહે મહેકતી,
ઘર આખું તરબોળ સૂકા રણમાં મીઠી વીરડી
દૂધમાં ઘોળ્યું કેસર...
હતા અમે તો હરિવર સાવે'ય કાળમીંઢ શા પથ્થર

દીકરી કોયલ આંબલીયાની, ઉડી જશે પરદેશ
સુનું થશે ઘર ને ફળિયું, સ્મરણો રહેશે શેષ
પિતા-પતિના કુળને કાજે ઓવારી દે જીવતર...
હતા અમે તો હરિવર સાવે'ય કાળમીંઢ શા પથ્થર

**– અજિત પરમાર**

## કચ્છ જી કમાલ

*કડેંક 'નીરો' દુક્કાર, કડેંક સુકો દુકાર*
*તો ય મનમેં ઉમંગ ને તનમેં તાકાત*
*એળી, મુંજે ત કચ્છડે જી કેળી કમાલ!!*
*હકડે મુલ્લેજી બાંગ, હકડી ખેડૂ જી ડાંગ,*
*હકડે ઘૂવડજી ઘૂઘ, હકડે હોલે જી હુક,*
*કતેક 'મોર' જી ટહુંક, કતેક કોયલ જી કૂક!*
*હકડે 'સૂરખાબ'જી પખ, હકડી સમરી જી અખ!*
*કડાંક ઢોલ જી ઢબૂક, કડાંક તબલે જી તાલ*
*એળે મુંજે ત કચ્છડે જી કેળી કમાલ!!*
*પગલે પગલે જડા 'પાળીયા' પૂજાજેં*
*'મઢવાળી મા' ભક્તે કે ડેસીને હરખાજે*
*ભદ્રેસર જે 'દેરાસર'જી કારીગરી વખણાજે*
*'નારાયણ કોટેશ્વર' જેડાં જાત્રા જા ધામ*
*મેણીજા કૂલદેવી ને કૂલદેવતા કરીયેં રખવાડ - એળી મુંજે*
*ગઢ મેં દીવડે જી આરતી ઉતરાય,*
*હુ કારો ડુંગર ને હમીરસર તરા,*
*બોંતેર જખ જડાં ખૂબ જ સોહાય,*
*રામદેવપીર, હાજીપીર ને જેસલ-તોરલ કે સો સો સલામ*
*દરિયા દેવજી 'દેગ' સાધુ સંતેજી 'ભેખ'*
*સારા બંદર ને વહાણ વટેજી ભેટ*
*ગઢ કાંગરા! મહેલ હવેલી ને વાય*
*જડા પુરાતન તત્ત્વ ઐં અપરંપાર*
*હનજા 'દાઢ'મેં રૈ વને એડા 'પકવાન'... એળે મુંજે*
*હુ બન્નીજા ભૂંગા ને બાંધણી જા ધાગા*
*જવાર બાજરીજા ડુંડા ને સુપ બેયા સુંઢા*
*હુડાજા 'રાયણ' લીયાર ને કંગણી બેયા ઘોઘા*
*હુડાજા નિર્મળ નીર ને નિર્ભેળ 'હવા',*
*તોય પરયા ભજેંતા ઘણે કચ્છ સે કોલા?*
*સતત સતાય તો મુકે ઇ જ સવાલ*
*એળે મુંજે કચ્છડે જી કેળી કમાલ!!*

**કમલાબેન અશ્વિન ચંદન 'કપીલા'**



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચેંજે ફ્લેટમેં જોઈતારામ રેંતાં અનીંજી ઘરવાળી કુલા અધમ મચાય આય ને કડુંણી છોરેં કે સામે રાડારાડ કરેતી, ને બોલેતી ધૂળ થઈ તોજી ફેશનેમેં, આગ લગે તોજી ફેશનેમેં... સે જરા તપાસ ત કર, કઈ ગાલલા હી મડે મથાકુટ થઈ આય?

બચુડો : (તપાસ કે ને ચેં) જોઈતારામજો છોરો ઈશાંત શર્માને ઉમેશ યાદવજો જભરો ચાહક આય ને તેંમેં અનીંજે લમે વાળજી ફેશન નેરેને પંઢજા વાળ વધારે ચોટી બંધેતો. ઘરમેં અનજી ભેણ પણ લગનજી ઉંમર જતરી આય. નાતજે જમણવારમેં કોઈ સગેકે ચોટીવારી છોરી પસંદ પે વઈ વી સે છોરેજી ભેણકે નેરેલા આવ્યા વા, સે ચ્યાં અસાંકે આંજી ચોટીવારી છોરી પસંદ આય, સીધીસાદી વારવાળી છોરી પસંદ નાય. સે જોઈતારામજી ઘરવાળી રાડું પાડે તે કે તોજી ફેશનજી લાયમેં મુંજી છોરીકે કોય પાસ ન કે સે તું માડું જેડા વાળ કપાય અચ ને હી ફેશનજા ધતીંગ ભંધ કર.

## ખિલજા મ ભલા

શિક્ષક : રોનક, તારા પપ્પા શું કરે છે?

રોનક : એચડીએફસી ના માલિક છે.

શિક્ષક : એચડીએફસી બેંકના?

રોનક : ના સાહેબ, એ તો 'હીરાલાલ દહીંવડા અને ફાલુદા સેન્ટર'ના માલિક છે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આપણા લગ્નને જોતજોતામાં ૨૫ વર્ષ વીતી ગયા પણ સમય ક્યાં ગયો ખબર જ ન પડી.

પતિ : એ તો જેની ઉપર વીતી હોય એને જ ખબર પડે.

☺ ☺ ☺ ☺ ☺

ગનીભાઈ : મધ્યપ્રદેશમાં પોતાનો ગઢ સમજતી ભાજપા હારી ગઈ.

ગફુરભાઈ : ભાજપા હારી તો ગઈ પણ પોતાનો હક્ક તો જમાવી રાખ્યો છે.

ગનીભાઈ : કઈ રીતે?

ગફુરભાઈ : 'કમલ'નાથને મુખ્યમંત્રીપદે મૂક્યા તેથી.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : (પતિને) હું તો બહુ કંટાળી ગઈ છું. ચામડી એટલી બધી ઓઈલી થઈ ગઈ છે કે કોઈ ક્રીમ કામમાં આવતી નથી.

પતિ : એમાં કંટાળવાની જરૂર નથી. હમણાં જ મેં ટી.વી.માં એક જાહેરાત જોયેલી. એમાં એક સ્ત્રી કહેતી હતી કે ગમે તેવી ચીકાશ કાઢવામાં વિમબાર ખૂબ જ અક્સીર છે. વિમબાર અજમાવો અને ચીકાશ દૂર કરો.

☺ ☺ ☺ ☺ ☺

જગન : યાર મગન, તેં તારી પત્નીને હીરાની વીંટી કેમ ભેટ આપી? તેને તો કાર જોઈતી હતી...!

મગન : તારી વાત તો સાચી છે પણ શું કરું! બજારમાં નકલી કાર મળતી નથી એટલે હીરાની વીંટી જ ભેટમાં આપવી પડી.

☺ ☺ ☺ ☺ ☺

અક્ષય : જો પેલી છોકરી મને જોઈને મલકી રહી છે...

પ્રિયા : એ તો માત્ર મલકી જ રહી છે. પરંતુ મારાથી તો તને પહેલીવાર જોઈને હસવું જ રોકી શકાતું નહોતું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બાળકો, કોઇને કંઈ પૂછવું છે?

પર્વ : હા સાહેબ. હિંદીને અંગ્રેજીમાં શું કહેવાય?

☺ ☺ ☺ ☺ ☺

લાલુ : તું શું ખાય છે?

લીલા : બદામ ખાઉં છું.

લાલુ : મને પણ ટેસ્ટ કરાવ.

લીલા : લે, આ બદામ તું પણ ટેસ્ટ કર.

લાલુ : બસ એક જ બદામ?

લીલા : બધી બદામનો ટેસ્ટ એક સરખો જ છે.

☺ ☺ ☺ ☺ ☺

હરેશ : મારી પર્સમાં નથુરામ ગોડસે બેઠો છે.

નરેશ : કેમ એમ બોલે છે?

હરેશ : શું કરું, ગાંધીજીને પર્સમાં ટકવા જ નથી દેતો.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : અલ્યા મોન્ટુ, મારી પાસે મોબાઈલ છે તો પણ તેં લેટર કેમ લખ્યો?

મોન્ટુ : મારામાં એટલી અક્કલ તો છે. પણ મોબાઈલ કર્યો તો અંદરથી કોઈક બોલી રહ્યું હતું 'નંબર બિઝી છે... નંબર બિઝી છે... ટ્રાય લેટર...' એટલે પછી મેં લેટર લખ્યો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## બાલુડેં જ્યું ગાલિયું

## જ્ઞાન-ગમ્મત

સંકલન :
શ્રીમતી કિરણબેન પી. ઠક્કર

### હા કે ના?

૧. ભાકરા-નાંગલ બંધ નર્મદા નદી પર બાંધવામાં આવ્યો છે.
૨. મધ્યપ્રદેશ નજીક વહેતી નદીનું નામ ચંબલ છે.
૩. LIC એટલે લાઈફ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન.
૪. RBI ભારત સરકારની અધિકૃત બેંક છે.
૫. સમજૌતા એક્સપ્રેસ અમૃતસર - લાહોર વચ્ચે દોડે છે.
૬. 'આનંદ ભવન' મહાત્મા ગાંધીનું જન્મસ્થળ છે.
૭. સ્થાપત્ય કળાનું પ્રતીક 'ગોળગુંબજ' બીજાપુરમાં આવેલો છે.
૮. જહાજ બનાવવાનું ઔદ્યોગિક કેન્દ્ર રૂરકેલામાં છે.
૯. શ્રીરામની નગરી નજીક ગંગા નદી વહે છે.
૧૦. મીઠાનો સત્યાગ્રહ બારડોલીમાં થયો હતો.
૧૧. રવિન્દ્રનાથ ટાગોર સ્થાપિત આશ્રમ શાંતિ નિકેતન છે.
૧૨. 'રાજઘાટ' મહાત્મા ગાંધીનું સમાધિસ્થાન છે.
૧૩. ભારતની સૌથી મોટી મસ્જિદ ભોપાલમાં આવેલી છે.
૧૪. મીનાક્ષી મંદિર અમૃતસરમાં આવેલું છે.
૧૫. સુપ્રસિદ્ધ ગિરિનગર કોડાઇ કેનાલ જમ્મુ - કાશ્મીરમાં આવેલું છે.
૧૬. ડૉ. આંબેડકરને દલિત સમાજના ઉધ્ધારક કહેવાય છે.
૧૭. તેનસિંગ શેરપા એવરેસ્ટના શિખરો સર કરનાર સાહસવીર છે.
૧૮. 'વનસ્પતિ સજીવ છે' કહેનાર ડૉ. હોમી ભાભા.
૧૯. રામકૃષ્ણ પરમહંસ, રાજા રામમોહનરાયના ગુરૂ હતા.
૨૦. રાણી લક્ષ્મીબાઈનું અનુશાસન ઝાંસીમાં હતું.

**જવાબ**


| | | | |
|---|---|---|---|
| (૦૧) → | ☐ | (૧૧) → | ☐ |
| (૦૨) → | ☐ | (૧૨) → | ☐ |
| (૦૩) → | ☐ | (૧૩) → | ☐ |
| (૦૪) → | ☐ | (૧૪) → | ☐ |
| (૦૫) → | ☐ | (૧૫) → | ☐ |
| (૦૬) → | ☐ | (૧૬) → | ☐ |
| (૦૭) → | ☐ | (૧૭) → | ☐ |
| (૦૮) → | ☐ | (૧૮) → | ☐ |
| (૦૯) → | ☐ | (૧૯) → | ☐ |
| (૧૦) → | ☐ | (૨૦) → | ☐ |

*(બધાના જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## ચક્રવ્યૂહ


**નીચેના ચક્રવ્યૂહની રચનામાં પાંચ અક્ષરના શબ્દો ચાવીઓની મદદથી એ રીતે ભરો કે પાંચમો અક્ષર દરેકમાં 'ક' હોય**

(૧) ફાયદાકારક
(૨) કોપરાની બનતી મીઠાઈ.
(૩) દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર
(૪) જેની આરપાર દેખાય તેવું.
(૫) હુકમ પ્રમાણે અનુસરનાર
(૬) ભાવ બતાવનારૂં
(૭) ડર ઉપજાવે તેવું
(૮) પુત્ર
(૯) ૨૬ જાન્યુઆરી, ______ દિન
(૧૦) લશ્કરનો વડો
(૧૧) વસ્તુની કિંમત દર્શાવતી યાદી
(૧૨) સરતચૂક
(૧૩) જીવલેણ
(૧૪) મનને આકર્ષે તેવું
(૧૫) સત્તાને લગતું
(૧૬) લોઢાને આકર્ષવાના ગુણવાળું
(૧૭) જોખમ ભરેલું
(૧૮) વિલન




## આ રમતમાં આપેલ ચાવીઓની મદદથી જવાબો શોધીને ફિલ્મી તોરણમાં ભરો

(૨) કા.મા. વગરની બચ્ચનની એક ફિલ્મ.
(૩) અપ્પુ રાજાની પત્ની!
(૪) એક ગીતકાર જેમાં 'પતિ' છૂપાયેલો છે.
(૫) એક નિર્દેશક જેમાં 'શુદ્ધ સોનું' છૂપાયેલું છે.
(૬) 'કોઈ મિલ ગયા'ના રોહિતના કાકા.
(૭) 'દિવાનગી'નો દીવાનો અભિનેતા.
(૮) 'ચાઈનાગેટ' ફિલ્મના નિર્દેશક.
(૯) આમિર ખાનની સાઈકલ રેસમાં જીત.
(૮) 'દેશપ્રેમી' ફિલ્મના નિર્દેશક.
(૬) નાયક ફિલ્મનો
(૫) એક ગાયિકા જેમાં 'ઉમેદ' છુપાયેલી છે.
(૪) કુશ્તીબાજ - બજરંગબલી
(૩) 'કુછ ખટ્ટી કુછ મીઠી'માં ડબલ રોલ કરનાર અભિનેત્રી.
(૨) દિલ દિયા હૈ જાન ભી દેંગે.... ફિલ્મ?




*વગાડો છો જીગરને દિલના તબલાં કેમ મહેફિલમાં,*
*તમારી ક્યાં ગઈ વીણા? તમારી ક્યાં સિતારી છે?*
*– એન. જે. ગોલીબાર*

## આ રમતમાં ______ની જગ્યાએ આવતા બે અક્ષરો શોધી શબ્દસાથીની રમતમાં જવાબો ભરો




(૧) ______ ગોટો
(૨) ______ કાર
(૩) ______ મણી
(૪) ______ પાત
(૫) ______ લાદી
(૬) ______ વત
(૭) ______ ખેમ
(૮) ______ મલ
(૯) ______ ખર
(૧૦) ______ ઝેબ
(૧૧) ______ વટ
(૧૨) ______ ચીન
(૧૩) ______ મચ્છી
(૧૪) ______ કડું
(૧૫) ______ નત
(૧૬) ______ ગિરિ
(૧૭) ______ માખી
(૧૮) ______ ખમ
(૧૯) ______ ઝક
(૨૦) ______ લેસ
(૨૧) ______ વારી
(૨૨) ______ ચોર
(૨૩) ______ મસ્ત
(૨૪) ______ ખાનું
(૨૫) ______ સુત

*એક મિત્ર : જો એક વાઘ તારી સાસુ અને પત્ની પર હુમલો કરે તો તું કોને બચાવીશ?*
*બીજો મિત્ર : બેશક વાઘને. આજકાલ વાઘની સંખ્યા બહુ ઓછી થતી જાય છે!*

*અસ્તિત્વના અણુએ અણુથી સહુને ચાહો,*
*કોઈ ભૂલા પડેલા બાળકની આંગળી પકડી તેની માતા સુધી પહોંચાડો.*
*સુંદર વિચારોને વધાવો, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આનંદમય રહો.*
*પ્રજ્ઞાચક્ષુને પ્રકાશની ખેવના હોય તેવી ખેવના સત્ય માટે સેવો.*
*નિર્મળ હૃદયે પ્રાર્થના કરો*
*જુઓ, એ તમારા ઉંબરે આવીને ઊભેલો જ છે – સદા સર્વદા.*

## NanoNine® શબ્દ રમત-૧૪૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| | | | | ૭ | ૮ | | | | | ૯ | |
| ૧૦ | ૧૦A | | ૧૧ | | | | | | ૧૨ | | |
| | | | ૧૩ | | ૧૪ | | ૧૫ | | | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ૧૯ | | ૨૦ | ૨૧ | | | | | |
| | ૨૨ | | | ૨૩ | | ૨૪ | | | | | |
| ૨૫ | | | | ૨૬ | ૨૭ | | | ૨૮ | | ૨૯ | |
| ૩૦ | ૩૧ | | | ૩૨ | | | ૩૩ | | | | |
| | | | | | | ૩૪ | | ૩૫ | | ૩૬ | ૩૬A |
| ૩૭ | | ૩૮ | | ૩૯ | | ૪૦ | | | | | |
| | | ૪૧ | | | | | | | ૪૨ | | |
| | ૪૩ | | ૪૪ | | | | ૪૫ | | | ૪૬ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૨૮-૨-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. કોઈ વસ્તુના મૂળ વિશે વિચાર કરવો (૫)
૪. કોપેલું, રૂઠેલું (૫)
૭. કંકણ, કડું (૩)
૮. નાશ, પ્રલય (૨)
૯. રસ્તો, પ્રતીક્ષા, રાહ (૨)
૧૦. નસ, ધાબળો, વલણ (૨)
૧૨. મડદું, લાશ (૨)
૧૩. ડાક, પોસ્ટ (૩)
૧૭. રહી રહીને ડંખ જેવી વેદના થવી (૪)
૨૦. માથાફોડ, મગજને કામ આપવો (૫)
૨૨. નગારા પર ચામડાં મઢનારો (૪)
૨૪. વજનદાર, ખૂબ (૨)
૨૬. પાત્ર, દામ (૩)
૨૮. એકદમ બધું નકામું થવું, મિંડું વળવું કે છબરડો વળવો તે (૪)
૩૦. ઉમેદ, વિશ્વાસ (૨)
૩૨. સંજ્ઞા, યાદગીરી, કીર્તિ (૨)
૩૩. મારી _____માં ચાર ફૂલ (૨)
૩૬. ક્રિડા, ખેલ, અદ્‌ભુત ખેલ, મોટા કરે તે (૨)
૩૯. મગજને તર કરે તેવી (બદામ વગેરે) જેના બીજ રસોઈમાં વપરાય (૫)
૪૨. કાપડની પહોળાઈ (૨)
૪૩. એક વનસ્પતિ. તેના મૂળનું અથાણું થાય (૪)
૪૪. હશે, છોને, ભલે (૨)
૪૫. સૂર્ય, રવિવાર (૨)
૪૬. ચામડી પર બાઝેલી ગોળ ગાંઠ (૨)

### ઊભી ચાવીઓ

૧. ચાંદની, લાંબા પર્ણોવાળું પાંચ પાંખડીવાળા સુગંધી ફૂલ (૩)
૨. ફિકર, વિચાર (૨)
૩. નવું, એક આંકડાની સંખ્યા (૨)
૪. ઠારેલા, કોલસા, અંગારા (૩)
૫. એક વેદોક્ત કર્મ, યાગ (૨)
૬. સૂબો, મુસલમાન રાજા (૩)
૧૦એ. ઘોંઘાટ, અવ્યવસ્થા, ગોટાળો (૪)
૧૧. કજિયો, અણબનાવ, કડાકૂટ (૪)
૧૨. રામ ભક્ત એક ભીલડી (૩)
૧૫. જઠર, પેટ (૩)
૧૬. પ્રવાહી પદાર્થ ચૂસતાં થતો અવાજ (૪)
૧૮. કાળું માથું કથ્થાઈ શરીરવાળું પક્ષી, કલબલ કરતું પક્ષી (૩)
૧૯. મોહ, મમતા, અવાજ, સૂર (૨)
૨૧. ઢોરના નીરણ માટેની જગ્યા, ગોચરની જમીન (૩)
૨૩. મોકલેલું, પ્રેષિત, વિદાય કરેલું (૩)
૨૫. આશિર્વાદ, જ્યાં દવા કામ ન આવે ત્યાં _____ કામ આવે (૨)
૨૭. સોગન, સરખું, સમાન (૨)
૨૮. માલિક, રક્ષક (૪)
૨૯. _____ વાલે, ડફલી બજા (૩)
૩૧. ખાઈ શકાય તેવા કંદ, ફળ, ભાજી (૨)
૩૪. જઠર, પેટ (૩)
૩૫. મુખ્ય, સરિયામ, બળદ પુત્ર (૨)
૩૬એ. રાતા રંગનું, લાડકો દીકરો (૨)
૩૭. આંકો, ચીરો, છેકો (૨)
૩૮. ૧૦૦ ગુણ્યા ૧૦, સહસ્ર (૩)
૩૯. મગરમચ્છ, મગર, દસમી રાશિ (૩)
૪૦. કસબ, થોડું, લગાર (૨)
૪૧. બરણી, જુવાર (૨)

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

*'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.*

## NanoNine® શબ્દ રમત-૧૪૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ના | જ | ની | ન | | સ | ગ | ડ | | પો | શ | |
| ગ | તિ | | મા | | ફ | | હા | ક | લ | | જ |
| પં | | મ | જ | બૂ | ર | | પ | ટ | | મા | ન |
| ચ | મ | ન | | મ | | ર | ણ | કા | ર | | ક |
| મી | | હૂ | ક | | કા | મ | | | | કા | |
| | રા | સ | | | રી | ત | ભા | ત | | ર | સ |
| જ | મા | | પ | રા | ગ | | ર | મ | ત | વા | ત |
| | ચ | કૃ | ત | | ર | જ | ત | | ગ | | લ |
| પ | ણ | | રા | વ | | જ | | | ર | મૂ | જ |
| ડો | | કા | જી | | ક | મા | ન | | | | |
| શ | ર | દ | | વા | મ | ન | | અ | સ | હા | ય |
| ણ | | વ | ન | | ળ | | ર | મી | | ર | સ |

*માસ ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. આશા શાહ - ભુજ
૨. રશ્મિ સાવલા - ભુજ
૩. નિર્મલા વોરા - ભુજ
૪. પ્રભા શેઠિયા - વલસાડ
૫. નેહલ મહેતા - ગાંધીધામ
૬. નિકુંજ મહેતા - ગાંધીધામ
૭. તારાચંદ મહેતા - ગાંધીધામ
૮. હસમુખ દેઢિયા - અડાલજ
૯. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૧૦. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૧૧. પ્રભાબેન સાવલા - રાજકોટ
૧૨. નગીન શાહ - નાગપુર
૧૩. ઉષા સંઘવી - રાઉરકેલા
૧૪. ગુણવંતી ખંડોર - મુંદ્રા
૧૫. સરોજ ચંદુરા - સુરત
૧૬. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૭. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૧૮. નવલ શાહ - અમદાવાદ
૧૯. કલ્પના શાહ - અમદાવાદ
૨૦. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૨૧. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૨૨. સ્મિતા શાહ - અમદાવાદ
૨૩. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૪. સરલા શાહ - અમદાવાદ
૨૫. જયંતિ શાહ - અમદાવાદ
૨૬. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨૭. રંજન શાહ - અમદાવાદ
૨૮. જ્યોતિ શાહ - અમદાવાદ
૨૯. રાજકુમારી શાહ - અમદાવાદ
૩૦. વર્ષા પારેખ - અમદાવાદ
૩૧. મહેન્દ્ર પૂજ - અમદાવાદ
૩૨. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૩૩. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૩૪. જ્યોતિ ગડા - અમદાવાદ
૩૫. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૩૬. દમયંતી દંડ - અમદાવાદ
૩૭. મીત મહેતા - અમદાવાદ
૩૮. ચેતના વોરા - અમદાવાદ
૩૯. સંવિદા વોરા - અમદાવાદ
૪૦. મુકેશ મૈશેરી - અમદાવાદ
૪૧. નરેન્દ્ર કોઠારી - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

(૧) રંજન દિનેશ શાહ — અમદાવાદ
(૨) મહેન્દ્ર પૂજ — અમદાવાદ
(૩) આશા કે. શાહ — ભુજ

## NanoNine *Sudoku*

*ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. રીશ્વા મહેતા - ગાંધીધામ
૨. ગુણવંતી મહેતા - ગાંધીધામ
૩. તારાચંદ મહેતા - ગાંધીધામ
૪. પ્રભા શેઠિયા - વલસાડ
૫. યશ પારેખ - સિકંદ્રાબાદ
૬. ઉષા સંઘવી - રાઉરકેલા
૭. ચંદ્રિકા શાહ - રાઉરકેલા
૮. ગુણવંતી ખંડોર - મુંદ્રા
૯. સરોજ ચંદુરા - સુરત
૧૦. સ્મિતા શાહ - અમદાવાદ
૧૧. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૩. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૧૪. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૫. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૬. દર્શના શાહ - અમદાવાદ
૧૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૮. રેખા સંઘવી - અમદાવાદ
૧૯. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨૦. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૧. દિનેશ વોરા - અમદાવાદ
૨૨. ધરા વોરા - અમદાવાદ
૨૩. સંવેદા વોરા - અમદાવાદ
૨૪. અવંતી દંડ - અમદાવાદ
૨૫. ખુશ્બુ ધુલ્લા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર દસ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

(૧) મહેન્દ્ર એસ. શાહ — અમદાવાદ
(૨) ખુશ્બુ ધુલ્લા — અમદાવાદ
(૩) ગુણવંતી મહેતા — ગાંધીધામ

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૫૫**

### શ્રેષ્ઠતા

*ઈટાલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી 'ને ભીડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક એક રેખાઓમાં અને મરોડમાં પોતાની કલા ઠાલવીને મૂર્તિઓ કોતરતો હતો.*

*એક મિત્રએ એ જોઈને ટીકા કરી : "આ મૂર્તિ પર કોઈની નજર સરખીયે પડવાની નથી. તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દો તોય ચાલશે."*

*શિલ્પીએ મૂર્તિમાંથી આંખ ઊંચી કર્યા વગર જવાબ આપ્યો : "મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઈએ. પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું અને બીજું કોઈ નહીં તો ભગવાન તો એ જોશે જ ને!"*

**— ફાધર વાલેસ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૨-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________ ફોન/મોબાઈલ : ______________

### ક્રમાંક - ૧૧૦૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 6 | 8 | 4 | |
| | | | 4 | 8 | 1 | | 7 | 9 |
| 3 | | | | | | 5 | | |
| | 8 | 3 | 2 | | 9 | | | |
| | 6 | 1 | | | | 2 | 9 | |
| | | | 3 | | 4 | 7 | 1 | |
| | | 7 | | | | | | 5 |
| 6 | 3 | | 1 | 9 | 5 | | | |
| | 1 | 4 | 7 | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | 3 | | | | |
| | | 4 | | | | 5 | | 2 |
| | 9 | 1 | | | 8 | | 6 | |
| | | | 5 | | | | 3 | 8 |
| 4 | 2 | | | | | | 7 | 1 |
| 6 | 3 | | | | 7 | | | |
| | 1 | | 4 | | | 9 | 5 | |
| 7 | | 2 | | | | 8 | | |
| | | | | 5 | | 3 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | 6 | 3 |
| | 6 | | 3 | | 9 | | 4 | |
| | | | 6 | | 8 | 7 | | 9 |
| | | | | 5 | | 6 | | 7 |
| 8 | 7 | 6 | | | | 1 | 5 | 4 |
| 3 | | 4 | | 1 | | | | |
| 6 | | 1 | 2 | | 3 | | | |
| | 9 | | 1 | | 7 | | 2 | |
| 7 | 8 | | | | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | | 9 | 1 | | |
| 5 | 3 | | | 1 | | | | |
| 8 | | | | | 6 | 7 | 4 | |
| 7 | | | 4 | | | 5 | | |
| | | | | | | | | |
| | | 4 | | | 8 | | | 9 |
| | 2 | 9 | 5 | | | | | 1 |
| | | | | 6 | | | 8 | 3 |
| | | 6 | 3 | | | 9 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૦૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 7 | 3 | 4 | 8 | 9 | 1 | 6 |
| 8 | 1 | 6 | 5 | 9 | 7 | 3 | 2 | 4 |
| 9 | 4 | 3 | 2 | 1 | 6 | 5 | 8 | 7 |
| 1 | 2 | 8 | 4 | 7 | 5 | 6 | 3 | 9 |
| 3 | 7 | 4 | 6 | 2 | 9 | 8 | 5 | 1 |
| 6 | 9 | 5 | 8 | 3 | 1 | 4 | 7 | 2 |
| 5 | 8 | 9 | 1 | 6 | 2 | 7 | 4 | 3 |
| 7 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 6 | 8 |
| 4 | 6 | 2 | 7 | 8 | 3 | 1 | 9 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 5 | 9 | 8 | 7 | 2 | 6 | 3 |
| 7 | 8 | 3 | 2 | 6 | 1 | 5 | 9 | 4 |
| 6 | 9 | 2 | 5 | 3 | 4 | 7 | 1 | 8 |
| 9 | 7 | 6 | 8 | 5 | 2 | 3 | 4 | 1 |
| 8 | 5 | 4 | 6 | 1 | 3 | 9 | 2 | 7 |
| 3 | 2 | 1 | 7 | 4 | 9 | 6 | 8 | 5 |
| 4 | 6 | 7 | 1 | 2 | 5 | 8 | 3 | 9 |
| 2 | 1 | 9 | 3 | 7 | 8 | 4 | 5 | 6 |
| 5 | 3 | 8 | 4 | 9 | 6 | 1 | 7 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 2 | 9 | 4 | 3 | 8 | 5 | 7 |
| 9 | 4 | 3 | 5 | 7 | 8 | 6 | 1 | 2 |
| 5 | 8 | 7 | 1 | 6 | 2 | 3 | 9 | 4 |
| 4 | 9 | 6 | 3 | 5 | 7 | 1 | 2 | 8 |
| 1 | 7 | 5 | 2 | 8 | 4 | 9 | 6 | 3 |
| 2 | 3 | 8 | 6 | 9 | 1 | 4 | 7 | 5 |
| 8 | 5 | 4 | 7 | 1 | 9 | 2 | 3 | 6 |
| 7 | 2 | 1 | 4 | 3 | 6 | 5 | 8 | 9 |
| 3 | 6 | 9 | 8 | 2 | 5 | 7 | 4 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 2 | 1 | 4 | 7 | 5 | 6 | 9 | 3 |
| 5 | 3 | 7 | 9 | 6 | 8 | 2 | 4 | 1 |
| 6 | 4 | 9 | 3 | 2 | 1 | 8 | 7 | 5 |
| 7 | 1 | 4 | 2 | 3 | 9 | 5 | 8 | 6 |
| 2 | 9 | 8 | 1 | 5 | 6 | 4 | 3 | 7 |
| 3 | 6 | 5 | 8 | 4 | 7 | 9 | 1 | 2 |
| 9 | 8 | 3 | 6 | 1 | 2 | 7 | 5 | 4 |
| 1 | 7 | 6 | 5 | 9 | 4 | 3 | 2 | 8 |
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 1 | 6 | 9 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## "સ્ટેચ્યુ ઓફ યુનિટી" એન્જિનિયરીંગની અજબ કમાલ

રેતીમાં કે માટીમાં વાંસની એક છ ફૂટની લાકડી ટટ્ટાર ઊભી રાખવા આપણે કેટલી જહેમત ઉઠાવીએ છીએ. જરાવારમાં પવનના ઝોલાથી વાંકી વળતી કે ક્યારેક જમીન પર પછડાતી લાકડીને ઊભી રાખવી એ કેટલું દુષ્કર કાર્ય છે. તો પછી....

દુનિયાની સૌથી વિરાટ ૧૮૨ મીટર ઊંચી અને ૬૭,૦૦૦ મેટ્રીક ટન જેટલું વજન ધરાવતી, કે જેની વ્યુ ગેલેરીમાં એકસાથે ૨૦૦ માણસ સમાઈ શકે તેવી પ્રતિમા, કે જે ભૂકંપ ઝોન-III માં છે અને એવા સ્થળે ઊભેલી છે કે જ્યાં આવનારા સો વરસમાં ઘણીવાર વિનાશક પૂર આવી શકે છે. આ ઉપરાંત આટલી ઊંચાઈએ પવનનો માર તો ખરો જ!

ચાલો, તો હવે જોઈએ એન્જિનિયરીંગની કમાલ. આ પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ તરીકે 'ટર્નર કન્સલ્ટન્ટ'ની પસંદગી થઈ કે જે કંપનીએ દુબઇના પ્રખ્યાત બુર્જ ખલીફા પ્રોજેક્ટનું અમલીકરણ કરેલું.

પ્રોજેક્ટ મેનેજમેન્ટની ભૂમિકા કોન્ટ્રાક્ટરને એપોઇન્ટ કરવાની, કન્સ્ટ્રક્શન મેથડોલોજી મંજૂર કરવાની, રોજબરોજના સુપરવિઝનની, ગુણવત્તા ચકાસણી અને સલામતીની જાળવણીને પ્રમાણિત કરવાની હોય છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રોજેક્ટની શરૂઆત થઈ હતી. ૨૦૧૪માં એન્જિનિયરીંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન બેસિસ પર લાર્સન એન્ડ ટુબ્રો (L & T)ને કામ સોંપાયું.

કંપનીએ આ કામ માટે આર્કિટેક્ટ વુડ્ઝ બેગર અને સ્ટ્રક્ચર માટે અરૂપ ઇન્ડિયાને ટીમમાં લીધા. ડિઝાઈન ચેક કરવાની જવાબદારી એઇજિસ ઇન્ડિયા અને ટાટા કન્સલ્ટન્ટ એન્ડ એન્જિનિયર્સને સોંપાઈ. આ ઉપરાંત સરદાર સરોવર નિગમે અમેરિકાની આર્કિટેક્ટ ફર્મ 'માઇકલ ગ્રેવ્સ' અને 'મીન હાદેટ'ને ઇન્ટીગ્રેટેડ ડિઝાઇન ટીમમાં સામેલ કર્યા. જેમનું કામ પ્રોજેક્ટના ટેકનિકલ પાસાં ચકાસવાનું હતું. આ ઉપરાંત નિગમ, પીએમસી અને કોન્ટ્રાક્ટર દ્વારા નાના - મોટા થઈ ત્રીસેક કન્સલ્ટન્ટ રોકવામાં આવ્યા. જે સંબંધિત ક્ષેત્રોના તજજ્ઞો હતા. જેમનો રોલ સાઇનેજ ડિઝાઇનથી માંડીને ૧૦૦ વર્ષની ફલડ સાઇકલના હાઇડ્રોલોજિકલ સર્વે કરવાનો હતો.

'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના કામમાં ફાઉન્ડેશન અને પ્રતિમાનું – એમ બે મુખ્ય ભાગ પડે છે. શરૂઆત ફાઉન્ડેશનથી થાય. પછી મેઝેનાઇન લેવલ આવે. એ પછી સ્ટેચ્યુનો બેઝ આવે. ત્યાર પછી ઇન્ટરમિડિયેટ લેવલ અને કોર વૉલ આવે. આ કોર વૉલ પૂરી થાય એ વ્યુઇંગ ગેલેરી બનાવવામાં આવી છે. જેની ક્ષમતા ૨૦૦ લોકોને સમાવવાની છે.

### ● ભૂકંપ આવે તો શું?

આ પ્રકારની ડિઝાઇનમાં મુખ્યત્વે સ્ટ્રક્ચરનું વજન, વિન્ડ લોડ, ધરતીકંપ, પૂર અને પવનની અસર જેવા પાસાં પર ધ્યાન અપાય છે. ૬૭,૦૦૦ મેટ્રિક ટન જેટલું વજન ધરાવતી આ પ્રતિમા માટે ધરતીકંપ કરતા પવન વધુ ઘાતક સાબિત થઈ શકે છે. એટલે જ અહીં સામાન્ય કોડની જોગવાઈ કરતા +૧ એટલે કે એક લેવલ ઉપરનો લોડ ગણવામાં આવ્યો છે. જેમ કે સાઇટ ધરતીકંપના Zone-III માં પડે છે. તેથી અહીં Zone-IV પ્રમાણે ડિઝાઇન લોડ ગણાયો છે. ધરતીકંપ સામે રક્ષણમાં અગત્યનું પુરવાર થતું 'ડક્ટાઇલ ડિટેઇલિંગ' પણ કરવામાં આવ્યું છે. આ સંજોગોમાં સ્ટ્રક્ચરને ધરતીકંપથી કોઈ તકલીફ થાય તેવી શક્યતા લાગતી નથી. સિવાય કે આટલા બધા ગળણે ગળાઈને ફાઇનલ થયેલી ડિઝાઇનમાં અજાણ્યે કોક દોષ રહી ગયો હોય.

ફાઉન્ડેશન ડિઝાઇન માટે અન્ય જિઓટેકનિકલ સર્વે ઉપરાંત લીડાર ટેકનોલોજીથી સાઇટ સર્વે કરવામાં આવ્યો છે. આ સાઇટનું તળિયું મુખ્યત્વે ફ્રેક્ચર ધરાવતા રૉકનું છે. જેમાં ક્વાર્ટઝ, માઇકા અને અન્ય તત્ત્વો ભળેલા જોવા મળ્યા હતા. ફાઉન્ડેશન માટે નજીક આવેલા ડેમને નુકસાન ન થાય એ હેતુથી કન્ટ્રોલ બ્લાસ્ટીંગ વડે લગભગ ૪૫ મીટર (ભૂમિપૂજમ માટે જમીનથી લગભગ ૧૫ બેઝમેન્ટ જેટલું ઊંડું ઉતરવું પડે એમ સમજોને!) ખોદકામ કરવામાં આવ્યું. આ પછી વોટર જેટિંગ વડે સંપૂર્ણ સફાઈ કરીને પ્રતિમાનું ફાઉન્ડેશન નાખવામાં આવ્યું. ફાઉન્ડેશનની આસપાસ વિશાળ સાંઇઠ ફૂટ પહોળી આર.સી.સી. રિટેઇનિંગ ઇનિંગ વૉલ બાંધવામાં આવી છે. ફાઉન્ડેશન રાફ્ટ પ્રકારનું છે. જેમાં આખા ખાડામાં ૩.૫ મીટર ઊંચું (એક માળ જેટલું) કોન્ક્રીટ પાથરવામાં આવ્યું છે. ફાઉન્ડેશન નદીના વહેણમાં ધોવાઈ ના જાય એના માટે રીવર પ્રોટેક્શન વર્ક પણ કરાયું છે.

### ● ધરતીકંપ જેટલું જ જોખમ પવનનું પણ :

કોઈ પણ ઊંચા સ્ટ્રક્ચરની ડિઝાઇન માટે વિન્ડલોડ સૌથી અગત્યનો ગણાય છે. વિન્ડલોડ પ્રતિમા ઉપર ૯૦ ડિગ્રીના એન્ગલથી લાગે ત્યારે પ્રતિમાને મૂળમાંથી ઉખાડીને ફેંકી દઈ શકે છે. આથી વિન્ડલોડ માટેની ડિઝાઇનમાં સ્ટ્રક્ચરની સ્થિરતા,

મજબૂતાઈ અને વપરાશને પ્રતિકૂળ અસર ન પહોંચે તેનું ધ્યાન રાખવું પડે. અહીં નદીમાં વહેતો પવન વિન્ડટનલ ઈફેક્ટ ઊભી કરે તેવી પૂરેપૂરી શક્યતા રહેલી છે. વિન્ડલોડની સ્ટ્રક્ચર પર કેવી અસર થાય તેનું મોડલિંગ કરવાનું કામ સહેલું નથી. તેથી જ તેનો અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય આઈકોનિક પ્રોજેક્ટ્સ માટે ટેસ્ટ કરનાર આર.ડબલ્યુ.આઈ.ડી. (RWID) કંપનીને રોકવામાં આવી હતી. જેણે મોડેલ પર બાઉન્ડ્રી લેયર વિન્ડ ટનલમાં એરોઈલાસ્ટિક ટેસ્ટીંગ કરીને ડિઝાઈનર્સને પોતાનાં તારણો આપ્યા હતા. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ૬૦ મીટર પ્રતિ સેકન્ડ વિન્ડલોડ ખમી શકે એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. પ્રતિમાના સ્ટ્રક્ચરમાં છાતીનો ભાગ વિશાળ અને પગ પાતળા હોય. આમ સ્ટ્રક્ચરની રીતે આ અનિયમિત આકાર છે. જેથી આટલી જ ઊંચાઈ ધરાવતી ચીમની કે સાઈલો પ્રોજેક્ટની સરખામણીમાં ડિઝાઈનનું આ કામ વધારે અઘરું છે. ઊંચાઈ અને પહોળાઈના ગુણોત્તરને 'સ્લેન્ડરનેસ રેશિયો' કહેવાય છે. જે અહીં ઊંચો છે. તેથી નોર્મલ ડિઝાઈન કરતાં વધુ મહેનત કરવી પડે. આ જ કારણે ફાઉન્ડેશન ડિઝાઈન પણ વધુ ચેલેન્જિંગ બની જાય. સ્ટેચ્યુનું મુખ્ય સ્ટ્રક્ચર બે ઑવલ આકારની કૉરવોલથી બનેલું છે જેની ઊંચાઈ ૧૫૨ મીટર જેટલી છે. સ્ટેચ્યુના બે પગના ભાગનો ઉપયોગ કૉરવોલ તરીકે કરવામાં આવ્યો છે. મુંબઈમાં અત્યારે બની રહેલા સ્કાયસ્ક્રેપર્સ માટે મોટેભાગે કૉરવોલ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. અહીં ઑવલ સિલિન્ડર શેપની કૉરવોલ ઊંચાઈમાં સીધી હોય છે. એની જાડાઈ ૮૫૦ મીમીથી ઉપર જતાં ઘટીને ૪૫૦ મીમી જેટલી થાય છે. કૉરવોલ્સમાં ઈન્સર્ટ પ્લેટ મૂકીને તેની સાથે સ્ટીલ સ્ટ્રક્ચરની સ્પેસ-ફ્રેમ જોડવામાં આવી છે. આ સ્પેસ-ફ્રેમ પર પૂતળાને આકાર આપતી બ્રોન્ઝની પેનલો ફિક્સ કરવામાં આવી છે. આમ તો કૉરવોલની ડિઝાઈન અનુભવી સ્ટ્રક્ચરલ ડિઝાઈનરો માટે કોઈ મોટી વાત નથી, પરંતુ અહીં આખું પૂતળું અનિયમિત વિન્ડલોડ અનુભવે છે. આ પ્રકારના લોડ માટે કૉરવોલમાં આડી દીવાલો સ્ટેગર્ડ (એક સરખી નહીં એવી) કરવામાં આવી છે. આ લોડ પેનલો સ્પેસ-ફ્રેમ દ્વારા કૉરવોલ પર ટ્રાન્સફર થાય છે અને કૉરવોલથી ફાઉન્ડેશન પર. કૉરવોલ સેલ્ફ ક્લાઈમ્બિંગ ફોર્મ-વર્ક દ્વારા બાંધવામાં આવે છે. જે બાંધકામની સ્પીડ ખૂબ જ વધારે છે. ઉપરાંત ટેકનોલોજીના ઉપયોગથી સારી ક્વોલિટીનું કોન્ક્રીટ શક્ય બને છે. આવા આઈકોનિક પ્રોજેક્ટની ડિઝાઈન લાઈફ ઓછામાં ઓછી સો વર્ષની તો હોય જ છે. એ જોતાં ડ્યુરેબલ કોન્ક્રીટ ડિઝાઈન થાય એ પણ એટલું જ જરૂરી છે. નહિંતર ૧૦-૧૫ વરસમાં કાટ લાગવાની શરૂઆત થઈ જાય અને પછી કોન્ક્રીટ સાથે કનેક્ટેડ સ્ટ્રક્ચર્સ તૂટવા લાગે.

સામાન્ય રીતે આપણે જે બાંધકામો ૪૦૦-૫૦૦ વર્ષથી ઊભેલા જોઈએ છીએ તેમાં ભાગ્યે જ કોઈ જગ્યાએ કોન્ક્રીટ કે સ્ટીલ વપરાયું છે. જ્યારે આ પ્રોજેક્ટમાં તો ૨૨,૫૦૦ મેટ્રિક ટન સિમેન્ટ; ૫,૭૦૦ મેટ્રિક ટન સ્ટ્રક્ચરલ સ્ટીલ (ગર્ડર, એન્ગલ વગેરે) અને ૧૮,૫૦૦ ટન સળિયા વપરાયા હોવાનો અંદાજ છે. જોકે, આ સ્ટીલ એક અનિવાર્ય અનિષ્ટ છે. સ્ટીલનો ગુણધર્મ કાટ લાગવાનો છે.

સારું કોન્ક્રીટ કરવામાં આવે તો સળિયાને કાટ લાગવાની ક્રિયા ધીમી જરૂર થાય, પણ સમય જતા કોઈ વાર કોન્ક્રીટમાં રહેલા સળિયા કટાય તો ખરા જ અને વખત જતાં કોન્ક્રીટને તોડી નાખે. અહીં આવું ના થાય તે માટે અહીં M65 ગ્રેડનો કોન્ક્રીટ છે. M65 એટલે 65 મેગા પાસ્કલ તાકાત. સામાન્ય બિલ્ડિંગમાં M20 ગ્રેડ નાખવામાં આવે છે. પ્રતિમાને મુખ્ય આકાર આપતી ૧૮૫૦ ટન વજનની ૧૨,૦૦૦ બ્રોન્ઝ પેનલ્સ ચાઈનામાં બની એનો રાજકીય વિવાદ થયો હતો. દરેક પેનલ આમ તો જરૂરિયાત મુજબની સાઈઝની બનાવવામાં આવે, છતાં સ્ટાન્ડર્ડ પેનલ આશરે 5 x 6 મીટરની બની છે. ત્રિ-પરિમાણમાં ક્યાંય સીધો આકાર ન હોય એવી પેનલનું કામ ઘણું ઝીણવટભર્યું અને ચોક્સાઈ માંગી લે એવું હોય છે જે સીએનસી મશીનથી થાય છે. આમ તો ભારતમાં આ પેનલ કાસ્ટ ના થઈ શકે એવું નથી પરંતુ કેટલું કાસ્ટ થાય, એ સવાલ ચોક્કસ થાય. આ પેનલ ઊભી કરવાનું કામ પણ બહારથી સ્ટેજિંગ (માંચડો) બનાવ્યા વગર કરવામાં આવ્યું એ L & T ટીમની એક મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય.

એકંદરે, દુનિયાના સર્વશ્રેષ્ઠ ભેજાઓ દ્વારા સફળ રીતે પાર પડેલા દુનિયાના સૌથી ઊંચા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' પ્રોજેક્ટને દરેક રીતે ઉચ્ચ ગુણવત્તા સાથે પૂરો કરવામાં કોઈ કસર છોડાઈ નથી.

આ પ્રોજેક્ટ ટૂરિસ્ટ માટે તો મોટું આકર્ષણ બનશે જ, પણ ટેકનિકલ નિષ્ણાતો માટે પણ આ પ્રોજેક્ટનું પ્લાનિંગ, ડિઝાઈનિંગ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ એક કેસ સ્ટડી છે.

***આવા અદ્દભુત સ્થાપત્યની મુલાકાત લેવાનું આયોજન વયસ્ક સમિતિ તરફથી તા. ૧૫મી માર્ચ, ૨૦૧૯ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું છે. તેની સવિસ્તાર માહિતી પાના નંબર : ૬૪ પર આપવામાં આવેલ છે. સર્વે વડીલોએ જોડાવવા વિનંતી છે.***

*મોતથી ન ડરવું એ વીરતા ખરી,*
*પરંતુ મોત કરતાય જીવવું વધારે કપરું બની જાય*
*ત્યારે ખુમારીથી જીવી જવું એ ખરી વીરતા ગણાય.*

# FROM GANDHIDHAM DEPARTURE TIME

| SR. | NAME | NO. | DAY | BHUJ | ANJAR | ADIPUR | G'DHAM | A'BAD | BARODA | BANDRA | DADAR | | VIA |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | KUTCH EXPRESS | 22956 | DAILY | 20.15 | 20.48 | 20.59 | 21.45 | 03.10 | 05.02 | 11.25 | — | | |
| 2. | SAYAJI NAGARI | 19116 | DAILY | 22.25 | 22.58 | 23.09 | 23.55 | 05.35 | 07.31 | | 13.45 | – | |
| 3. | AC EXPRESS | 22904 | MON/THU/SAT | 16.00 | | | 17.2 | 22.30 | 0.11 | 5.15 | | | |
| 4. | DADAR BHUJ | 12960 | MON/THU | 18.30 | | | 19.50 | 04.20 | 06.27 | | 12.00 | | PALANPUR |
| 5. | GANDHIDHAM | 22952 | THURSDAY | | | | 06.50 | 14.15 | 16.35 | 22.25 | | | MORBI/WANKANER |
| 6. | PURI | 22973 | WED | | | | 23.00 | 04.20 | 06.27 | | | PURI | JALGAON/WARDHA/NAGPUR/RAIPUR |
| 7. | ALA HAZRAT | 14312 | MON/TUE/THUR | 12.40 | 13.13 | 13.24 | 14.10 | 20.2 | | | | BARELY | ABU RD/AJMER/JAIPUR/DELHI |
| 8. | GANDHIDHAM EXP. | 16505 | TUESDAY | | | | 9.00 | 14.40 | 16.45 | | | BANGLUR | PUNE/SANGLI/HUBLI |
| 9. | SHM BHUJ | 22829 | TUESDAY | 14.20 | | 14.59 | 15.45 | 21.4 | 23.59 | | | SHALIMAR | RATLAM/UJJAIN/TATA NAGAR |
| 10. | PUNE BHUJ | 11091 | WEDNESDAY | 8.55 | 9.28 | 9.39 | 10.25 | 16.15 | 18.07 | | | PUNE | KALYAN/LONAVALA |
| 11. | PURI | 12993 | FRIDAY | | | | 22.45 | 04.20 | 06.27 | | | PURI | BHUSAVAL/NAGPUR/RAIPUR |
| 12. | GARBA EXP. | 12937 | SATURDAY | | | | 17.40 | 23.25 | 01.45 | | | HOWRAH | RATLAM/AGRA/KANPUR/ALLAHABAD |
| 13. | NAGARCOIL | 16335 | FRIDAY | | | | 07.20 | 13.00 | 15.05 | | | | NAGARCOIL PANVEL/RATNAGIRI |
| 14. | KHAMKHYA | 15667 | SATURDAY | | | | 13.40 | 21.40 | 23.59 | | | KHAMKHYA | WANKANER/RATLAM/KOTA/LUCKNOW |
| 15. | TINERVELI | 19424 | MON | | | | 13.50 | 19.25 | 21.14 | | | TINERVALI | PANVEL/RATNAGIRI/MUDGAON |
| 16. | VISHAKHAPATNAM | 18502 | SUNDAY | | | | 22.45 | 04.20 | 06.27 | | | VISHAKHAPATNAM | MALKAPUR/AKOLA/WARDHA |

# TOWARDS GANDHIDHAM DEPARTURE TIME

| SR. | NAME | NO. | DAY | DADAR | BANDRA | BARODA | A'BAD | G'DHAM | ADIPUR | ANJAR | BHUJ | | VIA |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | KUTCH EXPRESS | 22955 | DAILY | – | 17.45 | 23.57 | 02.05 | 07.03 | 07.38 | 07.50 | 08.50 | | |
| 2. | SAYAJI NAGARI | 19115 | DAILY | 15.00 | | 21.35 | 23.59 | 05.35 | 05.43 | 05.55 | 7.00 | | |
| 3. | AC EXPRESS | 22903 | WED/FRI/SUN | | 23.45 | 04.48 | 06.40 | 11.03 | | | 12.30 | | |
| 4. | DADAR BHUJ | 12959 | WED/SAT | 0.05 | | 06.01 | 08.15 | 15.25 | | | 17.50 | | PALANPUR |
| 5. | GANDHIDHAM | 22951 | THURSDAY | | 23.55 | 06.01 | 8.15 | 15.30 | | | | | WANKANER / MORBI |
| 6. | PURI | 22974 | MONDAY | | | 23.16 | 01.20 | 06.40 | | | | | RAIPUR/NAGPUR/WARDHA |
| 7. | ALA HAZRAT | 14311 | WED/FRI/SUN | | | | 06.45 | 12.25 | 12.35 | 12.47 | 14.00 | | DELHI/JAIPUR/AJMER/ABU RD. |
| 8. | GANDHIDHAM EXP. | 16506 | MONDAY | | | 05.03 | 07.05 | 12.30 | | | | | HUBLI/SANGLI/PUNE |
| 9. | SHM BHUJ | 22830 | MONDAY | | | 07.15 | 09.30 | 14.55 | 15.05 | 13.05 | 16.35 | | TATA NAGAR/UJJAIN/RATLAM |
| 10. | PUNE BHUJ | 11092 | TUESDAY | | | 05.45 | 08.05 | 13.30 | 13.38 | | 15.20 | | LONAVALA/KALYAN |
| 11. | PURI | 12995 | WEDNESDAY | | | 05.31 | 07.45 | 13.00 | | | | | RAIPUR/NAGPUR/BHUSAVAL |
| 12. | GARBA EXP. | 12938 | WEDNESDAY | | | 08.55 | 11.05 | 16.03 | | | | | ALLAHABAD/KANPUR/AGRA/RATLAM |
| 13. | NAGARCOIL | 16336 | THURSDAY | | | 05.14 | 07.25 | 13.00 | | | | | RATNAGIRI/PANVEL |
| 14. | KHAMKHYA | 15668 | FRIDAY | | | 16.00 | 18.02 | 02.40 | | | | | PATNA/LUCKNOW/KOTA/RATLAM |
| 15. | TINERVELI | 19423 | SATURDAY | | | 23.15 | 01.20 | 06.04 | | | | | MUDGAON/RATNAGIRI/PANVEL |
| 16. | VISHAKHAPATNAM | 18501 | SATURDAY | | | 01.33 | 03.04 | 09.30 | | | | | WARDHA/AKOLA/MALKAPUR |



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **રાષ્ટ્રીય કક્ષાએ લોકનૃત્યમાં રામપર પ્રથમ :** નેશનલ કાઉન્સિલ ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત, દિલ્હીમાં ઝોન કક્ષાની લોકનૃત્યની સ્પર્ધામાં ગુજરાત કચ્છ રામપરની શાળા પ્રથમ આવેલ છે.

★ **વાગડમાં આવતા ભૂકંપના આંચકા :** વાગડમાં ભચાઉથી ૯ કિ.મી.ના અંતરે તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ સવારે ૯ કલાક ૧૫ મિનિટે ૩.૮ની તીવ્રતાવાળા બે આંચકા અનુભવાયા હતા અને તેના કારણે લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી.

★ **પર્યટકોના ટોળાઓએ કચ્છનું સૌંદર્ય નિહાળ્યું :** કચ્છના છેવાડાના લખપત નગરનો કિલ્લો જોવા તેમજ રણોત્સવ દરમિયાન સફેદ રણનો નજારો જોવા નાતાલના વેકેશનમાં દેશ-વિદેશના સહેલાણીઓનો કચ્છની સંસ્કૃતિની મોજ માણવા ધસારો જોવા મળે છે. તદુપરાંત નારાયણ સરોવર તેમજ કોટેશ્વર મહાદેવના દર્શન કરી સહેલાણીઓ ભાવવિભોર થાય છે.

★ **કચ્છી સનદી અધિકારી હરિભાઈ છાયાનું નિધન :** ગુજરાત રાજ્યના પૂર્વ સનદી અધિકારી કચ્છના રાજાશાહી સમયથી કચ્છના તમામ વહીવટી માળખામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારા મૂળ ભુજના હરિભાઈ છાયાનું ૧૦૪ વર્ષે અમેરિકાના શિકાગો શહેરમાં નિધન થયું છે.

★ **પીવાના પાણી માટે વલખાં મારતા રાપર તાલુકાના ગામજનો :** સામખિયાળીથી રાપર તાલુકા માટે દરરોજ ૩૨ એમ.એલ.ડી. પાણી રવાના કરાય છે. તેમાંથી ૨૦ એમ.એલ.ડી. રવાના થતા પાણીનો પત્તો મળે છે પરંતુ બાકીના ૧૨ એમ.એલ.ડી. પાણી ગૂમ થાય છે.

★ **કચ્છમાં ભૂસ્તરશાસ્ત્રના અભ્યાસો – મહત્ત્વની ઘોષણા :** રણ, મેરૂ, મહેરામણની અનોખી ભૂસ્તરીય સંપદાનો આસામી કચ્છ પ્રદેશ આવનારા સમયમાં સમગ્ર દેશને ગેસ પૂરો પાડશે તેવી મહત્ત્વની ઘોષણા કચ્છ યુનિવર્સિટીમાં આયોજિત કચ્છના ભૂસ્તરશાસ્ત્ર ૫૨ અભ્યાસો અંગે ત્રિ-દિવસીય રાષ્ટ્રીય પરિષદના પ્રારંભે કરાઈ હતી.

★ **શિપિંગ કોર્પોરેશનના ડાયરેક્ટર પદે કચ્છી અગ્રણી :** શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર તરીકે દિનદયાલ પોર્ટના પૂર્વ ટ્રસ્ટી અને અંજર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ CA માવજીભાઈ સોરઠિયાની નિમણૂંક કરાઈ છે.

★ **અંજાર શહેરના સ્થાપના દિનની ઉજવણી :** તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ અંજાર શહેરના ૧૪૭૪મા સ્થાપના દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અંજાર શહેરને કચ્છનું બેનમૂન શહેર બનાવવાની નેમ વ્યક્ત કરાઈ હતી.

★ **ટીમ્બર ઉદ્યોગ ક્ષેત્રે સરળીકરણ :** રાજ્ય સરકાર દ્વારા આયાતી લાકડાના ઉદ્યોગોને લાઈસન્સ રાજમાંથી મુક્તિનું અમલીકરણ કરતાં હવેથી કચ્છમાં ટીમ્બર ઉદ્યોગનું એકમ શરૂ કરવામાં ઘણી સરળતા થઈ જશે. આયાતી લાકડા રૂપાંતર કરતા ઉદ્યોગોને નવા નિયમ હેઠળ લાઈસન્સ મેળવવામાંથી છુટ આપવામાં આવી છે.

★ **કચ્છને ૨૪૭ કરોડની ગ્રાન્ટ :** અછતગ્રસ્ત કચ્છને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત પાંજરાપોળ, ગૌશાળા અને પશુ સહાય માટે તથા અછત વિસ્તારમાં ખેડૂતોને બીયારણ તથા ખાતર પૂરું પાડવા માટે ઈનપુટ સબસીડી માટે ૨૪૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ કચ્છ કલેક્ટરને ઓનલાઈન ફાળવવામાં આવી છે.

★ **કચ્છમાં બે ડી-સેલિનેશન પ્લાન્ટ :** શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૯ના રોજ કચ્છની મુલાકાતે આવેલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં પ્રવર્તતી પાણીની સમસ્યા નિવારવા કચ્છમાં માંડવી અને લખપત ખાતે દરિયાના પાણીને મીઠું બનાવી, પીવાલાયક બનાવવા માટે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી.

★ **કચ્છમાં યાત્રાધામોનો વિકાસ થશે :** ગુજરાત વિધાનસભાની આઠ સભ્યોની અંદાજ સમિતિએ કચ્છના પ્રવાસન સ્થળો તેમજ યાત્રાધામોના વિકાસ અભ્યાસ હેતુ તાજેતરમાં કચ્છનો પ્રવાસ કર્યો હતો. સમિતિએ કચ્છના યાત્રાધામોના વિકાસ માટેનો ચિતાર મેળવ્યો હતો.

★ **મેરેથોનમાં ભુજનો યુવાન ત્રીજા ક્રમે :** મૂળ ભુજના અને હાલ વડોદરામાં અભ્યાસ કરતા નેમ મેહુલ મહેતાએ તાજેતરમાં વડોદરા ખાતે ઈન્ટરનેશનલ મેરેથોનમાં ૧૦ કિ.મી.ની કેટેગરીમાં ૯૯૩૦૩ પ્રતિસ્પર્ધીઓની વચ્ચે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

★ **ઓ.એન.જી.સી. યોજનામાં કચ્છનો અમૂલ્ય ફાળો :** ભૂસ્તરીય હલચલોના લીધે સર્જાયેલો કચ્છનો અખાત ભૂજલ સંપદાથી ભરપૂર છે. ઓ.એન.જી.સી. દ્વારા આઠેક વર્ષના સંશોધનમાં કચ્છના દરિયામાં સારી માત્રામાં ગેસ (હાઈડ્રોકાર્બન) હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ ગેસના ઉપયોગ માટે અબડાસાથી પચાસેક કિ.મી. દૂરના દરિયાથી ઓખા સુધી દરિયાની અંદરની પાઇપ લાઇનો નંખાઈ ગઈ છે. દરિયામાંથી તેલ-ગેસ કાઢવા અંગેનું નવું મથક એકાદ મહિનામાં જ શરૂ થઈ જશે.

★ **અબડાસા (કચ્છ)ના ભૂતપૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીની ચાલુ ટ્રેને કરપીણ હત્યા :** ભુજથી દાદર (મુંબઈ) જઈ રહેલી સયાજીનગરી ટ્રેનમાં ચાલુ ટ્રેને ગોળી મારી અબડાસા - કચ્છના ભૂતપૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની કરપીણ હત્યા કરવામાં આવી હતી. જે અંગે પોલીસ તપાસ ચાલુ છે.

★ **પૂર્વ મહેસૂલ મંત્રી પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર કચ્છના સર્વમાન્ય લોકનેતા :** રાજ્યના પૂર્વ મહેસૂલમંત્રી પ્રેમજીભાઈ ઠક્કરની તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ ૪૩મી પુણ્યતિથિ પ્રસંગે તેમની ભુજ જળ હોનારત સમયે કરાયેલ સેવા, અમદાવાદના કોમી રમખાણ જેવી માનવસર્જિત સમસ્યા વખતે બચાવ-રાહત તથા પુનર્વસનની સેવાઓને પૂર્વ ચૂંટણી કમિશ્નર પ્રભાકરભાઈ ધોળકિયાએ બિરદાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે ૩૧ બાળકોની સંસ્કૃત શાળા માટે પ્રવેશ ફી તથા એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા છાત્રોને કોમ્પ્યુટરની સ્કોલરશિપ પ્રેમજીભાઈ મેમો. ટ્રસ્ટ તરફથી આપવામાં આવી હતી.

★ **ગાંધીધામથી કુંભ મેળા માટે સ્પે. ટ્રેન વ્યવસ્થા :** આ મહિને અલ્હાબાદ (પ્રયાગરાજ) ખાતે યોજાનારા કુંભમેળા માટે સૌપ્રથમ વખત ગાંધીધામ - અલ્હાબાદ વચ્ચે ખાસ ટ્રેન દોડાવવામાં આવશે. પશ્ચિમ રેલવેના સુત્રો અનુસાર, આ ખાસ ટ્રેન ગાંધીધામ - અલ્હાબાદ - ગાંધીધામ (૦૯૪૭૧ અને ૦૯૪૭૨) તા. ૧૫ ફેબ્રુઆરી અને ૩ માર્ચના દોડાવાશે.

★ **કચ્છની નાની રાયણ પ્રાચીન સંસ્કૃતિનો વારસો :** માંડવીની રૂકમાવતી નદીના કિનારે વસેલા નાની રાયણ ગામમાંથી છેલ્લા પાંચ હજાર વર્ષથી થતા માનવ વસવાટના પુરાવાઓ મળી આવ્યા છે. માંડવીના ડૉ. પુલિન વસાએ આ ગામમાં સંશોધન કરી અનેક પ્રાચીન અલભ્ય અવશેષો મેળવ્યા છે.


★ **સૌર અને પવન ઉર્જામાં કચ્છની ક્ષમતાનો ઉપયોગ કરાશે :** વિન્ડ એન્ડ સોલાર હાઈબ્રિડ પોલિસી - ૨૦૧૮ અંતર્ગત ગુજરાત રાજ્યમાં આવતા ૧૦ વર્ષમાં ઓછામાં ઓછી ૩૦ હજાર મે.વો. પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન સોલાર એન્ડ વિન્ડ એનર્જી દ્વારા કરવામાં આવશે. જેમાં કચ્છની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરાશે.

★ **કચ્છમાં જૈન સપૂતનું 'અક્ષય પાત્ર' મહા અભિયાન :** ૧૦ લાખ ડોલરના માતબર દાનથી ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ભુજના શિવપારસ સામે 'અક્ષયપાત્ર'ના મંગળાચરણ સાથે રસોડું ધમધમશે. આ અભિયાન દ્વારા કચ્છની સરકારી અને સરકારી અનુદાનિત શાળાઓમાં ભણતા ૫૦ હજાર જેટલા વંચિત પરિવારોના બાળકોને ગરમાગરમ પોષણયુક્ત ભોજન વિનામૂલ્યે જમાડવાની પહેલ કરવામાં આવશે. આ માટે મૂળ માંડવીના અને હાલે યુ.એસ.એ. રહેતા સર્વમંગલ ટ્રસ્ટના દાનવીર દંપતી મનુભાઈ શાહ અને રીકાબેન શાહ દ્વારા ૧૦ લાખ ડોલરનું માતબર દાન આપવામાં આવ્યું છે.

★ **ભુજની નૃત્યાંગનાને નૃત્ય શિરોમણિ એવોર્ડ :** તા. ૨થી ૮ જાન્યુઆરી સુધી ઓરિસ્સાના કટક ખાતે ઈન્ટરનેશનલ મ્યુઝિક એન્ડ ડાન્સ ફેસ્ટીવલનું આયોજન ઓરિસ્સા સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફેસ્ટીવલમાં ભુજની કથ્થક નર્તકી કૃપલ સોમપુરાને કથ્થકની પ્રસ્તુતિ માટે 'નૃત્ય શિરોમણિ'નો ઍવોર્ડ એનાયત થયો હતો. આ ફેસ્ટીવલમાં ભારત સહિત વિદેશના ૬૦થી વધારે કલાકારોએ પોતાની કલા રજૂ કરી હતી.

*મધમાખી પાસેથી આપણે ઘણું શીખવાનું છે.*
*સમગ્ર મધપૂડાના કલ્યાણ માટે એ જીવે. સ્વાર્થથી તદ્દન અજાણ.*
*મધપૂડો અને ફૂલોનો મધુરસ – એ બે જ એની દુનિયા.*
*હંમેશાં કાર્યરત. નામની ખેવના નહીં. મધપૂડાના રક્ષણ માટે ફના થઈ જવા તૈયાર.*
*તેના જીવનનો પરિપાક – **મીઠું મધુરું મધ!***






## સરનામા ફેરફાર

- **કિશોર રતનશી શાહ (વીરા)**
  બી-૧/૭૮, સાંઘાણી ઉપવન બંગ્લોઝ,
  લક્ષ્મી નિવાસ સામે,
  ડિવાઈન ઈન્ટરનેશનલ સ્કૂલની પાછળ,
  કર્ણાવતી-૪ પાસે, નારોલ - લાંભા રોડ, નારોલ,
  અમદાવાદ-૩૮૨ ૪૦૫.
- **સ્મિત નરેન્દ્રભાઈ મહેતા**
  જી-૧૮, સ્થાપત્ય એપાર્ટમેન્ટ,
  સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે,
  ગુરુકુળ રોડ,મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
  મો. ૯૯૨૫૪ ૨૬૭૭૫
- **વિપુલ શાંતિલાલ શાહ**
  ૧૫-સી, હરિ પાર્ક સોસાયટી,
  પવન પાર્ટી પ્લોટ પાસે,
  અંકુર રોડ, નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

## મનની વૃત્તિ

તમે જેટલું વધુ બીજાને આપશો, તેટલું વધુ તમે પામશો.
તમે જેટલા વધુ હસશો, તેટલાં તમે ઓછાં દુઃખી થશો.

તમે જેટલું વધુ નિઃસ્વાર્થપણે કામ કરશો
તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.

તમે જેટલું વધુ વહેંચશો
તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.

તમે જેટલું વધુ ચાહશો
તેટલી વધુ તમને જિંદગી સ–રસ લાગશે.

જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે
દિવસે દિવસે આપણે પામીએ છીએ.

*– હેલન સ્ટીનર રાઇસ*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૮,૦૦૦/- શ્રી આશિષ ધીરુભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રીમતી વનિતાબેન ધીરુભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રીમતી અમિબેન આશિષભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રી હીરેન ધીરુભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રીમતી મીતાબેન હીરેનભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રીમતી નીલમબેન ચિરાગભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૭,૦૦૦/- શ્રીમતી નિકીતાબેન ઉર્વિશભાઈ શાહ - અમદાવાદ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૫,૦૦૦/- માતુશ્રી જયાબેન અને હીરજીભાઈ પાસુભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી નિર્મળાબેન ભવાનજી નાગડા

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી હીરજી પાસુભાઈ દેઢિયાના સ્મરણાર્થે માતુશ્રી જયાબેન હીરજી પાસુ પરિવાર તરફથી
રૂા. ૧,૦૦૦/- શ્રી ઉમરશીભાઈ જે. કુરુવા (કચ્છ ગામ ગોધરા)ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે
રૂા. ૫૦૦- શ્રીમતી લીલાબેન સાંપત

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧,૪૦૦/- શ્રી ભદ્રેશભાઈ છેડા - મુંબઈ
રૂા. ૧,૦૦૦/- શ્રી ઉમરશીભાઈ જે. કુરુવા (કચ્છ ગામ ગોધરા)ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૧,૦૦૧/- ચિ. ઋતુલ ધીરજભાઈ મણિલાલ ગરમાણિયા એમ.બી.એ.ના અભ્યાસ અર્થે ઑસ્ટ્રેલિયા ગયા તેની ખુશાલીમાં પરિવાર તરફથી ભેટ

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશીભાઈ જે. કુરુવા (કચ્છ ગામ ગોધરા)ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશીભાઈ જે. કુરુવા (કચ્છ ગામ ગોધરા)ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૦મા પ્રજાસત્તાક દિનની પરંપરાગત રીતે ઉજવણી થઈ

ભારત દેશને ૧૯૪૭માં આઝાદી મળી. ૧૯૫૦માં દેશ પ્રજાસત્તાક બન્યું. સાર્વભૌમ, પ્રજાલક્ષી, પ્રજાસત્તાક રાષ્ટ્રમાં પ્રશાસન માટે આવશ્યક બંધારણ ઘડતર હેતુ ૨૬ જાન્યુઆરી, ૧૯૪૮ના બંધારણ સભાનું ગઠન થયું. બંધારણ સભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સર્વાનુમતે બંધારણ સ્વીકાર્યું હતું. આ લેખિત બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ – પ્રજાસત્તાક દિવસથી અમલમાં આવ્યું. દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે રાજધાની દિલ્હીના રાજપથ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવામાં આવે છે અને ભારતની ક્ષમતા, વિવિધતા તથા એકતા દર્શાવતી પરેડ પણ થાય છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રથમ પરેડ રાજપથ પર નહીં પરંતુ આજના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ (ઇરવિન એમ્ફિ થિયેટર)માં થઈ હતી. આઝાદ ભારતની પ્રજા માટે ત્યારે એ નવો અનુભવ હતો. રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ શું ભાષણ કરશે તેની આખા દેશને ઉત્સુકતા રહી હતી. ૧૯૫૪ સુધી વિવિધ સ્થળોએ આ પરેડ યોજાતી હતી. ૧૯૫૫થી પરેડ માટે રાજપથની પસંદગી કરવામાં આવી, જે પ્રથા આજે પણ જળવી રહી છે.

દિલ્હીમાં રાષ્ટ્રીય ધ્વજવંદન અને પરેડને અનુલક્ષીને તેવા કાર્યક્રમોનું આયોજન સમગ્ર રાષ્ટ્રમાં ખૂણે ખૂણે થાય છે. વિદેશમાં ભારતીય દૂતાવાસો, કચેરીઓમાં પણ તેવા કાર્યક્રમોની આનંદભેર ઉજવણી થાય છે. તે મહાન દિવસને એક ઉત્સવના સ્વરૂપે દેશ-વિદેશમાં ઉજવવામાં આવે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ તેની પરંપરા અનુસાર પ્રતિ વર્ષ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરે છે. તે અન્વયે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે અમદાવાદના જાણીતા આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠે સવારના ૯.૩૦ કલાકે ખુશનુમા વાતાવરણ વચ્ચે રાષ્ટ્રીય ધ્વજને લહેરાવ્યો હતો. ઉપસ્થિત સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, મહેમાનશ્રીઓ તથા બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનોએ રાષ્ટ્રગીત ગાઈને ધ્વજને માનપૂર્વક સલામી આપી હતી.

ઉપસ્થિત જનસમુદાયમાં રાષ્ટ્રભાવનાની લહેર સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો.

## પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહના સ્મરણાર્થે
## મેડિકલ સેન્ટરના ઑપરેશન થિયેટર માટે યોગદાન – તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આવેલ શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરના ઑપરેશન થિયેટર માટે કચ્છ માંડવીના અને હાલે અમદાવાદ સ્થિત દક્ષાબેન ધનસુખલાલ શાહ પરિવારજનો તરફથી સદ્ગત પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહના સ્મરણાર્થે થોડા સમય અગાઉ ડોનેશન આપવામાં આવ્યું હતું. આ યોગદાન સબબ તેમના નામની તક્તીનું અનાવરણ તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ સદ્ગતશ્રીના ધર્મપત્ની દક્ષાબેન શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટમંડળ તથા કારોબારી સમિતિના સભ્યો, સમાજ અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત અનાવરણ વિધિ બાદ સમાજના સાંસ્કૃતિક હોલમાં આયોજિત એક સમારંભમાં પ્રજાસત્તાક દિન પ્રસંગે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવનાર આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ, સદ્ગતશ્રી ધનસુખલાલ મોતીલાલ શાહના સુપુત્ર શ્રી હીરેનભાઈ શાહ, સમાજના દાતા પરિવારના અમેરિકા સ્થિત ડૉ. બીનાબેન શાહ તથા સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત થતા Nano Nine – Sudoku અને શબ્દરમતમાં અપાતી ગીફ્ટનું સૌજન્ય દાખવનાર મુંબઈ સ્થિત શ્રી ભાઈલાલભાઈ હીરજી વોરા વિશે સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે ટૂંક પરિચય આપીને સૌને આવકાર્યા હતા. તે પૈકી ઉપસ્થિત મહાનુભાવોનું ઉચિત સન્માન પણ કરવામાં આવ્યું હતું. સમારંભના અંતે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હસમુખ બી. શાહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૬૯)*

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

# વિવિધ સમાજો દ્વારા સ્વ. હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી, સ્વપ્નદૃષ્ટા તથા યુગપુરુષ હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)નું અમદાવાદમાં તા. ૧૦-૦૧-૨૦૧૯ના રોજ દુ:ખદ અવસાન થતાં, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કેટલીક સામાજિક સંસ્થાઓ તથા સમાજો દ્વારા તા. ૧૩-૦૧-૨૦૧૯ના રોજ સદ્‌ગતશ્રીને તેમની વિવિધ પ્રકારની સેવાઓની વિગત આપીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ અવસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સદ્‌ગતશ્રીને સમાજ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું કે આ સમાજની સ્થાપના કરવા તેમજ તેની ઉત્કૃષ્ટ કામગીરી માટે હીરજીબાપાએ પોતાની જાતને હોમી દીધી હતી. તેઓ આ સંસ્થાના સ્થાપક પ્રમુખ હતા અને તે સમયે સમાજ પરિવારજનોને સંગઠિત કરવા તથા સમાજની સ્થાપના કરવા તેમણે કપરી કામગીરી બજાવી હતી. માત્ર પોતાના કુટુંબના જ નહીં પરંતુ સમગ્ર સમાજના તેઓ એક મુરબ્બી - વડીલ હતા. સમાજ પરિવારજનોની નજીક રહેવા તેઓ સદાય તત્પર રહેતા હતા. સવાર-સાંજ સમાજ પરિવારોના ઘેર જઈને તેમના સુખ-દુ:ખના તેઓ ભાગીદાર બનતા. સમાજના પ્રમુખ તરીકે તેમણે સમાજના લગભગ ૫૦ ટકા પરિવારોની મુલાકાત લીધી હશે. આ સમાજ સિવાય, શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં પણ તેમણે પાયાની ઈંટ સમાન કામગીરી કરી હતી. પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું કે સદ્‌ગતશ્રી આ બંને સંસ્થાઓ સિવાય, અન્ય કેટલીક સામાજિક, ધાર્મિક તથા સાર્વજનિક સંસ્થાઓમાં પણ તેમણે મહત્ત્વની ભૂમિકા બજાવી હતી. તેમણે કરેલા સર્વત્ર સત્કાર્યોની વાત કરવી હોય તો - તેના માટે ખૂબ લાંબો સમય જોઈએ. પ્રમુખશ્રીએ આગળ કહ્યું કે, સામાન્ય રીતે કોઈ વ્યક્તિ કેટલું જીવ્યા એ અગત્યનું નથી પરંતુ કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. હીરજીબાપા આ બાબતમાં પણ અજોડ અને અનોખા રહ્યા હતા. તેમના જીવન પર્યંત કામગીરીઓની અનેક સિદ્ધિઓ છે. અંતમાં પ્રમુખશ્રીએ કહ્યું, તેઓ આ સમાજના એક આધાર સ્તંભ હતા. સદ્‌ગતશ્રીની કારમી વિદાયથી આ સમાજને તેમની ખોટ હંમેશાં સાલશે.

આ પ્રાર્થના સભામાં ટ્રસ્ટી મંડળના શ્રી હસમુખભાઈ ગઢેચાએ પણ પોતાની ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરીને સદ્‌ગતશ્રીની કામગીરીને બિરદાવેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ, શ્રી ભરતભાઈ ઓઝા તેમજ શ્રી અહિંસા મહાસંઘ, ટ્રાન્સપોર્ટ એસોસિએશન, રોટરી ક્લબ - નરોડા, ગીતાબેન રાંભિયા અહિંસા ટ્રસ્ટ તથા શ્રી કચ્છી વીસા ઓસવાળ વગેરે સંસ્થાઓના અગ્રણીઓ તથા હોદ્દેદારો પૈકી સર્વશ્રી ટોકરશીભાઈ, ચંદ્રેશભાઈ લોડાયા, પ્રમોદભાઈ દોશી, બચુભાઈ રાંભિયા વગેરેએ સદ્‌ગતશ્રીની સામાજિક, કચ્છ જિલ્લાના પ્રશ્નો, ધાર્મિક, અહિંસા - જીવદયા વગેરે ક્ષેત્રની લાંબી કામગીરીની નોંધ લઈને એક યુગપુરુષ તરીકે હીરજીબાપાને બિરદાવ્યા હતા. અંતમાં સૌએ પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેમજ તેમના પરિવારજનોને આ તીવ્ર આઘાત જીરવવાની શક્તિ બક્ષે તેવી પ્રાર્થના કરી હતી.

વિવિધ સંસ્થાઓ - સમાજ તરફથી સ્વ. શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ (દેઢિયા)ને ઉપરોક્ત શ્રદ્ધાંજલિ અર્પણ થઈ તે અગાઉ તેમના પરિવારજન દ્વારા આ જ સ્થળે ધાર્મિક ગીત-સંગીતના વાતાવરણ વચ્ચે એક પ્રાર્થના સભાનું આયોજન થયું હતું. જેમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, અગ્રણીઓ, હોદ્દેદારો તથા બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને સદ્‌ગતશ્રીને પોતાની પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

*દુ:ખ અને મુશ્કેલી એ માનવીને શિક્ષણ આપતા બે શ્રેષ્ઠ ગુણ છે.*
*જે માનવી સાહસ સાથે સહન કરે છે, એ જીવનમાં સફળતા મેળવે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

## સ્ટેચ્યુ ઓફ યુનિટી અને દહેજ – ઘોઘા ફેરી બોટની સફર

વયસ્ક સમિતિ તરફથી તા. ૧૫-૦૩-૨૦૧૯ અને તા. ૧૬-૦૩-૨૦૧૯ – બે દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

**● કાર્યક્રમની વિગત ●**

**શુક્રવાર, તા. ૧૫-૦૩-૨૦૧૯**

| | |
|---|---|
| સવારે ૦૮.૦૦ કલાકે | પાલડી ભવનથી પ્રસ્થાન |
| સવારે ૧૧.૩૦ કલાકે | ડભોઇ આગમન અને ભોજન |
| બપોરે ૦૧.૦૦ કલાકે | ડભોઇથી પ્રસ્થાન, કેવડિયા કોલોની ૨.૩૦ વાગે આગમન પ્રતિમાની મુલાકાત, ફલાવર ઑફ વેલી, મ્યુઝિયમ, લેઝર શો, ડેમની મુલાકાત વગેરે. |
| રાત્રે ૦૮.૩૦ કલાકે | પ્રતિમાથી પ્રસ્થાન |
| રાત્રે ૧૧.૦૦ કલાકે | ઝઘડિયા આગમન - રાત્રિ રોકાણ. |

**શનિવાર, તા. ૧૬-૦૩-૨૦૧૯**

| | |
|---|---|
| સવારે ૦૮.૦૦ કલાકે | નવકારશી, પ્રસ્થાન |
| સવારે ૧૦.૦૦ કલાકે | દહેજ આગમન |
| સવારે ૧૧.૦૦ કલાકે | દહેજથી ઘોઘા ફેરી બોટમાં રવાના |
| બપોરે ૨.૩૦ કલાકે | ઘોઘા આગમન - પ્રસ્થાન |
| રાત્રે ૧૨.૦૦ કલાકે | અમદાવાદ પરત. |

વ્યક્તિ દીઠ ચાર્જ રૂા. ૨,૦૦૦/-. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ફેરી બોટનો ચાર્જ સામેલ છે.

આ પ્રવાસમાં **ચૌવિહાર**ની વ્યવસ્થા જાળવી શકાય તેમ નથી. જેથી જે તે વ્યક્તિએ જાતે વ્યવસ્થા કરવી.

કોઈપણ કારણસર દહેજ-ઘોઘા ફેરીબોટનો પ્રવાસ શક્ય નહીં બને તો બીજા દિવસે પાવાગઢ અને આજવામાં બનેલા નવા રિસોર્ટમાં લઈ જવામાં આવશે.

***કાર્યક્રમમાં ફેરફાર સંજોગોને આધીન.***

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# યુવા વિકાસ સમિતિ

## અવકાશ દર્શન કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા ૨૩મી ડિસેમ્બરે મિશન ટુ મૂન અને અવકાશ દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સમાજના ટ્રસ્ટી શ્રી શાંતિલાલભાઈ સાવલાના ચીલોડા સ્થિત ફાર્મ હાઉસ પર યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના દિવસે સાંજના જમવાનું સૌજન્ય પણ શ્રી શાંતિલાલભાઈ સાવલા તરફથી આપવામાં આવ્યું હતું. જે બદલ યુવા વિકાસ સમિતિ તેમનો ખૂબ આભાર માને છે. આ કાર્યક્રમમાં ધનરાજભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા ટેલિસ્કોપની મદદથી વિવિધ તારાઓ વિશે જાણકારી સારી રીતે આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્પેશિયલ પ્લેનેટોરિયમ બનાવી તેની અંદર અવકાશના ગ્રહોની જાણકારી ફિલ્મના માધ્યમથી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જોડાયેલા સભ્યોએ જાણકારી સાથે ફાર્મ હાઉસ પર ખૂબ મજા માણી હતી.

## નવા વર્ષની ઉજવણીનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા ૩૧ ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમની થીમ હેલોવિન રાખવામાં આવેલ હતી. સમાજના ૨૫૦ સભ્યોએ આ થીમ સાથે ઉમંગભેર ભાગ લીધો હતો. ડેકોરેશન ટીમ દ્વારા છેલ્લા ૧ મહિનાથી આ થીમ પર વસ્તુઓ બનાવવાની શરૂઆત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ડેકોરેશન ટીમે કરોળિયાના જાળા, કૂવો, હાડપિંજર, કંદીલ, બ્લડ શોપ, કબર, મમ્મી, ચામાચીડિયા, પમ્પકીન, સેલ્ફી બોર્ડ, કબ્રસ્તાન, ઘુવડ અને ભુતના આકર્ષક ડ્રેસીસ બનાવ્યા હતા. આ ઉપરાંત આ થીમમાં ભાગ લેનાર બધી વ્યક્તિઓના મોઢા પર ભૂત થીમના પેઈન્ટિંગ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન વગાડવામાં આવેલ હતું. અંતમાં યુવા વિકાસ સમિતિએ ડેકોરેશન ટીમનો ખૂબ આભાર માન્યો હતો. જેમાં ચાર્મિ દેઢિયા, ધનરાજ દેઢિયા, ઈશીતા મારુ, નીલય ગડા, વંદના ગડા, પારૂલ કુબડિયા, અમી શાહ, દેવાંશી શાહ, પ્રિયાંશુ શાહ, ઈલા છાવડા, મનીષ છાવડા, જય છાવડા, બીનોય ગોગરી, જૈનમ શાહ, આશિષ લોડાયા, ગુંજલ લોડાયા, જયદીપ મૈશેરી, નેહલ મૈશેરી, અજેશ મુનવર, રીચા મુનવર અને નકુલ મેપાણી હતા.

***ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

**• આગામી કાર્યક્રમ •**

## ઓર્ગેનિક ફાર્મ્સ (સજીવ ખેતરો)ની મુલાકાત કમ પિકનિક સ્વાસ્થ્ય માટે જાગૃત બહેનો માટે ખાસ...

આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ કેન્સર જેવી જીવલેણ બીમારીઓ દિવસે દિવસે વધતી જાય છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આના મુખ્ય કારણોમાંનું એક છે, અનાજ - ફળો - શાકભાજીની ખેતીમાં વપરાતી જંતુનાશક દવાઓનો વધારે પડતો ઉપયોગ. આ જંતુનાશક દવાઓ પાણીમાં ઓગળી જતી નથી માટે આપણી કિડની આ ઝેરને મળમૂત્ર વાટે બહાર ફેંકી શકતી નથી અને શરીરમાં ગંભીર આડઅસરો પેદા કરે છે. *ટૂંકમાં, ઘરે બનાવેલી - રાંધેલી તાજી રસોઈ ખાવા છતાં આપણે જીવલેણ રોગોનો ભોગ બની શકીએ છીએ.*

*આનો વિકલ્પ શું?*

આ ભયાનક વાસ્તવિક્તામાંથી બચવા કેટલાક જાગૃત ખેડૂતોએ જંતુનાશક દવા વિનાની ખેતી શરૂ કરી છે — જેને સજીવ (ઓર્ગેનિક) ખેતી કહે છે.

- ☞ *આ સજીવખેતી શું છે?*
- ☞ *કેવી રીતે કરવામાં આવે છે?*
- ☞ *શેની કરવામાં આવે છે?*
- ☞ *જંતુનાશક દવાઓ કેટલું મોટું નુકસાન કરે છે?*
- ☞ *આ અનાજ - શાક - ફળો કેવા હોય?*

*વગેરેની વિસ્તૃત - સરળ જાણકારી નિષ્ણાત દ્વારા સ્થળ પર અપાશે.*

***So, please don't miss it....***

*કાર્યક્રમ* : ઓર્ગેનિક ફાર્મ્સની મુલાકાત કમ પિકનિક

*હેતુ* : સજીવ (ઓર્ગેનિક) ખેત પેદાશો વિશે નિષ્ણાત દ્વારા બહેનોને પ્રેક્ટિકલી માહિતગાર કરવા.

*તારીખ* : મંગળવાર, તા. ૨૬-૦૨-૨૦૧૯

*સમય* : સવારે ૧૦.૪૫ થી સાંજના ૭.૦૦

*પિકનિક સ્થળ* : અચલ પટેલ બાયોફાર્મ અને કનિકા ઓર્ગેનિક ફાર્મ્સ, ખેડા જિલ્લો.

*રજિસ્ટ્રેશન ફી* : રૂા. ૨૦૦/- ફક્ત

*રજિસ્ટ્રેશનનું સ્થળ:* શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

*રજીસ્ટ્રેશન ક્યાં સુધી? :* બસ ફુલ થઈ જાય ત્યાં સુધી.

*બસ ઉપડવાનું સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

**તો ચાલો...**

*આ સજીવ ખેતીની જાગૃતિ અભિયાનમાં જોડાઈએ અને મનોરંજનની સાથે ફાર્મ ઉપર વિવિધ ગેમ્સનો આનંદ પણ લઈએ.*

- **ખાસ નોંધ :**

૧. અમને જણાવતા આનંદ થાય છે કે નજીકના ભવિષ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ભરોસાપાત્ર સજીવ ખેતપેદાશો (અનાજ)ના વિતરણનું આયોજન કરી રહ્યું છે. જેની વિગતવાર માહિતી અન્યત્ર છપાયેલ છે.

૨. બહેનોને સમયસર આવવા વિનંતી.

૩. પાણીની બોટલ સાથે લાવવા વિનંતી.

૪. ટોકન ફી : રૂા. ૨૦૦/- જેમાં Lunch + High Tea અને આવવા-જવાનું ભાડું નો સમાવેશ થાય છે.

૫. ઓર્ગેનિક અનાજ બહુ જ મોંઘું છે, આપણને ના પોષાય — એ માન્યતા ઉપર પણ સમજણ આપવામાં આવશે.

***સુલુબેન શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

# હેરિટેજ સિટી - અમદાવાદ

અમદાવાદ એક સમયે કાપડની મિલોના લીધે ભારતનું માન્ચેસ્ટર ગણાતું હતું. પછી મેગા સિટી અને સ્માર્ટ સિટી બન્યું. ગયા વર્ષે જુલાઈમાં યુનેસ્કો (યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન)એ અમદાવાદને ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનું પ્રતિષ્ઠિત બિરૂદ આપ્યું.

અહીં સોલંકી અને સલ્તનત કાળમાં બનેલા અનેક મંદિર, દેરાસર, મસ્જિદ, સરખેજ રોજા, સીદી સૈયદની જાળી, ઝુલતા મિનારા, વાવ વગેરે પ્રચલિત ઉત્કૃષ્ટ સ્થાપત્યો છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ૧૪ મસ્જિદ, આઠ દરવાજા, બે ઘુમ્મટ, ભદ્ર ટાવર, ત્રણ દરવાજા અને રાણીનો હજીરો — એમ ૨૭ રક્ષિત સ્મારક (પ્રોટેક્ટેડ મોન્યુમેન્ટ્સ)ની જાળવણી થાય છે.

અહીં કુલ ૫૪ રક્ષિત સ્મારક છે. કોટ વિસ્તારમાં ૫૮૫ જેટલી પોળ છે, જે સ્થાપત્ય - સમાજ જીવનના અભ્યાસુ માટે સંશોધનનો વિષય ગણાય છે.

પ્રાચીન કથા મુજબ કૂતરા પર સસલાએ ચઢાઇ કર્યાનું જોઇને બાદશાહ અહેમદશાહે ગર્વિલી ભૂમિ પર અમદાવાદ વસાવ્યું હતું.

## આવો, કેન્સરથી બચીએ...

પંજાબના ભટીંડા રેલવે સ્ટેશન પરથી રોજ રાતે ૯ વાગે એક ટ્રેન ઉપડી, સવારે ૬ વાગે ૩૨૫ કિ.મી. દૂર બીકાનેર પહોંચે છે. ૧૪ ડબ્બાની આ ભરચક ટ્રેનના ૯૦% પ્રવાસીઓનો મુકામ હોય છે બીકાનેરની "જૈનાચાર્ય તુલસી રિજિઅનલ કેન્સર હોસ્પિટલ." ટ્રેનમાંથી ઉતરનારા દર્દી અને તેની સાથેના પ્રવાસીઓ સીધા જ હોસ્પિટલ પહોંચે છે. તેના કારણે આ ટ્રેનનું નામ જ **"કેન્સર એક્સપ્રેસ"** પડી ગયું છે.

આ ટ્રેનના ૬૦% મુસાફરો અન્નનળી - ફેફસા - પેન્ક્રિયાસ - મૂત્રપિંડ કે આંતરડાના કેન્સરથી પીડાતા હોય છે. જેના માટે આખો દેશ ગર્વ લે છે તે પંજાબની હરિયાળી ક્રાંતિની આ લોહિયાળ આડપેદાશ છે જેનું કારણ છે વધુને વધુ ઉત્પાદન મેળવવાની લ્હાયમાં આડેધડ અને ભરપૂર પ્રમાણમાં વપરાતી પેસ્ટીસાઇડ્સ એટલે કે જંતુનાશક દવા.

કમનસીબે ગુજરાતમાં પણ જમીનના મૂળ માલિક ખેતી કરતા નથી પણ તેના ભાગીયા કરે છે. તેમણે જમીનની સંભાળ લેવાના બદલે વધુને વધુ ઉત્પાદન મેળવવા જંતુનાશક દવાઓનો બહોળો ઉપયોગ શરૂ કર્યો છે. આપણે દરેક ભારતીય આપણી ભોજનની થાળીમાં બે માઇક્રોગ્રામ પેસ્ટીસાઇડ્સ લઈએ છીએ તેનું કારણ ૧૯૫૫માં ભારતમાં ૨૦૦૦ ટન પેસ્ટીસાઇડ્સ વપરાયું હતું તે ૨૦૧૭માં વધીને ૨,૧૪,૦૦૦ ટન નહીં પણ મેટ્રિક ટન.

### *તો હવે આનો વિકલ્પ શું?*

કેન્સરથી બચવા આપણે નોન પેસ્ટીસાઇડ અનાજ, શાકભાજી અને ફળ વાપરવા જોઈએ. કદાચ કિંમતની દૃષ્ટિએ મોંઘી લાગતી આ વસ્તુઓ કેન્સરની સારવાર કરતાં હજાર ગણી સસ્તી પડશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજના પરિવારોને માત્ર છાણ અને ગૌમૂત્રથી પકવતા અનાજ - શાકભાજી અને ફળો ઉપલબ્ધ કરાવવા માટે એક નમ્ર પ્રયાસ કરી રહ્યું છે. તે માટે કચ્છના ૩૦૦ જેટલા ખેડૂતો સાથે વાટાઘાટો ચાલુ છે જે આપણા કચ્છની ધરતી પર જ આ ઉગાડે છે.

આવા ખેતરોની મુલાકાત ગોઠવવાનું પણ આયોજન કરીએ છીએ તો કેન્સર અને અન્ય જટીલ રોગોથી બચવા માટેના આ અમારા અભિયાનમાં જોડાવવા આપને આગ્રહ છે. તે માટે સંપર્ક કરશો :

*રજનીકાંત પારેખ : મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧*
*હીરેન કે. શાહ : મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*
*સુલુબેન શાહ : ફોન : (૦૭૯) ૨૬૬૦૭૯૯૦*
*નરેન્દ્ર કોઠારી : મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫*

આ અભિયાન હેઠળ મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી આવા સજીવ ખેતર જોવા અને ખેડૂતોને મળવા માટેનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તેની વિગત પાના નંબર : ૬૫ ઉપર આપવામાં આવેલ છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સમિતિ

### આંખના પડદાની તપાસ માટે રેટેનોપથી કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું

તા. ૨૨-૧-૨૦૧૯ના રોજ ડાયાબિટીસના દર્દીઓ માટે આંખના પડદાની તપાસ માટેનો ફ્રી ડાયાબિટીસ રેટેનોપથી કેમ્પ બપોરે ૧૨ થી ૨ દરમિયાન યોજવામાં આવ્યો હતો. તેમાં કુલ ૩૩ દર્દીઓએ લાભ લીધો હતો. રેટીના સ્પેશિયાલિસ્ટ ડૉ. હાર્દ શાહ અને પૂર્વ પટવારીએ સેવા આપેલ હતી. તેમાં ૮ દર્દીઓને પડદાની તકલીફ જણાઇ હતી. તેમને ફરી Follow up માટે મેડિકલ સેન્ટરનો સંપર્ક કરવા જણાવાયું હતું. ત્રણ દર્દીને વધારે તકલીફ હોવાથી ન્યુરોસર્જન તથા અન્ય વિભાગમાં Refer કરવામાં આવ્યા હતા. મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલાએ આ કેમ્પમાં હાજરી આપી માર્ગદર્શન આપ્યું હતું.

### મેડિકલ સેન્ટર સ્ટાફ માટે વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

તા. ૨૦-૧-૨૦૧૯ને રવિવારના રોજ મેડિકલ સેન્ટર તથા ડાયાલિસિસ સેન્ટરના સ્ટાફ માટે Soft skill training ની એક વર્કશોપ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટ હોલમાં સવારે ૯.૦૦થી સાંજના ૫.૩૦ દરમિયાન યોજવામાં આવેલ હતી. કુલ ૪૦ સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા. શ્રી દીપક મકવાણાએ ગમ્મત સાથે જ્ઞાન ખૂબ સરસ રીતે આપેલ હતું. ઓડિયો વિઝ્યુઅલ અને લેક્ચર તથા પ્રશ્નોત્તરી મારફત ટેલિફોન મેનર્સ, દર્દીઓ સાથે કેવી રીતે વાત કરવી, તમારા પર્સનલ જીવનમાં પણ શું કરવું જોઈએ, ટીમવર્ક, પોતાના કામ ઉપરાંત વધારાનું કામ વગેરેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તો બ્રાન્ડ બનેલી છે પણ સ્ટાફની પોતાની બ્રાન્ડ પણ બનાવેલી હોવી જોઈએ. દરેક સ્ટાફને તેમનું ધ્યેય બનાવી એના માટે આગળ કેવી રીતે વધવું તે ખૂબ સરસ રીતે સમજાવેલ.

પ્રોગ્રામની શરૂઆત કરતા પહેલા મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલા અને મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે તેમનું સ્વાગત કરેલ.

પ્રોગ્રામના અંતે શ્રી અશ્વિન સાવલાએ મેડિકલ સેન્ટર અને તબીબી સેવા સમિતિ વતી શ્રી દીપક મકવાણાનો આભાર માન્યો હતો.

***મેડિકલ સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## બાળ કલ્યાણ સમિતિ

### બાલ સમૃધ્ધિ યોજના હેઠળ સંબંધિત બાળકોને મળવાપાત્ર રકમ અંગે જાણકારી

સમિતિ દ્વારા બાલ સમૃદ્ધિ યોજના હેઠળ આજથી ૧૮ વર્ષ પહેલાં જન્મેલા બાળકોના નામે સમાજ તરફથી રકમનું રોકાણ UTI અને HDFC મ્યુ.ફંડમાં કરવામાં આવ્યું હતું.

આ રોકાણોને ૧૮ વર્ષ પૂરા થયા છે. તેઓના નામ નીચે મુજબ છે. તેઓએ પોતાના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ (મ્યુચ્યુઅલ ફંડ તરફથી મળેલા) સાથે તરત સમાજનો સંપર્ક કરવો. જેથી પાકતી રકમ તેઓને મળી શકે.

વયસ્ક થયેલા જે બાળકનું ખાતું બેંકમાં ન હોય, તેના વાલીઓએ તરત ખાતું ખોલાવી લેવું. રકમ વયસ્ક થયેલા બાળકના નામે જ મળશે, જેની સંપૂર્ણ વિગત આપવાની રહેશે.

*કન્વીનર - બાળ કલ્યાણ સમિતિ*

### UTIમાં મળવાપાત્ર રકમ ૩૦૦૦/-વાળા સંબંધિત બાળકોના નામની યાદી

૧. પાર્થ સંદીપ તારાચંદ હેમરાજ મોતા
૨. મોનીલ રાકેશ દામજી પ્રેમજી નીસર
૩. પારસ ચંદુલાલ રવજી વોરા
૪. સૌરીન હસમુખ અમૃતલાલ છગનલાલ કોરડિયા
૫. મીત જીગર પ્રફુલ્લચંદ્ર સંઘવી
૬. પીન્ટુ સેવંતીકુમાર રવજી અદેસંગ વોરા
૭. જિત મનીષ ચમનલાલ ટોકરશી લોડાયા
૮. મેઘ હેમેન્દ્ર ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા
૯. દેવાંગ વર્ધમાન દેવજી છેડા
૧૦. ઋતુલ ધીરજકુમાર મણિલાલ શાહ
૧૧. ભવ્ય નીરવ રમણિકલાલ શેઠ

### રૂા. ૫,૦૦૦/-વાળા

૧. અદિતિ દેવાંગ બાબુલાલ ગાંધી
૨. હર્ષિલ નિખિલ નવીનચંદ્ર શાહ
૩. જય સંજય મનુભાઈ ભવાનજી શાહ
૪. કેશ્વી કિરીટ પ્રેમજી નંદુ
૫. જયણા હરેશ હીરાલાલ કુબડિયા
૬. કોમલ રાજેશ ગોવિંદજી છેડા
૭. નિશાંત વિનયકુમાર સ્વરૂપચંદ શાહ
૮. મિન્ક (સ્તુતિ) જયસુખ જયંતીલાલ વોરા
૯. ધ્રુવા નીતિન ભોગીલાલ શાહ
૧૦. રાજવી ચંદ્રકાંત વિશનજી રાંભિયા
૧૧. હેત કમલેશ નલિનભાઈ સાવલા
૧૨. દીપ ભરત કાંતિલાલ શાહ
૧૩. વિધિ જીગર પ્રફુલ્લચંદ્ર સંઘવી
૧૪. તીર્થ મૈત્રી અનિસ અરવિંદ કોઠારી
૧૫. દેવમ રસિકલાલ રવજી વોરા
૧૬. કુણાલ નૈમેશ નરેન્દ્ર રતિલાલ શાહ
૧૭. સલોની શૈલેન વિજયસેન શાહ
૧૮. રૂતાંશુ હિતેશ ધીરજલાલ સંઘવી
૧૯. પારસ જયેશ ઠાકરશી લોડાયા
૨૦. યશ અજય નાનજી રાંભિયા
૨૧. ચૈત્ય અંકુર કાંતિલાલ ભણશાલી.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્ટાફ પિકનિક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણેય ભવનો તથા મેડિકલ સેન્ટરના લગભગ ૬૦ કર્મચારીઓનો એક પ્રવાસ તા. ૨૬-૧-૨૦૧૯ તથા તા. ૨૭-૧-૨૦૧૯ દરમિયાન કચ્છ દર્શન માટે ગયેલ. જેમાં કચ્છમાં ભદ્રેશ્વર તીર્થ, માંડવી બીચ, મુંદ્રા પોર્ટ, સફેદ રણ, અહિંસા ધામ (પ્રાગપર), ભુજ જેવા અદ્‌ભુત સ્થળોની મુલાકાત લઈ આનંદ માણવામાં આવેલ. જેમાં ખાસ કરીને સફેદ રણનો અદ્‌ભુત નજારો સૌને મોહિત કરી દે તેવો હતો તથા તેમાં ઊંટ સવારીની મજા માણવાનો આનંદ પણ મેળવેલ હતો. સમગ્ર પ્રવાસ ખૂબ જ આનંદમય અને ઉલ્લાસભર્યો રહેવા પામેલ હતો. અહિંસાધામ (પ્રાગપર)નું આયોજન, પશુધન તથા ત્યાંની સેવા અનુમોદનીય હતી.

ઉપરોક્ત પ્રવાસ નિમિત્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. જેમનો સર્વે કર્મચારી ગણ ખૂબ જ આભાર માને છે.

# ઊડતી નજરે....

**માસ ડિસેમ્બર-૨૦૧૮ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૨,૨૮૮** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૬૭૫** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૩૯** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૨૦** | |
| | ● | સોનોગ્રાફી ........ **૧,૨૪૯** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૩૬** | |
| | ● | બોડી ચેક-અપ ........ **૪૧૨** | |
| | ● | અન્ય ........ **૯,૮૫૭** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૯૦૧** | **૯૦૧** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૨,૮૮૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૪૯૫** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૪૯** | **૩,૮૨૪** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૫૦૦** | **૫૦૦** |
| | | *માસ ડિસેમ્બર-૨૦૧૮ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ.* | **૧૭,૫૪૩** |

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂ.૧૦/- | ૫. વૉકર | રૂ. ૨/- | ૯. બેડ પાન | રૂ. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂ. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂ. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂ.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂ. ૫/- | ૭. કમોડ ચેર | રૂ. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂ. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂ. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂ. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂ.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૦મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કાર્યક્રમની તસવીરી ઝલક • શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯



ધ્વજવંદન માટે પધારતા અતિથિ વિશેષ શ્રી મુકુલભાઈ શેઠ



રાષ્ટ્રધ્વજને સલામી આપતા સંસ્થાના પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષ



રાષ્ટ્રધ્વજ ફરકાવતા
અતિથિ વિશેષ
શ્રી મુકુલભાઈ શેઠ



રાષ્ટ્રધ્વજને સલામી આપતા સંસ્થાના મહાનુભાવો.



રાષ્ટ્રધ્વજને સલામી આપતું મહિલાવૃંદ.



ઓપરેશન થિયેટર વિભાગની તક્તીનું અનાવરણ કરતા
પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહ પરિવાર



અતિથિ વિશેષ શ્રી મુકુલભાઈ શેઠનું બહુમાન કરતા
સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ



પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહના સુપુત્ર શ્રી હીરેન શાહનું
બહુમાન કરતા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુરજી સાવલા



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Meerut
Delhi
Ghaziabad
Noida
Bikaner
Gurgaon
Aligarh
Faridabad
Jaipur
Uttar Pradesh
Rajasthan
Lucknow
Kanpur
Jodhpur
Ajmer
Udaipur
Kota
Allahabad
Varanasi
Siliguri
Guwahati
Assam
Patna
Bihar
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Vadodara
Ankleshwar
Surat
Vapi
Madhya Pradesh
Ujjain
Bhopal
Jabalpur
Indore
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Amravati
Nagpur
Nashik
Maharashtra
Cuttack
Odisha
Vasai
Bhiwandi
Aurangabad
Mumbai
Pune
Telangana
Warangal
Sangli
Solapur
Kolhapur
Hyderabad
Visakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Belgaum
Hubli
Guntur
Goa
Karnataka
Andhra Pradesh
Mangalore
Nellore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Coimbatore
Erode
Kerala
Tiruppur
Madurai
Thrissur
Kochi
Tamil Nadu
Kollam
V-TRANS
TOOL BOX
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
• VT/VX ની ૬૫૦+ શાખાઓ
• ISO 9001:2015 પ્રમાણિત કંપની
• Robust Systems & Processes પર કાર્યરત
• Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
• બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
• ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
• ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
• Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
• રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
• વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

**નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી**

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre

Shree Orthocare Strength in Togetherness

SAL HOSPITAL Healthcare With Human Touch

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

